સરસ્વતી વિદ્યામંડળ
સ્થાપના : ૧૯૪૪

આપણા કૌટુંબિક જીવનની માવજત કરી
આપણાં સંસ્કૃતિ અને સંસ્કારને વ્યક્તિ ઘડતર દ્વારા
સમૃદ્ધ કરવાની ઝંખના સેવતું માસિક...

છૂટક કિંમત : રૂ. ૨૦/-● વાર્ષિક લવાજમઃ રૂ. ૧૫૦/-
PUBLICATION : 2ND DATE OF MONTH

# ઘરશાળા

વર્ષ : ૪૧ | સળંગ અંક : ૫૦૧ | અંક : ૧૧ | ફેબ્રુઆરી - ૨૦૧૯




## રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ

# શ્રીમતી જશીબેન નાયક શિક્ષણ સંકુલ નામકરણ સમારોહ



# ઘરશાળા


**ફેબ્રુઆરી - ૨૦૧૯**

**વર્ષ : ૪૧ સળંગ અંક : ૫૦૧**



સ્થાપક તંત્રીઓ : **હરભાઈ ત્રિવેદી**
**રઘુભાઈ નાયક**

તંત્રીઓ : **જશીબહેન નાયક**
**જ્યોતીન્દ્રભાઈ દવે**
**સજુભા ઝાલા**

પરામર્શ : **મૃદુલાબહેન ત્રિવેદી**
**અમીતાબહેન પાલખીવાલા**
**અશોકભાઈ સોમપુરા**
**હેતલબહેન શાસ્ત્રી**

લે-આઉટ - ડિઝાઈન : **મનીષ પટેલ**

**આ માસિકમાં પ્રગટ થતા અભિપ્રાયો સાથે તંત્રી મંડળની સહમતી ના પણ હોઈ શકે. લેખ, લવાજમ, અંક ન મળવાની ફરિયાદ, કેળવણી વિષયક સમાચાર વગેરે કાર્યાલયના સરનામે મોકલવા વિનંતી છે. છપાનાર સામગ્રી પાછી મેળવવા જરૂરી પોસ્ટલ ટિકિટો મોકલવી.**

**શિક્ષણ-કેળવણી, બાળઉછેર, કૌટુંબિક જીવન, શિક્ષક-શિષ્યના સંબંધો, પ્રયોગાત્મક અહેવાલ, બાળ માનસશાસ્ત્ર આધારિત લેખો આવકાર્ય છે.**

**"ઘરશાળા" માસિકના એજન્ટ થવા ઈચ્છનારે કાર્યાલય સાથે પત્ર વ્યવહાર કરવો.**

**પત્ર વ્યવહારમાં ગ્રાહક નંબર અચૂક લખવો. સરનામામાં ફેરફાર થાય તો કાર્યાલયને તુરંત જાણ કરવી.**

| લવાજમ : | ભારત | પરદેશ | |
|---|---|---|---|
| વાર્ષિક : | ૧૫૦/- | ૪૦ $ | ૨૫ ¤ |
| આજીવન (૨૦ વર્ષ) | ૨,૦૦૦/- | ૨૦૦ $ | ૧૦૦ ¤ |



**કાર્યાલય :**
**'ઘરશાળા' શૈક્ષણિક માસિક**
**સરસ્વતી વિદ્યામંડળ**
**ડો. રઘુભાઈ નાયક શિક્ષણ સંકુલ,**
**સરસપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૮.**
**ફોન : ૨૨૯૨૦૫૩૭, ૨૨૯૨૫૫૭૦**
Email : gharashala@saraswatividyamandal.org
website : saraswatividyamandal.org


## અનુક્રમ


મારી શૈક્ષણિક વિભાવનાઓ — ડૉ. મોહનભાઈ પંચાલ / ૪
સંપાદકીય — જ્યોતીન્દ્રભાઈ દવે / ૫
'શ્રીમતી જશીબહેન નાયક શિક્ષણ સંકુલ' નામકરણ અને સન્માન સમારોહ /૬
સ્મરણયાત્રા — જશીબહેન નાયક / ૮
સરસ્વતી વિદ્યામંડળ : "યહ કહાની હૈ દિયે કી ઔર તૂફાન કી" — અમીતાબહેન પાલખીવાલા / ૧૧
રસરાજ રસખાન — હીરજીભાઈ નાકરાણી / ૧૭
સારસ્વતોની હૂંફે મરણતોલ ગુજરાતી ભાષા કેટલું જીવશે ? — ડૉ. નાનક ભટ્ટ - શિશુવિહાર / ૨૪
સૃષ્ટિના સર્જનહારની ભૂલ — હરિત પંડ્યા / ૨૫
આજીવન તંદુરસ્તી માટે જીવનમાં કસરતને મહત્ત્વ આપો — પ્રા-ગિરીશકુમાર ઈશ્વરભાઈ પટેલ / ૨૭
ભાર વગરનું ભણતર — રમેશ શાહ / ૨૯
સદ્‌સાહિત્યના સથવારે : શિશુવિહાર — પ્રા. પ્રવીણચંદ્ર ઠક્કર / ૩૦
સફળતા માટેનું ત્રિકોણ — જીતુ નાયક / ૩૨
નમામિ સર્વદે - અસારવા વિદ્યાલય — ચંદ્રવદન સનતકુમાર વ્યાસ / ૩૪
'ક' કાવાદાવાનો 'ક' — રમેશ કોઠારી / ૩૫
બિહારને કેવી રીતે બદલી શકાય ? — કમલેશભાઈ પટેલ / ૩૬
વિદ્યાર્થી આલમ : પ્રખ્યાત કાર્ટૂનિસ્ટ વૉલ્ટ ડિઝની — જાદવ મિતાલી / ૩૮
પ્રતિભાવ / ૪૦
શિક્ષણ સમાચાર — અશોક સોમપુરા / ૪૧



# "ઘરશાળા"

# શૈક્ષણિક માસિક

**લેખક જોગ - વાચકો જોગ**

**માહિતી મોકલવા માટે ઈ-મેઈલ**

**gharashala@saraswatividyamandal.org**

**વાંચવા માટે**

**www.saraswatividyamandal.org/publication**

# મારી શૈક્ષણિક વિભાવનાઓ

**ડૉ. મોહનભાઈ પંચાલ**

મંથન, ૪૦, જનવિશ્રામ સોસાયટી, સહજાનંદ કૉલેજ પાછળ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫.

## અધ્યયનનો પાયો : પ્રત્યક્ષ અનુભવ

જેમ ધર્મનાં અનેક પુસ્તક વાંચીને કે તે અંગેના વિવિધ વ્યાખ્યાનો સાંભળીને પણ વ્યક્તિ ધાર્મિક બની શકતી નથી, તેમ શિક્ષક દ્વારા ભણાવાતા ઘણા બધા પાઠો અને વંચાવાતાં પાઠ્યપુસ્તકો થકી પણ વિદ્યાર્થીઓ જ્ઞાની બની શકતા નથી.

જ્ઞાન અને કૌશલ્ય પ્રાપ્ત કરવા માટે શિક્ષક દ્વારા અપાતો બોધ, સમજણ કે બતાવવામાં આવતી અવનવી પદ્ધતિઓ મહદ્અંશે નાકામિયાબ નીવડે છે. શ્યામફલક ઉપર સુન્દર અક્ષરે ગણિતનો દાખલો જોઈને વિદ્યાર્થીને દાખલા ગણવાની રીત આવડતી નથી કે પછી ચિત્રશિક્ષક દ્વારા દોરાતા ચિત્રનું નિરીક્ષણ કરવાથી બાળકને ચિત્ર દોરતાં આવડતું નથી કે વ્યાકરણના નિયમો અને વ્યાખ્યાઓ યાદ રાખવાથી ભાષાજ્ઞાન કે કૌશલ્ય વિકસાવી શકાતું નથી અને સાઇકલ ચલાવવા માટેનાં સૂચનોવાળા વ્યાખ્યાનો સાંભળવાથી કોઈ સાઇકલ ચલાવી શકતું નથી.

આ બધું શીખવા ને કૌશલ્ય કેળવવા માટે તો વ્યક્તિએ સ્વયં પોતાની નોટમાં દાખલો ગણવો પડે; ડ્રૉઈંગ પેપર ઉપર પેન્સિલ વડે ચિત્ર દોરવું પડે; ભાષા સાંભળવી, બોલવી, વાંચવી અને લખવી પડે તથા સાઈકલ બે હાથે પકડી, પેડલ પર પગ મૂકી, છલાંગ મારી સીટ પર ગોઠવાઈને પગે પેડલ મારવાની અને હાથથી હેન્ડલ નિયંત્રિત કરવાની પ્રેક્ટિસ કરવી પડે. આ પ્રક્રિયાને શિક્ષણની પરિભાષામાં પ્રત્યક્ષ અનુભવ કહેવામાં આવે છે.

અધ્યયન અને અધ્યાપન બંને પ્રક્રિયાઓમાં પ્રત્યક્ષ અનુભવોનું વિશેષ મહત્ત્વ રહેલું છે. પ્રત્યક્ષ અનુભવમાં વ્યક્તિના હાથપગ, મસ્તિષ્ક, મન અને આત્મા, ચારેયનો સમન્વય સધાય છે, જેની છાપ અને લબ્ધિ ચિરંજીવી બની જાય છે. આમ, અધ્યયનના પાયામાં પ્રત્યક્ષ અનુભવ પડેલ છે.


# સંપાદકીય

**જ્યોતીન્દ્રભાઈ દવે**

## રાષ્ટ્રીય વિજ્ઞાન દિને એક ચિંતન

આ છબી પર **વિખ્યાત ખગોળશાસ્ત્રી કાર્લ-સાગાન**નો પ્રતિભાવ: ઝાંખા વાદળી રંગનું ટપકું

જુઓ આ ટપકું. આ ટપકું જ આપણું ઘર છે. આપણે એ ટપકું જ છીએ. આ ટપકા પર જ તમારા તમામ પ્રિયજન, તે તમામ વ્યક્તિ જેમને તમે ઓળખો છો, જેમના વિષે તમે સાંભળ્યું છે, અત્યાર સુધીના દરેક માનવે પોતાનું જીવન વ્યતીત કર્યું છે. આપણા સમગ્ર આનંદ તથા પીડા, આપણા હજારો ધર્મ, વિચારસરણી તથા અર્થશાસ્ત્રના સિદ્ધાંત, માનવજાતનો દરેક આદિ માનવ, દરેક નાયક તથા ખલનાયક, માનવ સંસ્કૃતિનો દરેક સર્જક, સંસ્કૃતિનો દરેક વિધ્વંસક, દરેક રાજવી તથા રંક, દરેક પ્રેમી યુગલ, દરેક માતા, દરેક પિતા, દરેક આશાભર્યું બાળક, દરેક શોધક તથા સંશોધક, દરેક સમાજ-સુધારક, દરેક ભ્રષ્ટ રાજકારણી, દરેક સર્વોચ્ચ નાયક અને સર્વોચ્ચ નેતા, દરેક સંત, દરેક પાપી-જન, તેઓ સૌ સૂર્ય-પ્રકાશમાં નિલંબિત ધૂળના આ નાનાશાં કણ પર જીવી ગયા.



સન ૧૯૯૦માં નાસાના વોયેજર-૧ યાને ૬૦૦ કરોડ કિલોમીટર દૂરથી લીધેલી પૃથ્વીની છબી.

પ્રકાશનું આ ઝાંખુ-શું બિંદુ આપણા ડોળ-દંભને, આપણા કાલ્પનિક આત્મ-મહત્ત્વને, વિશ્વમાં પોતાના વિશિષ્ટ સ્થાન વિષે આપણી ભ્રમણાને પડકારે છે. આપણો ગ્રહ, બ્રહ્માંડના ગાઢ અંધકારમાં, એક એકલવાયું ધાબું માત્ર છે. બ્રહ્માંડની વિશાળતામાં, આપણી પોતાની પ્રચ્છન્નતામાં, આપણને આપણા પોતાનાથી બચાવવા બહારથી મદદ આવે તેવા કોઈ ચિહ્ન દેખાતા નથી.

કહે છે કે ખગોળશાસ્ત્ર ચારિત્ર-ઘડતરનો, ખગોળશાસ્ત્રીને વિનમ્ર બનાવતો અનુભવ છે. કદાચ માનવ જાતના ઘમંડની મૂર્ખતાનું આ છબીથી વધુ સારું કોઈ ઉદાહરણ ન હોઈ શકે. મારા મત મુજબ આ છબી આપણને હળીમળીને એક સાથે રહેવાની તથા આ ઝાંખા વાદળી ટપકાનું, જે આપણું એકમાત્ર ઘર છે તેનું મમતા પૂર્વક જતન કરવાની જવાબદારીનું ભાન કરાવે છે.

**સંકલન : રાજેન્દ્રભાઈ દવે**

# 'શ્રીમતી જશીબહેન નાયક શિક્ષણ સંકુલ' નામકરણ અને સન્માન સમારોહ




સરસ્વતી વિદ્યામંડળના વડીલ, અસારવા વિદ્યાલયના પ્રથમ આચાર્ય અને વિદ્યામંડળના પ્રમુખ મુ.શ્રી જશીબહેન નાયકની જન્મ શતાબ્દી નિમિત્તે અને સરસ્વતી વિદ્યામંડળ ૭૫ વર્ષમાં પ્રવેશે છે ત્યારે અમૃતપર્વની પૂર્વ સંધ્યાએ તા. ૧૦-૧-૨૦૧૯ના રોજ અસારવા શાંતિકુમાર કોઠારી વિદ્યાલય (બાલભારતી)ના પટાંગણમાં ગૌરવશાળી કાર્યક્રમ યોજાઈ ગયો.

કાર્યક્રમના મુખ્ય મહેમાન ગુજરાત રાજ્યના પૂર્વ શિક્ષણમંત્રી, મુખ્યમંત્રી અને હાલ મધ્યપ્રદેશના રાજ્યપાલ માનનીય શ્રી આનંદીબહેન પટેલ હતા. અતિથિ વિશેષ તરીકે આઈ.આઈ.ટી. ગાંધીનગરના ડાયરેક્ટર શ્રી સુધીર જૈન હતા.

આ ઐતિહાસિક પ્રસંગે કાર્યક્રમની શરૂઆત 'એક નયા ઈતિહાસ રચે હમ'ના પ્રેરણાગીતથી કરવામાં આવી હતી. વિદ્યામંડળના સંચાલન સમિતિના સભ્યશ્રી પ્રશાંતભાઈ નાયકે સૌ આમંત્રિતોને શાબ્દિક આવકાર આપતા આનંદ અને ગૌરવની લાગણી વ્યક્ત કરી હતી.

પુષ્પગુચ્છ દ્વારા વિદ્યામંડળના ટ્રસ્ટી શ્રી ઉપેન્દ્રભાઈએ માનનીય આનંદીબહેનનું સ્વાગત કર્યું હતું અને સંચાલન મંડળના સભ્ય શ્રી ઈરા નાયક ઘોપે અતિથિ વિશેષ શ્રી સુધીર જૈનનું સ્વાગત કર્યું હતું. મુ.શ્રી જશીબહેનનું સ્વાગત વિદ્યામંડળના મંત્રીશ્રી જ્યોતીન્દ્રભાઈ દવેએ કર્યું હતું.

સમારોહનો શુભ આરંભ મહેમાનો દ્વારા દીપ પ્રાગટ્ય દ્વારા કરવામાં આવ્યો હતો. સરસ્વતી વિદ્યામંડળના સહમંત્રી શ્રી સજુભા ઝાલાએ પ્રાસંગિક ઉદ્‌બોધનમાં મુ.શ્રી જશીબહેનના જીવન દર્શન અને તેમના વ્યક્તિત્વના વિવિધ પાસાની વિગતે રજૂઆત કરી હતી. વિદ્યામંડળના મંત્રી શ્રી જ્યોતીન્દ્રભાઈ દવેએ સરસ્વતી વિદ્યામંડળના ૭૫ વર્ષના સંઘર્ષમય ઈતિહાસને યાદ કરી સરસ્વતીના જ્ઞાનયજ્ઞને આવનારા અનેક વર્ષો સુધી પ્રતિષ્ઠિત કરવાનો સંકલ્પ રજૂ કર્યો હતો. ૭૫ વર્ષના ઈતિહાસનું વિહંગાવલોકન વાચિકમ દ્વારા રજૂ કરવામાં આવ્યું હતું. ૩૫ મિનિટના વિહંગાવલોકનનું સંશોધન અને સંકલન અસારવા વિદ્યાલય પૂર્વ શિક્ષક અને ઘરશાળાના સંપાદક મંડળના સભ્યશ્રી  અમીતાબહેન પાલખીવાલા અને જે.એન. બાલિકાના મદદનીશ શિક્ષક શ્રી ચેતનાબહેન રાવલ અને શ્રી મૃણાલબહેન ઓઝાએ કર્યું હતું. રજૂઆત અને વાંચન અસારવા વિદ્યાલયના આચાર્યશ્રી તૃપ્તીબહેન ત્રિવેદી અને અ.હ. સરસ્વતી વિદ્યાલયના ઈનચાર્જ આચાર્ય શ્રી હરીભાઈ ચૌધરી અને મદદનીશ શિક્ષક શ્રી વિકાસભાઈ પટેલ અને શ્રી મૃણાલબહેન ઓઝાએ કર્યું હતું.

વાચિકમ્ દ્વારા સરસ્વતીની વિકાસયાત્રા અને સંઘર્ષયાત્રા ખૂબ જ અસરકારક રીતે રજૂ કરવામાં આવી હતી. મુખ્યમહેમાન માનનીય શ્રી આનંદીબહેન અને અન્ય આમંત્રિતો પ્રભાવિત થયા હતા.

મુ.શ્રી જશીબહેનનું સન્માન મુખ્ય મહેમાન માનનીયશ્રી આનંદીબહેને શાલ, શુભેચ્છા ભેટ અને રૂા. ૧,૧૧,૧૧૧ના ચેકથી કર્યું હતું. આ રકમ સરસ્વતી નાગરિક સમાજ દ્વારા મુ. શ્રી જશીબહેનને ગુરુદક્ષિણા તરીકે અર્પણ કરવામાં આવી હતી. મુ.શ્રી જશીબહેને આ રકમનો

ઉપયોગ શાળાઓમાં નૃત્ય-નાટક અને સંગીતની રસરુચિ વિદ્યાર્થીઓમાં કેળવાય તે હેતુથી વિદ્યામંડળને સુપરત કરી હતી.

સન્માનનો પ્રતિભાવ આપતા મુ.શ્રી જશીબહેને આશિષ વચનો પાઠવ્યા હતા. સંસ્થા વધુ વિકાસ કરે અમદાવાદના પૂર્વ વિસ્તારમાં જ્ઞાન અને સંસ્કારની જ્યોત સદા ઝળહળતી રહે તેવી લાગણી વ્યક્ત કરી હતી.

અતિથિ વિશેષ શ્રી સુધીર જૈને મુ.શ્રી જશીબહેનના વ્યક્તિત્વના પાસાનો ઉલ્લેખ કરી જણાવ્યુ તેઓ સાચા અર્થમાં શિક્ષક અને માતૃહૃદય ધરાવે છે. શિક્ષણ સાહિત્ય, કલા અને બાળપ્રેમનો સુભગ સમન્વય મુ. શ્રી જશીબહેનના વ્યક્તિત્વમાં છે અને સંસ્થાના વિકાસની શુભેચ્છા પાઠવી હતી.

સમારંભના મુખ્ય મહેમાન માનનીય શ્રી આનંદીબહેને જણાવ્યું કે મુ.શ્રી જશીબેને અમદાવાદના પૂર્વ વિસ્તારમાં શિક્ષણ અને માનવ ઘડતરનું ઉમદા કાર્ય કર્યું છે જે ખરેખર વંદનીય અને પ્રેરણાદાયી છે. ૧૦૦ વર્ષની વયે આપણી વચ્ચે છે તે આનંદની વાત છે. સંસ્થાના ૭૫ વર્ષના ઈતિહાસને વાચિકમ્ દ્વારા રજૂ કરી સંઘર્ષ અને વિકાસનો ઈતિહાસ આવનાર પેઢીને પ્રેરણારૂપ બની રહેશે. ૭૫ વર્ષ સુધી સંસ્થાએ વ્યક્તિત્વને જાળવી રાખ્યું છે તે ખૂબ જ પ્રશંસનીય છે સંસ્થા વધુ વિકસે તેવી શુભેચ્છા પાઠવી હતી.

સમારોહમાં વિદ્યામંડળ સંચાલિત ૬ શાળાના ૩૦૦ બાળકોએ સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કર્યો હતો. કાર્યક્રમમાં ૭૫ વર્ષથી ગવાતા વર્ષા મંગલ, વસંતોત્સવ, રાષ્ટ્રીય ચેતનાના ગીતો અને બાળગીતોને અભિનય દ્વારા રજૂ કર્યા હતા.

ગીતોનું સ્વરાંકન અને રજૂઆત શાળાના સંગીત શિક્ષકો સર્વશ્રી ભરતભાઈ ઉપાધ્યાય, હરીદાસ ગાંધર્વ, જયંતભાઈ નાયક, ખ્યાતિબહેન ખત્રી અને બિપીન નાયક કર્યું હતું. સૌ મિત્રોએ સરસ્વતીના ૭૫ વર્ષના સંગીત વારસાને ખૂબ જ સુંદર રીતે રજૂ કર્યો હતો. નૃત્ય અને અભિનયનું માર્ગદર્શન સરસ્વતી વિદ્યામંડળ સંચાલન સમિતિના સભ્ય શ્રી ઈરા નાયક ઘોષે કર્યું હતું.

કાર્યક્રમના સમાપનમાં આભાર દર્શન સંચાલન મંડળના સભ્ય અને પૂર્વ વિદ્યાર્થી શ્રી રાજેન્દ્રભાઈ દવે એ કર્યું હતું.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન જે.એન. બાલિકા વિદ્યાલયના મદદનીશ શિક્ષક શ્રી સ્વાતીબેન પંડ્યાએ કર્યું હતું.


## "ઘરશાળાના ગ્રાહકો - વાચકોને વિનંતી"

શાળા, કૉલેજ તથા કુટુંબના બધા સભ્યો- પડોશીઓ 'ઘરશાળા' રસપૂર્વક આનંદથી વાંચે તેમ કરવાની અમારી નેમ છે. આપની પ્રાથમિક/માધ્યમિક શાળામાં 'ઘરશાળા' આવે છે ? આપના અધ્યાપન મંદિરમાં 'ઘરશાળા' આવે છે? આપના જાહેર પુસ્તકાલયમાં 'ઘરશાળા' આવે છે ? આપ સૌ 'ઘરશાળા'ના ગ્રાહક બની તેના પ્રચારક બની રહો. જો આપે હજુ સુધી તેનું લવાજમ ન ભર્યું હોય તો આપ આ અંકથી વાર્ષિક લવાજમ રૂા. ૧૫૦/- મોકલશો તેવી વિનંતી છે.

વાર્ષિક ગ્રાહક તરીકે જેમનું લવાજમ પૂરું થયેલ હોય તેમણે સત્વરે નવાં વર્ષનું વાર્ષિક લવાજમ મોકલી આપવું તેવી વિનંતી છે. 'ઘરશાળા'ના ગ્રાહક ગમે તે માસથી થઈ શકાય છે.

**વાર્ષિક લવાજમ રૂપિયા : ૧૫૦/- ● આજીવન રૂપિયા : ૨૦૦૦/-**

**લવાજમ મોકલવાનું સ્થળ :**

**'ઘરશાળા' માસિક**

**સરસ્વતી વિદ્યામંડળ, ડૉ. રઘુભાઈ નાયક શિક્ષણ સંકુલ, સરસપુર, અમદાવાદ- ૩૮૦૦૧૮.**

**gharashala@saraswatividyamandal.org • www.saraswatividyamandal.org/publication**

જશીબહેન નાયક

મૈત્રી સોસાયટી, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫.

# ફૂલબ્રાઇડ સ્કૉલરશિપની પ્રાપ્તિ, સરસ્વતી પામે છે અનોખું સન્માન

આજે ટપાલમાં એક મોટું કવર હતું. તે કવરની ઉપર From American Government લખેલું હતું. મેં રઘુભાઈને કહ્યું કે તમે તો જર્મનીમાં ભણ્યા છો અને જર્મન યુનિવર્સિટીના સ્કૉલર છો એટલે એ સ્કૉલરોનું મિલન ભારતમાં થાય ત્યારે તમારે આમંત્રણ આવે છે પણ આ અમેરિકામાંથી શું આવ્યું ? ધીરે રહીને એમણે અમેરિકાથી આવેલ કવર ખોલ્યું. અમેરિકા કોન્સોલેટ તરફથી એ કાગળ હતો. Dear Dr. Nayak, you have been selected as full bright scholar by the USA Government. There are only thirteen candidates from India. You are one of them Please fill up the form and oblise. Secretary to the Education Minister U.S.A.

કાગળ વાંચીને અમે ફૉર્મ વાંચવાની શરૂઆત કરી. ફૉર્મના દરેક ખાનામાં રઘુભાઈને લગભગ "A" ભરવાનું બનતું રઘુભાઈ પોતે જ જર્મનીના મ્યુનિક યુનિવર્સિટીના સ્કૉલર હતા. Ph.d એમના થિસિસને ફર્સ્ટ ક્લાસ મળ્યો હતો. ફૉર્મ હાથમાં રાખીને રઘુભાઈ ક્યાંય સુધી બેસી રહ્યાં. મેં કહ્યું ચાલોને આજે તો રજા છે તો ફૉર્મ તો ભરવા માંડો.

ફૉર્મ તો ભરીએ, પણ તે ફૉર્મ મોકલવું કે નહિ તેના વિચારમાં છું. "શા માટે દ્વિધામાં છો ? મારા મનથી તો લાગે છે કે, દ્વિધામાં રહેવાની જરાય જરૂર નથી." છતાંય રઘુભાઈ ખૂબ ઊંડા વિચારમાં હતાં. થોડીવાર પછી ઊંડા વિચારમાંથી બહાર આવેલા રઘુભાઈએ જવાબ આપ્યો, સ્વગત વાત કરતા હોય તેમ બોલ્યા, "સરસ્વતીને શરૂ થયાને હજી સાતેક વર્ષ થયાં છે. સંસ્થાની પ્રણાલિકાઓ સ્થપાતી જાય છે એવે સમયે આવી સ્કૉલરશિપના આકર્ષણમાં આવવું કે ન આવવું તેના વિચારમાં છું."

તરત જ મેં જવાબ આપ્યો એ આકર્ષણ નથી દેશના ગણ્યાંગાઠ્યાં જ શિક્ષકોને સ્કૉલરશિપ મળતી હોય તેવે વખતે આવી દ્વિધા મને તો ઠીક લાગતી નથી. એક તો આ સ્કૉલરશિપ તમને મળે છે તેનું કારણ તમારું કામ બોલી રહ્યું છે, તમારું કામ જોઈને જ ભલામણ કરનાર માણસે તમારું નામ આપ્યું હશે. ઘણા લોકોને પોતાનું નામ આપવું પડે છે. જ્યારે તમને આ સ્કૉલરશિપ સામેથી મળે છે. તે એક સરપ્રાઈઝ જેવું છે તેથી આ સ્કૉલરશિપ સંસ્થાને મળે છે તેમ અર્થઘટન હું તો કરું. સંસ્થા, શિક્ષકો, બાળકો અને વાલીઓ સૌ આ માટે ગૌરવ અનુભવશે. બીજું એક મજબૂત કારણ એ છે કે, તમે કેળવણીકાર છો. તમને કેળવણીમાં નવા નવા પ્રયોગો કરવામાં રસ છે તે છે."

કેળવણી એ તમારું મિશન છે. આ અનુભવ તમારા મિશનને વધારે સમૃદ્ધ બનાવશે. એક વાત કહું "વિધિની કેવી વિચિત્રતા છે, કે અમદાવાદ હજી આઠ-આઠ વર્ષે તમને ઓળખી શક્યું નથી. અમદાવાદમાં ઓરમાન લત્તા જેવો આ સરસપુર લત્તો અને એ લત્તામાં કામ કરનાર વ્યક્તિને હજી અમદાવાદ પિછાની શક્યું નથી. પાછળ પડી ગયેલા આ લત્તા તરફ મજૂરોના નેતા બનીને ફરતા લોકોએ પણ આ લત્તાને એકાદવાર પણ જોયો નથી. જ્યાં શિક્ષણ, સંગીત, કલાને ઓળખવા અને સમજવા માટે આપણે આઠ વર્ષથી કામ કરી રહ્યાં છીએ તેવે વખતે એલિસબ્રિજની ગણનાપાત્ર શાળાઓ જ શિક્ષણનું કામ કરતી હોય એવું વાતાવરણ અને ભ્રમ છે એવે વખતે મિલોના ધુમાડાથી ઢંકાયેલા આ સરસપુર લત્તાને એમાં સો વર્ષ જૂની મિલના ગોડાઉનમાં ચાલતી શાળા આ સ્કૉલરશિપ મળે એ સરસપુરને માટે પણ ઘણી મહત્ત્વની વાત છે. તમારા ગુરુ રવીન્દ્રનાથ ટાગોરને પણ લોકોએ નોબલ પ્રાઈઝ મેળવ્યા પછી જ ઓળખ્યા હતા પણ અહીંયા તો તમારા કેસમાં તો બીજા દેશના લોકોએ તમને ઓળખ્યા અને આ સ્કૉલરશિપ આપી. એ આજે તમારા એક સહકાર્યકર તરીકે તેમજ તમારી પત્ની તરીકે આ

સ્કૉલરશિપ તમને મળે છે તેથી હું તો ખૂબ ખુશ છું.''

તમને અંતઃકરણપૂર્વક વિનંતી કરું છું કે સંકલ્પ-વિકલ્પમાંથી તમે જલદી બહાર આવી જાવ પછી મેં થોડીવાર મૌન રાખ્યું. ધીરગંભીર સ્વભાવ પ્રમાણે રઘુભાઈ કહે, ''તમારી ભાવના અને વિચાર પાછળની વાસ્તવિકતાને હું બરાબર સમજી શકું છું છતાં મારા મનની ગડમથલ શું છે તે કહું ?'' ''હા, હા એ જાણવા તો હું આતુર છું. હું એમના બોલવાની રાહ જોઈ રહી. શાળા બધી રીતે - પ્રણાલિકા, પરીક્ષા, શિક્ષકોનો સહકાર બધી રીતે સ્થિર થઈ છે. ઉપરાંત સરસપુરમાં વાસણશેરીમાં ચાલતી આપણી શાળાની એક શાખા પણ હવે સ્થિર થઈ છે. આપણાં ઈન્સ્પેકશનના રિપોર્ટ સારા આવવા લાગ્યા છે. ડૉ. રાયચૂર અને મિ. વકીલ જિલ્લા શિક્ષણાધિકારી ડૉ. રાયચૂર અને મિ. વકીલ તો જાણે આપણાં મિત્ર બની ગયા છે. એ દિવસોમાં આ બંને શિક્ષણાધિકારીઓ એ જમાનામાં ખૂબ માન પામી ગયા હતા. તેઓની મૈત્રી અમારે માટે આનંદની વાત બની રહી હતી. પણ છતાં આ પાથરેલું બધું તમારા પર છોડીને જતાં મનમાં મૂંઝાયો છું.'' મેં કહ્યું હિંમતભાઈ છે, મિત્રો છે, સારા શિક્ષકો છે આ બધાનો સાથ જરૂર મળી રહેશે. તમારી વાત સાચી હોવા છતાં શાળા ઉપરાંત પ્રશાંત અને ઈરાને પણ સંભાળવા પડશે. આમ આવી બીજી અનેક જવાબદારી તમારા પર છે તે મનમાંથી ખસતું નથી.'' રઘુભાઈને વધારે હિંમત આવે એટલે મેં કહ્યું, ''તો પછી શું તમને મારી તાકાત ઉપર શ્રદ્ધા લાગતી નથી. વળી છેલ્લાં સાત-આઠ વર્ષથી તમારી સાથે કામ કરું છું ત્યારે ઘણું બધું તમારી પાસેથી શીખી લીધું છે અને વળી કામ કામને શીખવશે અને કામ કરવાની હિંમત આવશે એ થિયરીમાં પણ હું માનું છું.''

આમ રઘુભાઈના મનની ગડમથલ થોડો વખત ચાલ્યા કરી અને ફૂલબ્રાઈટ સ્કૉલરશિપ સ્વીકારે જ એવી વાતો તેમની સાથે મેં કર્યા કરી. અચાનક જ નાનાભાઈ (હરભાઈ) સરસપુર આવી પહોંચ્યા અને ફૂલબ્રાઈટ સ્કૉલરશિપની વાત જાણી. મેં નાનાભાઈને ખાનગીમાં કહ્યું, ''રઘુભાઈ અમેરિકા જાય એ વાતને તમે ટેકો આપજો. આમ, અમે પિતા-પુત્રીએ આ વાત સ્વીકારી. હરભાઈ કહે, ''રઘુભાઈ તમારા ગ્રહો હમણાં ખૂબ ચમકી ગયા લાગે છે. સૌરાષ્ટ્ર રાજ્યના ડાયરેક્ટર ઑફ એજ્યુકેશનની જગ્યા માટે પણ તમને ઑફર આવી છે એના ઈન્ટરવ્યૂ માટે પણ તમે જાઓ.'' જુઓ તમે પાછા દ્વિધામાં પડી ગયાને કે આવા મોટા અધિકારી બનવું કે સ્કૉલરશિપ સ્વીકારવી'' ''ના, હરભાઈ તમારી લાગણી ખાતર હું ઈન્ટરવ્યૂમાં જરૂર જઈશ પણ જે સંસ્થા મેં શોખથી સ્થાપી છે તેને છોડવાનું મારા માટે બહુ મુશ્કેલ કામ છે. પણ હરભાઈના આગ્રહને વશ થઈ તેઓ (રઘુભાઈ) રાજકોટ ગયા અને બીજું મારા આગ્રહને વશ થઈ ફૂલબ્રાઈટ સ્કૉલરશિપનું ઇન્વિટેશન પણ સ્વીકાર્યું. રઘુભાઈ ઈન્ટરવ્યૂ દઈને પાછા આવ્યા અને અમદાવાદ પહોંચ્યા તે દરમિયાન તેઓ ડાયરેક્ટર ઑફ ઍજ્યુકેશન તરીકે પસંદગી પામ્યા છે તેના પત્રો, અભિનંદનના કાગળ અને ટેલિગ્રામ મળવા લાગ્યા હતા. રઘુભાઈ ઈન્ટરવ્યૂમાં સૌથી હાઈએસ્ટ સ્થાને પસંદગી પામ્યા હતાં.

**<u>સેન્સ ઑફ બિલૉંગિંગ</u>**

આ બધું બની ગયું, પણ રઘુભાઈને મન તેવું મહત્ત્વ નહોતું. સરસ્વતી એ પોતાનું મિશન હતું. એનાથી છૂટા થવાનો વિચાર એમના માટે મુશ્કેલ હતો. પરંતુ મારા મનમાં થોડી ગડમથલ ચાલતી હતી. મેં એમને પૂછ્યું કે આ જૉબ નહિ સ્વીકારવા પાછળ શું કારણ છે ? રઘુભાઈએ જવાબ આપ્યો. ''મને તો એમ હતું કે, તમે મારા મનની વાત સમજી શક્યા હશો. મારા વિચારો તમે જાણો છો. છતાં, એક વાત હું ફરીથી તમને કહું સરસ્વતીમાં રહીને કામ રહ્યું એ મારે મન એક પ્રકારનું મિશન છે. જેને હું Sence of belonging કહું છું. હું આ દેશમાં જ જન્મ્યો. આ સમાજનો છું. એ સમાજમાં ગરીબ અને તવંગર બધા લોકો રહે છે. મને એમ લાગે છે કે, ગરીબો સાથે કામ કરવામાં હું મારા જીવનની સાર્થકતા અનુભવું છું. ગરીબ અને તવંગર જે કૉમ્યુનિટીને મારી જરૂર હોય,

એ કૉમ્યુનિટીમાં કામ કરવા ઉપયોગી થાઉં તેમ હોઉં તો એ કૉમ્યુનિટીને માટે કામ કરવાનું મારું મન ખેંચ અનુભવે છે. મને એમ છે કે, જે જગ્યાએ હું બેઠો છું એ કૉમ્યુનિટીમાં હું વધારે ઉપયોગી બની શકું. સૌરાષ્ટ્ર રાજયના DE બનવા કરતા મને આ કૉમ્યુનિટીમાં કામ કરવું એ સાચો માર્ગ લાગે છે. એક શિક્ષક તરીકે Sence of belonging..... for the needy community માટે ઊભી કરવી એ શિક્ષકોનું કામ છે. અને એટલા માટે મેં સરસપુરની સરસ્વતી હાઈસ્કૂલમાં કન્વીકશન પ્રમાણે રહેવાનું નક્કી કર્યું એ મારા અંતરનો અવાજ હતો. જેથી એ લત્તાના મા-બાપોને હું ઉપયોગી બની શકું. આથી જ **સૌરાષ્ટ્ર રાજયની DE ની નોકરીએ મને જરાય આકર્ષણ ન હતું. એ તો પસાર થઈ ગયેલો એક માત્ર પ્રસંગ જ હતો.**

આ જૉબ કરતાં પણ મને પંડિત જવાહરલાલ નહેરુએ એમની સાથે અલ્હાબાદના આનંદભવનમાં રહીને કામ કરવા બોલાવ્યો હતો. નહેરુ સાથેના કામમાં રાષ્ટ્રનું કામ પણ હતું. એ વાત પણ મારા મનમાંથી કાઢી નાંખેલી. કારણ મારે શિક્ષક જ રહેવું હતું. એટલે બીજો કોઈ માર્ગ મને આકર્ષતો નહોતો.'' હું પણ આશ્ચર્યમાં પડી ગઈ. મનમાં વિચારી રહી. આ માણસ કેવા ધૂની છે ! શું શિક્ષક બનવા સિવાય બીજું કોઈ ધૂન એમના મનમાં છે જ નહિ. શિક્ષક બનીને સમાજને બને એટલા સારા નાગરિકો આપવા એ જ એક ધૂન. ધૂણી ધખાવીને બેઠેલો જાણે એક બાવો. હવે મને એક વાત સમજાઈ કે ભાવનગરની ઘરશાળા છોડીને આવતા મને જે દુઃખ હતું એમાંનું રજમાત્ર દુઃખ રઘુભાઈને ન હતું. કારણ તેઓ સરસપુરની કૉમ્યુનિટીને શિક્ષણ દ્વારા કાંઈક આપવા માંગતાં હતાં. મારે મન તો ભાવનગર એક સુંવાળું જીવન હતું.

પરંતુ,

બે-ત્રણ દિવસમાં જ ફૂલબ્રાઈટ સ્કૉલરશિપ મળે છે તેવો જવાબ આવી ગયો.

આખરે ફૂલબ્રાઈટ સ્કૉલરશિપ સ્વીકારી. કારણ એમનો જીવ તો શિક્ષકનો જ હતો. શિક્ષકોને લાગતું હતું કે, આ સ્કૉલરશિપ એ અમારા માટે પણ માન છે. વાલીઓ એમ કહેતા કે સરસપુરને પણ આ સન્માન મળે છે. આમ બની શકે એવા જવાબદારીવાળા શિક્ષકોને શાળા સાચવવાની જવાબદારી સમજાવતા ગયા.

રઘુભાઈ આ પ્રોજેક્ટમાં અમેરિકા જાય છે એ વાતની શાળાના ઈન્સ્પેક્શન કરવા આવતા મિ. રાયચૂર અને મિ. વકીલને ખબર પડી. એક દિવસે સાંજે તેઓ રઘુભાઈને અભિનંદન આપવા અમારા ઘેર આવ્યા.

રઘુભાઈએ પોતાના મનની ચિંતા આ દોસ્ત બની ગયેલા સમક્ષ વ્યક્ત કરી. આવડી મોટી સંસ્થા એકલા જશીબહેનને સોંપીને જતાં મનમાં થોડી મૂંઝવણ અનુભવું છું. બંને જણાં થોડી પળો માટે જાણે ઈન્સ્પેક્ટર મટી ગયા અને મિત્રો બની ગયા. તેઓ કહે, ''રઘુભાઈ આ શાળા તમારી ગેરહાજરીમાં બરાબર ચાલે એ માટે અમારાથી જે સાથ અપાશે તે આપીશું.'' હું જોઈ શકી કે રઘુભાઈના મોં ઉપરના ભાવમાં, તેમની આંખ ભીની થઈ હતી. મિ. વકીલ અને રાયચૂર સાથે ચા-પીતાં પીતાં ક્યાંય સુધી સરસ્વતીની વાતો કરી. રઘુભાઈ જયારે ગયા ત્યારે સ્ટેશન પર વળાવવા આવજો કહેવા આ બંને મિત્રો હાજર હતા. આમ સૌની શુભેચ્છા સાથે રઘુભાઈએ એક દિવસે અમદાવાદ છોડ્યું અને અમેરિકા ગયા. અમને આ સ્કૉલરશિપ અમારા સૌ માટે સરસ્વતીનાં ગૌરવરૂપ બની રહી હતી.

બધા જ પોતાનાં વચન પાળવા શાળાની મુલાકાત લેતા હતાં. એ પણ એક અમદાવાદની કેળવણીના ક્ષેત્રમાં કામ કરતા આચાર્યો માટે એક આશ્ચર્ય બની ચૂક્યું હતું. આમ અમારા સૌના જીવનમાં અમેરિકાનો અનુભવ ઘણો ઉપયોગી બની રહ્યો હતો. રઘુભાઈના જવાના દિવસે રાત્રે ગુજરાત મેલ પર સ્ટેશને વાલીઓ, શિક્ષકો અને વિદ્યાર્થીઓ ફૂલો લઈને રઘુભાઈને વિદાય અને શુભેચ્છા આપવા આવી પહોંચ્યા હતાં. રઘુભાઈના ડબ્બાની આસપાસ ભીડ હતી જે શુભેચ્છા વ્યક્ત કરી રહી હતી.

મુંબઈમાં એરપોર્ટ ઉપર રઘુભાઈના પ્લેને ટેક ઑફ કર્યું ત્યારે હું મનમાં ગણગણી રહી હતી, ''હે શિક્ષક તું અમારા સૌની શુભકામના લઈને જાય છે અને શાળા માટે કેળવણીના ક્ષેત્રે ઉપયોગી બને એવું ભાથું સાથે લઈને પાછો ફરજે.''

પ્રયાણ પંથ સામને બઢા કદમ બઢા કદમ.

# સરસ્વતી વિદ્યામંડળ : "યહ કહાની હૈ દિયે કી ઔર તૂફાન કી"

**અમીતાબહેન પાલખીવાલા**

પૂર્વ શિક્ષક, અસારવા વિદ્યાલય, અસારવા.

૧૯૪૪ના અમદાવાદની ધોમધખતી એક બપોરે વર્ષો જૂની બંધ પડેલી મિલના કંપાઉન્ડમાં એક ઘોડાગાડી આવીને ઊભી રહે છે. એમાંથી ઊતરે છે એક યુવાન નાયક દંપત્તિ અને સાથે જ ખોળે ઢબુરાયેલ નાનકડા ફૂલ જેવો દીકરો પ્રશાંત. આગમનનું કારણ એક મૃતઃપ્રાય શાળાને પુનઃજીવિત કરવાનું, છેવાડાના વંચિતોના બાળકોને શિક્ષિત કરવાનું, નૂતન ભારતના ખમીરવંતા યુવાન નાગરિકોને દિક્ષીત કરવાનું, સમાજ તરફનું ઋણ થોડું ઘણું ઓછું કરવાનું, માત્ર ગરીબીની જ નહીં પરંતુ અંધકારમાં ધકેલાઈ ગયેલા વિસ્તારમાં પ્રકાશ પાથરવાનું, જૂનામાં ફરી ચેતન મૂકીને સમાજને પાછું અર્પણ કરવાનું અને આ આદર્શો માટે જીવન સમર્પિત કરવાના સંકલ્પ સાથે આ યુગલ માધુભાઈ મિલ કંપાઉન્ડમાં પ્રવેશ કરે છે. કારણ કે હૈયે હતી કવિવર રવીન્દ્રનાથ ટાગોરની વિચારધારા... જ્યાં જાવ ત્યાં શાંતિનિકેતનની સ્થાપના કરો તેવી ગુરુદેવ ટાગોરની ગુરુઆજ્ઞાને મૂર્તિમંત કરવા આ આદર્શ ઘેલું દંપત્તિ ભાવનગરથી અમદાવાદ આવ્યું, બસ વાર્તા આટલેથી અટકી જતી નથી. પણ આ નાયક દંપત્તિના જીવનમાં આવતા તોફાનોમાં પણ અવિચળ રહીને મથ્યા રહેવાનો પ્રયાસ પ્રેરતો રહ્યો છે તેની છે. 'નિર્બળ સે લડાઈ બલવાનકી, યહ કહાની હૈ દિયે કી ઔર તૂફાન કી'.

દીવો અને તોફાનની આ વાર્તા આમ તો પરીકથા જેવી લાગે છે; પણ એ તોરીલા તોફાન થકી દીવો ન ડર્યો કે ન ઠર્યો. એ તો જોતજોતામાં બની બેઠો ઝળહળતી મશાલ... એ પ્રજ્વલિત મશાલ ૭૫ વર્ષથી અખંડ રીતે અમદાવાદના પૂર્વ વિસ્તારમાં જ્ઞાનના, સંસ્કારના અને ચારિત્ર્યના અજવાળા પાથરે છે. આવો, આજે દીવામાંથી મશાલ બનેલા પ્રકાશની વાત કરીએ.

રઘુભાઈ અને જશીબહેન બંનેએ પોતાનું જીવન શિક્ષણક્ષેત્રે સમર્પિત કરવાનો નિશ્ચય કર્યો. ક્ષેત્ર પસંદ કર્યું, અમદાવાદનું સરસપુર... સરસપુરના માધુભાઈ મિલ કંમ્પાઉન્ડમાં ઘોડાગાડીના પ્રવેશ સાથે જ તેમણે પ્રથમ દશ્ય જોયું તો !

મિલ ગોડાઉનના કંમ્પાઉન્ડમાં ચોમેર કાળી કોલસીનું પાથરણું... લોખંડના ટુકડાઓ, રસાયણની ભઠ્ઠીમાંથી આવતી દુર્ગંધ, ગોડાઉનને આડી ઊભી હરોળમાં આવીને ઊભેલા ઓરડાઓ... અને ? અને ખૂણામાં ઝાડની છાયામાં બેઠેલાં હાલતા ચાલતા કેટલાંક માનવ હાડપિંજરો... બપોરની રિસેસમાં બેઠાં હતા, એક લૂખો સૂકો રોટલો ખાવા અને ત્યાં જ ભૂંગળા ગરજ્યા. એક મજૂર સટાક કરતો ઊભો થયો, સમયના અભાવે રોટલાના ટુકડાને ફેંકીને દોટ મૂકે છે... અને ત્યારે જ, તે રોટલાના ટુકડાને ઝડપવા એક મેલો નબળો ભીખારી દોડ્યો અને બીજી બાજુથી કૂતરાઓ પણ તરાપ મારી.

જોતું જ રહી ગયું આ દંપત્તિ... આ દરિદ્રતાએ આંખની ઊંઘ અને મનના ચેનને ભગાડી દીધું. આ પીડાએ પોતાની ડિગ્રી અને ઉચ્ચ હોદ્દાઓ ભૂલાવી દીધા. દારૂણ ગરીબી અને તેના પ્રશ્નોની ઝાંખીથી આંખમાંથી આંસુઓની ધારા વહી ચાલી, દિલને એક ઠેસ પહોંચી અને આંસુ અને વિષાદના સંગમે અહીં જ શિક્ષણ જ્યોત પ્રગટાવવાના શપથ લીધાં, પણ આ શિક્ષણયજ્ઞમાં અનેક વિટંબણાઓ ! અનેક મુશ્કેલીઓ...!

શાળાનું મકાન તો જાણે વિસ્તારની ગરીબાઈનું પ્રતીક.
મજૂર લત્તો ને ગીચ વસવાટો.
ગરીબી, ગંદકી ને ચોમેર અજ્ઞાનતા.
કંમ્પાઉન્ડમાં કોલસી ને હરપળ કસોટી.

બીમારી, બેહાલીને ભૂખમરાના ઝંઝાવાત.

હવામાં ઊડતી કપાસની ઝેણ ને કાટ ખાઈ ગયેલા લોઢાની કણ...

અવાજોની સાથે નીકળતો કાળો ધુમાડો અને લાલ જ્વાળાઓ !

તમામ પ્રાથમિક સુવિધાઓથી વંચિત આ શાળા રઘુભાઈ માટે એક પડકારરૂપ હતી. આમ છતાં પણ આવી શાળાનું સંચાલન કરવાના અને તેને શહેરની નહીં બલ્કે રાજ્યની નમૂનેદાર શિક્ષણ સંસ્થા બનાવવી તેવા અડગ નિર્ધાર સાથે શ્રી રઘુભાઈ નાયક અને શ્રીમતી જશીબહેન નાયકને તે હસ્તગત કરી આ વિસ્તારમાં શિક્ષણનું એક મિશન લઈને બેસવાની ઈચ્છા હતી. પણ તેમાં આર્થિક મૂંઝવણનો પાર નહીં. વળી શાળાના સંચાલકે તે માટે રૂા. ૧૭,૦૦૦ ચૂકતે કરીને શાળાનો કબજો સંભાળવા કહ્યું. પણ રઘુભાઈ પાસે એટલા પૈસા ક્યાં હતા ? અનેક અભાવોની વચ્ચે આટલી રકમ ચૂકવવી તે એક મોટી આફત હતી. પણ રઘુભાઈની વિવેકબુદ્ધિ પર શ્રદ્ધા ધરાવનાર શહેરના પ્રતિષ્ઠિત ઉદ્યોગપતિ શેઠશ્રી શાંતિલાલ મંગળદાસ, શાળા જીવનના મિત્ર ડૉ. ગાંધી અને હંમેશાં નેપથ્યમાં રહીને મદદ કરતા મિત્ર છોટુભાઈ વગેરેના નાણાકીય સહકારથી સરસ્વતીને જીવતી રાખવા માટેની એક રુકાવટ તો દૂર થઈ, પણ સરસ્વતીનું સર્જન કરવા અનેક મુશ્કેલીઓનો તેમને સામનો કરવો પડ્યો છે. આર્થિક મુશ્કેલીઓના હિસાબે ગમે તે કામ હોય,

શિક્ષણનું કે સફાઈનું,<br>
જાતે જ દીવાલો ધોળવી હોય,<br>
છાપરાના કાણામાં કલાઈ પૂરવી હોય કે,<br>
પાવડા લઈને બગીચામાં શ્રમ કરવો હોય,<br>
સાવરણા લઈને શાળામાં સફાઈ કરવી હોય,<br>
ઘટાદાર લીમડાના વૃક્ષ નીચે રાખેલા બાંકડા રંગવા હોય,<br>
ક્યારા બનાવવા હોય કે,<br>
આયોજન માટે ઉજાગરા કરવાના હોય,<br>
ગમે તે હોય પણ એમને તો, અહીં જ ધૂણી ધખાવીને સફળતાએ પહોંચવું હતું.

આ માટે<br>
જશીબહેન પણ ના કદી અચકાયા કે ના તો પોતાની સોનાની બંગડી ઉતારતા ખચકાયા.

રોજ એક પડકાર ફણગાની જેમ ફૂટે પણ એ જ પડકારે એમના શ્વાસની ધાર કાઢી અને એક પછી એક આવતી આફતોની જયાફતો તેઓ ઉડાવતા ગયા. પણ તેઓને ક્યાં ખબર હતી કે હજુ શિસ્ત, સમયપાલન અને સુઘડતા જેવા જીવનમૂલ્યોના પ્રશ્નો મોં ફાડીને ઊભા છે.

અંધકારમાં ધકેલાઈ ગયેલા આ વિસ્તારના વિદ્યાર્થીઓના સદ્‌વર્તન, સ્વચ્છતા અને સુઘડતા ઉપર રઘુભાઈ અભ્યાસ જેટલો જ ભાર મૂકતાં. ગંદા, લાંબા અને અવ્યવસ્થિત વાળ, મેલાઘેલા કપડાં, મેલા દફતરમાં ચોપડીઓ, ગંદકીમાં સબડતા બાળકો... કેટકેટલી મૂંઝવણો ! કેટકેટલા પડકારો ! પણ પડકારો ઝીલવામાં પાછી પાની કરનારાઓમાં રઘુભાઈ નહીં. અરે ! તેઓ શાળામાં રાઉન્ડમાં પણ ખીસ્સામાં કાતર રાખીને નીકળતા. વિદ્યાર્થીઓના વધેલા ગંદા નખ કે અવ્યવસ્થિત વાળની હવામાં ફરફરતી વટો પર એમની કાતર નિર્દયતાથી ફરી વળતી.

શાળાની સ્થાપનાથી જ રઘુભાઈએ ગુણવત્તાનો આગ્રહ રાખેલ હતો. જે માટે પ્રાર્થના મહત્ત્વની હતી. વળી વિદ્યાકીય સિદ્ધિ માટે સ્વસ્થ શરીર અને સ્વસ્થ મનની પણ આવશ્યકતા હોવાથી પ્રાર્થનાની અગત્યતા હતી. આથી જ શાળાના પ્રથમ દિવસે મૂઢ જીવન જીવતા અબૂધ બાળકોને સાથે રાખીને પ્રાર્થના કરવાની જમીન ઉપરથી નાના નાના પથ્થરો, લોઢાના ટુકડાઓ વગેરે વીણીને પ્રાર્થના માટે સુંદર, સ્વચ્છ અને સમથળ જમીન બનાવી, ફૂલદાની, અગરબત્તી વગેરે દ્વારા વાતાવરણમાં નીરવ શાંતિ પ્રસરાવી અને બાળકોના કુતુહૂલ અને આશ્ચર્ય વચ્ચે પ્રાર્થનામાં યાચના નહીં પરંતુ ઋતુગીતો, દેશભક્તિ ગીતો વગેરે દ્વારા

વિદ્યાર્થીઓમાં ચારિત્ર્ય સંસ્કાર રેડવાનું શરૂ કરી દીધું.

આમ પ્રશ્નોને સુલઝાવવાનું ભગીરથ કાર્ય તેઓ કરતાં ગયા. હજુ તો કેટલાંય અવરોધોનો તેમને સામનો કરવાનો હતો. પણ કોઈ કપરા સંજોગો તેમને હરાવી શકતા નહીં. ઉપરથી નવા પ્રશ્નો સામે લડવાની પ્રેરણા આપતા. સરસપુરના શાળાના મકાનથી તેમનું પાલડીનું ઘર ૪૫ મિનિટના અંતરે હતું. પરંતુ આવન-જાવનમાં ઘણો સમય વેડફાતો આથી સમયનો ઉપયોગ શાળાના વિકાસ માટે જ કરવા આ નાયક દંપતિએ શાળાના મકાનમાં જ નિવાસ કરવાનું નક્કી કર્યું. આચાર્યે ૨૪ કલાક શાળામાં જ રહેવું જોઈએ. રઘુભાના આ વિચારોને સંકલ્પ બનાવી અને હૃદયના ભાવોને મંગલ ઋચાઓ બનાવી જશીબહેને સાત ડગલા સાથે ચાલવાનું સ્વીકાર્યું તો ખરું ! પણ એક અંધારી ઓરડીમાં 'ઘર માંડવાનો' નિર્ણય ! એ તો ખરેખર જ મોટું સાહસ હતું.

લીમડાની ડાળે હીંચકો બંધાયો,
નીચે રેતીનું પાથરણું,
આચાર્યની ઑફિસનો રાત્રે બનતો રઘુભાઈનો બેડરૂમ,
ને પરિવાર સૂતો સંગીતરૂમમાં,
સવારે ગાદલાં વાળી લેવાતાં ને બનતાં કલાસરૂમ
છેલ્લી ઓરડીને અડીને ચણી એક ઈંટની દીવાલ
ને ઈંટની દીવાલ ઉપર ગારાનું આવરણ
ને એમાં જ આડશ રચીને થઈ બાથરૂમની સગવડ.
વીજળીનું જોડાણ નહીં, ટેલિફોનની સવલત નહીં,
પાણીની તીવ્ર અછત અને મચ્છરોનો ભારે ત્રાસ.

પરંતુ ગોડાઉન જેવા મકાનને પોતાના પરિશ્રમથી આશ્રમમાં ફેરવનાર શાળાના પાયાના કાર્યકર લક્ષ્મણ, શાળાની સરહદનો ઉમદા પ્રહરી ગફુર, ઘરકામ કરતાં હકુમા, દેશના ભાગલાની અસર પામેલ સૂરજમલ શાળાના પાયાના પ્રશ્નો હલ કરવામાં આ બધાનું યોગદાન પણ નાનુસૂનું નથી રહ્યું.

પણ રઘુભાઈ જેનું નામ ! જિંદગીની દરેક પળ પરીક્ષા શિક્ષકો સાથે અધિકારીની જેમ નહીં, પણ સહકાર્યકરની જેમ વર્તવા છતાં કેટલાંય શિક્ષકો સારા હોદ્દાથી આકર્ષાઈને કે રઘુભાઈના શિક્ષણના નવા પ્રવાહો સાથે કદમ નહીં મિલાવી શકતા શાળા છોડીને ચાલ્યા જતાં. શિક્ષકોના પરિત્યાગ અને સહકારની ઊણપથી રઘુભાઈ ઊંડી વ્યથા અનુભવતા. પણ અવરોધોથી અટક્યા નહીં, મુશ્કેલીઓમાં ભાગ્યા નહીં, પોતાની ફરજો સમજવા અને સારા શિક્ષકોની શોધ માટે સગા-સંબંધીઓ તથા મિત્રોને અવારનવાર વિનંતી કરતાં રહ્યાં.

સરસ્વતી વિદ્યાલય...
ના કદી હડતાલ, ના તોફાનો, ના કદી આંદોલનો,
ના ક્યારેય વિરોધ કે ના તો કોઈનું શોષણ.

છતાં પણ શાળાના વિરોધમાં એક દિવસ સમગ્ર સરસપુરમાં હો હા મચી ગઈ અને તેનું કારણ હતું. ત્રણ શિક્ષકોની એક સાથે બરતરફી પોતપોતાના વિષયમાં નિષ્ણાત, સિનિયર તથા વિદ્યાર્થીઓમાં પ્રિય અને રાજકીય રીતે ભારે પીઠબળ ધરાવતા આ શિક્ષકો. એમને ટેકેદારોનો તોટો નહીં. એટલું જ નહીં પણ કેળવણી મંડળનો પણ આ પગલા સામે વિરોધ. સમાજની પણ અનેક ધાક-ધમકીઓ અને દબાણો. પણ શિક્ષણ સંસ્થામાં તો ચારિત્ર્યની શિથિલતા ન જ ચલાવી લેવાય એમ કહી રઘુભાઈએ સત્યનું પૂરી દઢતાથી સમર્થન કર્યું અને હિમાલયની જેમ અડગ રહીને વિઘ્નોને પણ પોતાના માર્ગમાંથી ખસી જવાની ફરજ પાડી.

આ શિક્ષણયજ્ઞમાં આવી અનેક વિટંબણાઓને તેમણે સામી છાતીએ ઝીલી લીધી. આર્થિક કારણોસર બપોરની રિસેસ પછી વર્ગખંડોમાં વિદ્યાર્થીઓની ઘટતી સંખ્યા, નિવાસની બાજુમાં રહેલા મહાકાય ઉકરડાને ત્યાંથી ઉચાળા ભરાવવા, વર્ગખંડના અજવાળા માટે દીવાલ તોડવી કે ઓરડાઓનું અને દરવાજાનું ચણતર કામ મધરાતે જ આટોપી લઈને પોતાની હથેળી પર ફોલ્લે ફોલ્લા થવા દેવા,

પણ રઘુભાઈ તો 'એકલો જાને રે સંપ્રદાયના'.

શરૂઆતનાં વર્ષોની લાંબી મજલમાં,

અવશ્ય સંઘર્ષો કર્યા,

પરિસ્થિતિઓ સામે લડ્યા, ઝઝૂમ્યા, મિત્રો પણ ગુમાવ્યા પણ, ના પાછા વળ્યા, ના ખમચાયા.

પ્રયત્નોથી થાક્યા નહીં, ને પતરા તળે જ્ઞાનગંગાની ધૂણી ધખાવી.

જો કે આ બધા સંઘર્ષો વચ્ચે તેમના ઉપર મા સરસ્વતીનો વરદ્ હસ્ત એ તો જાણે ચમત્કાર હતો, પણ એમના પ્રારબ્ધનું પાંદડું ય લીલું તો ખરું જ.

હા, રઘુભાઈના પ્રારબ્ધનું પાંદડું લીલું જ હોવું જોઈએ. આથી જ તો ગુજરાતના પ્રખર કેળવણીકાર, નૂતન શિક્ષણના પ્રણેતા અને બાળકોના મુક્ત વિકાસ માટેના આંદોલનના અડગ સેનાની શ્રી હરભાઈ ત્રિવેદી સંસ્થા માટે હંમેશાં પ્રેરણાસ્રોત બનીને વહેતા રહ્યાં. શ્રી હરભાઈ ત્રિવેદી સરસ્વતી વિદ્યામંડળના પ્રથમ પ્રમુખ ઈ.સ. ૧૯૪૪-૪૫ના સમયમાં રઘુભાઈએ ખરીદેલ મૃતઃપ્રાય આ શાળા સજીવન રહે તે માટે તેઓ ભાવનગરથી અમદાવાદ - સરસપુરની મુલાકાત અવારનવાર લેતા રહેતાં અને રઘુભાઈએ આદરેલા આ તપને સંપૂર્ણ આશીર્વાદ સાથે કાયમી ટેકો આપતા રહેતાં. આથી જ તો શ્રી હરભાઈ ત્રિવેદીને 'સરસ્વતી' ઉપવનના (પિતામહ) પ્રથમ માળી તરીકે ઓળખાવી શકીએ. આ શિક્ષણ સ્થપતિએ કદી મંદિરે જઈ પથ્થરની મૂર્તિના દર્શન નથી કર્યા, છતાં પણ નિરંતર સંગીત અને વિરલ શક્તિના ઉંબરે સ્નેહનું સ્વસ્તિક કર્યું છે. તેમણે શિક્ષણના દાનમાં જ રામના દર્શન કર્યા. શિક્ષણ એ વેદોનો શ્વાસ છે. હરભાઈએ જીવનના છેલ્લા શ્વાસ સુધી તેમનું સાન્નિધ્ય અને માર્ગદર્શન સરસ્વતીના વિકાસમાં આપ્યું. સંસ્થા સ્વરૂપ શ્રી હરભાઈ ત્રિવેદી થકી તો સરસ્વતીનું બીજારોપણ શક્ય બન્યું અને આગળ જતા અનેક શાખા ધરાવતું વિશાળ વટવૃક્ષ બનવા પામ્યું.

રાજ્ય અને રાષ્ટ્રમાં વિખ્યાત આ કેળવણીકારના પુત્રી જશીબહેને પણ રઘુભાઈ સાથે ખભેખભો મિલાવ્યો. વિદ્યા, સેવા, સાહિત્ય અને સંગીતના સંસ્કારોથી વિભૂષિત તથા 'સરસ્વતી'ને સમર્પિત શ્રી જશીબહેને શાળાના ઘંટારવના નાદ સાથે પોતાનું જીવન જોડ્યું અને એક પછી એક શિક્ષણના અશક્ય લાગતા ધ્યેયોને વ્યવહારમાં મૂકવાનું શરૂ કર્યું.

જ્યારે કોઈ ઋણાનુબંધે તેમના નભોમંડળના એક પછી એક કેટલીક દેદીપ્યમાન આભાઓ આવી મળી. તેઓ માત્ર નીવડેલા શિક્ષકો જ નહોતા પણ તેમના શ્વાસના સરનામા હતા. જેમના અખંડ તપ અને સમર્પિત જીવન અને સહકારથી પ્રારંભના વર્ષોમાં રઘુભાઈ શાળાનો વિશાળ બોજ પોતાના કંધે ઉપાડી શકતા હતા. જેમની કાર્યશૈલી અને શિક્ષણ અંગેના ચિંતને જ સરસ્વતી વિદ્યામંડળની સંસ્થાઓનો વિકાસ થયો.

કોણ હતી એ ઓજસ્વી અને તેજસ્વી પ્રતિભાઓ ?

હિંમતભાઈ, ગોપલાની, વિઠ્ઠલભાઈ,

પ્રતિભા શકુંતલા સાથ

કર્યા સપના સાકાર સપૂતના,

ચલાવી સંસ્થાઓ આસાન.

માર નહીં, ના ભાર, સૂત્ર કર્યું આત્મસાત

શિક્ષા-દિક્ષાના દિપક રહીને કર્યું શિક્ષણ સાકાર.

શિક્ષણ જગતના આ સિતારા

પામ્યા અનેક સન્માન.

કર્યો ગાંડીવ ટંકાર જ્ઞાનનો

વધારી શિક્ષણની શાન.

કલકત્તાનું ભવાનીપુર... ત્યાંથી ગુજરાતી શાળાના એક શિક્ષક શ્રી હિંમતભાઈ દવે. ત્યાંની પ્રતિકૂળ આબોહવાને કારણે કલકત્તા છોડવાની વિચારણામાં હતા અને ત્યાં જ રઘુભાઈ સાથેની મુલાકાત પછી તેઓ સરસ્વતીમાં જોડાયા. તેઓમાં વહીવટી કુનેહ ગજબની અને વ્યવહાર-કુશળતા પણ ભારે. તેઓ એક નિષ્ઠાવાન, કાર્યકુશળ અને વિશ્વાસુ વહીવટદાર તરીકે 'સરસ્વતી'નું

અવિભાજ્ય અંગ બની ગયેલા. શાળાની પ્રગતિ અને પ્રતિષ્ઠામાં વધારો કરવા માટે તેઓએ આજીવન યોગદાન આપ્યું.

સરસ્વતીની પ્રસ્થાપિત પ્રણાલિઓનું જતન કરી નવી કેડીએ કંડારેલ અન્ય સિતારા કોણ હતા ?

એ હતા સરસ્વતીને આકસ્મિક રીતે જ મળી આવેલ શ્રી સુજ્ઞોમલ ગોપલાનીજી. દેશના ભાગલા સમયે સરહદને પેલે પારથી હિજરત કરીને આવેલાં નિરાશ્રિતોની અવદશા રઘુભાઈ અને જશીબહેને જોઈ. આ વિસ્થાપિતોનાં રખડતાં-ભટકતાં બાળકોને આવકારીને રઘુભાઈએ એક સિંધી શાળા શરૂ કરી. આ દંપત્તિની હૂંફ સાથે બાળકો એક નિરાશ્રિત બિનગુજરાતી સદ્‌ગૃહસ્થ શ્રી સુજ્ઞોમલ ગોપલાનીની નિશ્રામાં દેખભાળ પણ પામ્યા. ગણિત-વિજ્ઞાનના શિક્ષક તરીકે નિયુક્તિ પછી તેઓની કર્મઠતા તથા નિષ્ઠાને આધારે થોડાં જ વર્ષોમાં ક્રમશઃ સરસ્વતી વિદ્યાલય અને અસારવા વિદ્યાલયના આચાર્ય તથા સરસ્વતી વિદ્યામંડળના સહમંત્રી પદે આરૂઢ થયા અને આજીવન સરસ્વતી સાથે સ્નેહના અતૂટ બંધનથી બંધાયેલા રહ્યાં. રઘુભાઈ દ્વારા સજ્જન સંતનું બિરુદ પામેલ શ્રી ગોપલાનીજીને સરકારે શ્રેષ્ઠ શિક્ષકના રાષ્ટ્રીય પુરસ્કારથી પુરસ્કૃત કરીને શિક્ષણજગતની યશોગાથામાં એક પીછું ઉમેર્યું.

સરસ્વતીના શિક્ષણયજ્ઞના અણધાર્યા અને કદી ન ભૂલાય તેવા સહયાત્રી, સરસ્વતી વિદ્યામંડળના આપ્તજન અને જે.એન. બાલિકા વિદ્યાલયના પ્રથમ આચાર્યા એટલે શકુંતલાબહેન. જેમના મુઠ્ઠીભર હાડકાંમાં ગજવેલ ભર્યું હતું. શકુંતલાબહેન એટલે સંસ્થાની પ્રણાલિઓને અનુસરતા એક પ્રમાણિક સૈનિક. વરસાદની હેલી હોય કે હુલ્લડો-તોફાનો હોય પણ શિસ્ત, સમયપાલન અને નિયમિતતા માટે ક્યારેય બાંધછોડ નહીં. એમના સંસ્મરણો વિદ્યાલયના ખૂણેખૂણામાં અંકાઈ ગયા છે. કન્યા કેળવણીની અનોખી સૂઝને કારણે જે. એન. બાલિકાને એક ગર્લ્સ સ્કૂલ તરીકેનું વ્યક્તિત્વ, નીતિનિયમો અને ધારાધોરણો તેમણે જ આપ્યા છે. સરસ્વતી વિદ્યાલયની આ એવી બારસાખ હતી જે મંડળના બીજા અનેક કાર્યક્રમો માટે ક્યારેક દીવો બની જતાં, ક્યારેક સાથિયો બની જતાં તો ક્યારેક આસોપાલવનું તોરણ.

ખેરાલુ જેવા એક નાનકડા ગામડેથી ધોતી-ટોપી પહેરીને સરસ્વતીમાં ધોરણ ૯માં દાખલ થયેલ વચનબદ્ધ વિદ્યાર્થી વિઠ્ઠલભાઈ. આજીવન સારસ્વત, શિક્ષણપ્રેમી અને અસંખ્ય વિદ્યાર્થીઓના જીવનઘડતરમાં જેમણે જિંદગીના મહત્તમ વર્ષો સમર્પિત કર્યા તેવા સરસ્વતી વિદ્યામંડળના પૂર્વ વિદ્યાર્થી, શિક્ષક, ઉમદા આચાર્ય, સરસ્વતી વિદ્યામંડળના મંત્રી અને ઘરશાળાના તંત્રી તથા ગુજરાત સરકાર અને કેન્દ્ર સરકાર તરફથી શ્રેષ્ઠ શિક્ષકના પુરસ્કારથી સન્માનિત શ્રી વિઠ્ઠલભાઈ ઓઝા. તેઓની કાર્યરીતિમાં સરળતા, નિખાલસપણું અને પારદર્શિતાનું પ્રતિબિંબ પડ્યા વિના ના રહે. તેઓ આજીવન રઘુભાઈના પડછાયાની જેમ જીવ્યા અને સરસ્વતી વિદ્યામંડળની વિકાસયાત્રામાં અમૂલ્ય ફાળો આપ્યો.

અને યોગાનુયોગ તો જુઓ ! રઘુભાઈ અને વિઠ્ઠલભાઈ બંનેનો જન્મદિન, સ્વતંત્રતા દિન અને પ્રજાસત્તાક દિનના રાષ્ટ્રીય પર્વોના દિવસે જ જાણે કે ભગવદ્ ગીતા ઉપર વાંસળી મૂકી હોય !

એટલું જ નહીં પણ અમદાવાદના ઈસ્ટ ઍન્ડમાં જ્ઞાનની દીપિકા પ્રકાશિત કરવા માટે રઘુભાઈએ જે જ્યોત પ્રગટાવી તે જ્યોતને પ્રકાશિત રાખવાના પ્રયત્નમાં સર્વશ્રી જગદીશભાઈ પાઠક, કાંતિભાઈ શુકલ, જયંતીભાઈ મહેતા, હિંમતભાઈ ખાટસુરિયા, જયંતીભાઈ ગજ્જર, કાંતાબહેન શાહ જેવા અનેક આજન્મ શિક્ષકોની એક જ વાત હતી.

જ્ઞાનદીપ પ્રગટાવવો છે આપણે,
તિમિરપથ અજવાળવો છે આપણે,
કૃષ્ણકૃત્ય કરવાનું છે આપણે,
અસમંજસી અર્જુનને પ્રેરવાનો છે આપણે.

આમ આ ઋષિ દંપત્તિ ટોપલીમાં તેજ લઈને નીકળી પડ્યું અને રસ્તાઓ મળતા ગયા.

રઘુભાઈ સંસ્થાના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને જ શૈક્ષણિક કે બિનશૈક્ષણિક કાર્ય માટે પસંદગીમાં અગ્રીમતા આપતા. શૈક્ષણિક ક્ષેત્રમાં કેટલાયે સારસ્વતને નિમણૂક આપી તાલીમબદ્ધ પણ કર્યા, ઉચ્ચ અભ્યાસની તક આપી. એક સમય એવો હતો કે સરસ્વતી સંસ્થાઓમાં વહીવટી વિભાગથી શિક્ષણ વિભાગ સુધી તમામ કર્મચારીઓ સારસ્વત જ હતા કારણકે રઘુભાઈની મહેચ્છા હતી કે સરસ્વતી વિદ્યામંડળનું સંચાલન સારસ્વતો દ્વારા જ થવું જોઈએ. પોતાની માતૃસંસ્થામાં શિક્ષક અને આચાર્ય પદે આરૂઢ થઈ સેવા આપનારા અને સંસ્થાને સંપૂર્ણ સમર્પિત એવા શ્રી જ.કા.પટેલ, અસારવા વિદ્યાયલના આચાર્યશ્રી જશવંતસિંહ સોલંકી, શ્રી નંદુભાઈ રાવલ એ રઘુભાઈના મનસૂબાનું જ પરિણામ હતું. સરસ્વતીની આ વિકાસકૂચમાં સરસ્વતીમાંથી મળેલ પાથેયમાંથી તેઓએ વિદ્યાર્થીઓનું ઘડતર કર્યું અને પોતાની કાર્યશૈલીથી સરસ્વતીના પ્રીતિપાત્ર બન્યા. સરસ્વતી વિદ્યામંડળની સંસ્થાઓના અન્ય આચાર્યો સર્વશ્રી કલ્પનાબહેન દૂધિયા, કેશુભાઈ પટેલ, આશાબહેન વૈદ્ય તથા ભીખુભાઈ પટેલ પણ સરસ્વતીના પ્રવાહો સાથે તાલ મેળવતા રહ્યાં અને શિક્ષણકાર્યને આગળ વધારતા રહ્યાં. વળી સરસ્વતી વિદ્યામંડળના વિશ્વાસુ કાર્યકર અને કાર્યાલયને વધુ કાર્યક્ષમ બનાવનાર શ્રી હેમુભાઈ ઠાકોર પણ સંસ્થાનું ગૌરવ છે.

રઘુભાઈની કલાદૃષ્ટિ પારખીને જ, સાંસ્કૃતિક એકતા માટે અને શિષ્ટ સંગીતની સમજ ધરાવનાર સમાજનું નિર્માણ કરવા માટે વિદ્યાર્થીઓને શિક્ષણ સાથે સંગીત શિક્ષણ આપવા સંગીત વિશારદ શ્રી ભગવતીભાઈ દવેએ રેલવેની સરકારી નોકરી છોડીને સરસ્વતીને પોતાની કર્મભૂમિ બનાવી અને સમય જતાં સંસ્થાના સંગીત શિક્ષકોના તેઓ પ્રેરકબળ રહ્યા. અષાઢીકંઠ એ તેમની મોટી મિરાત હતી. અનેક ઊંચા ગજાના કવિઓની પ્રાકૃતિક તથા પ્રેરણાદાયી રચનાઓને આબાદ રીતે સ્વરબદ્ધ અને લયબદ્ધ કરીને ભક્તિસંગીત બિરાદરીના તેઓ મુખ્ય ચાલકબળ રહ્યા. સરસ્વતીના સંગીત વારસાને ઉજાગર કરનાર સંગીત વિશારદ શ્રી રક્ષાબહેન પણ સરસ્વતી વિદ્યામંડળના સંગીતના સૂરોમાં અને વાદ્યોના કંપનોમાં આજે વસે છે. સંગીતની દુહાઈઓ આપીને તેમણે સંસ્થામાં સંસ્કારિતાનો વ્યાસ વધાર્યો છે.

રઘુભાઈની આકાશગંગાના આ નામાંકિત શિક્ષકોના સમૂહના શિક્ષણ પ્રત્યેના સમર્પિત જીવન, શિક્ષણ પદ્ધતિ તથા વિદ્યાર્થીઓના વિકાસ માટેની વિવિધ પ્રવૃત્તિઓની સુવાસ ચોમેર પ્રસરી રહી. આથી આસપાસના વિસ્તારોમાંથી પણ બાળકો અહીં વિદ્યાભ્યાસ માટે આવતા. સરસ્વતી વિદ્યામંડળે વિસ્તારના લોકોમાં ભણવાની ભૂખ જગાડી અને જ્ઞાનની કેડીએ ચાલતા શીખવાડ્યું. તેમાં અસારવા વિસ્તારના રહીશોની માગણીને ધ્યાનમાં લઈ ઈ.સ. ૧૯૫૩માં શ્રી મોરારજીભાઈ દેસાઈના વરદ્ હસ્તે અસારવા વિદ્યાલયની શરૂઆત કરવામાં આવી. જશીબહેને આ શાળાના પ્રથમ આચાર્યા પદની જવાબદારી કોઈપણ જાતના હિચકિચાટ વગર સંભાળી અને શાળાના ઘંટારવના નાદ સાથે પોતાનું જીવન જોડીને રઘુભાઈએ આદરેલા યજ્ઞને સફળ બનાવવા કમર કસી. સરસપુરમાં કન્યાઓની કેળવણી માટે અલગ કન્યા શાળાની શરૂઆત થઈ અને જે.એન. બાલિકા વિદ્યાલયનું નિર્માણ થયું અને ક્રમશઃ અસારવામાં બાલભારતી પ્રાથમિક વિભાગ અને સરસપુરમાં હિમાંશુ બાલમંદિર શરૂ કરવામાં આવ્યા. સરસ્વતી વિદ્યામંડળની વિકાસકૂચ તો હજુ જારી જ હતી. વિદ્યાર્થી વિકાસ અને માનવઘડતરના મિશનમાં સદાય અને સતત મક્કમ રહેનારા આ મિશનરીએ પછી તો સરસ્વતી કુમારશાળા નં.૧ અને સરસ્વતી કુમારશાળા નં.૨ એમ પ્રાથમિક શાળાઓનું પણ નિર્માણ કર્યું અને આજે ૭૫ વર્ષ પછી પણ આ વટવૃક્ષની પ્રત્યેક ડાળી સ્વયં એક વિશાળ વૃક્ષ બની ચૂકી છે.

# રસરાજ રસખાન

**હીરજીભાઈ નાકરાણી**

મો. : ૯૪૨૭૬૫૨૦૯૯

રસખાન એટલે રસની ખાણ. પણ રસ કયો ? કૃષ્ણ પ્રત્યેનો ઉત્કટ ભક્તિરસ. અસલ નામ તો સૈયદ ઈબ્રાહીમ. બીજું નામ તેમણે પોતે જ રાખેલું. તે હતું સુજાન રસખાન. આ તેનું ઉપનામ છે. નાગરીલિપિ સાથે ફારસી લિપિમાં પણ એક સ્થળે રસખાન અને બીજો સ્થળે રસખાં લખેલું જોવા મળે છે. ઉપરોક્ત પ્રમાણના આધારે કહેવાય છે કે સૈયદ ઈબ્રાહીમે પોતાનું નામ રસખાન એટલા માટે રાખવાની પરંપરાનું પાલન કરવા માટે રસખાને પણ પોતાનું નામ ખાનની પહેલાં રસ લગાડીને સ્વયં રસથી ભરેલ ખાન કે રસીલે ખાનની ધારણા સાથે કાવ્ય રચના કરી હતી. તેમના જીવનમાં ક્યારેય રસની ઊણપ નહોતી રહી.

રસખાન એક જાગીરદાર પઠાણ પરિવારના નબીરા હતા. તેથી તેમનું લાલનપાલ બહુ લાડકોડ અને સમૃદ્ધિમાં થયું હતું તેથી એમ કહેવાય છે કે તેમની કાવ્ય રચનાઓમાં કોઈ વિશેષ પ્રકારની કટુતાનો તદ્દન અભાવ જોવા મળે છે. સાધન સંપન્ન પરિવારમાં ઉછેર થવાના કારણે શિક્ષણ પણ ઉચ્ચ કોટિનું મળ્યું હતું તેમની વિદ્વતા તેમના કાવ્યો, પદો અને દોહાઓમાં જોવા મળે છે.

દિલ્હીના એક પઠાણ વિસ્તાર પિહાનીમાં સને. ૧૫૪૮ની આસપાસ તેમનો જન્મ થયેલો માનવામાં આવે છે. નાનપણથી તેમને ભગવત કથા સાંભળવામાં બહુ રસ હતો. તેમની પડોશના એક વૈષ્ણવ મહાજનને ત્યાં એક વખત ભગવત કથા શરૂ થઈ. તેમનું ધ્યાન આ કથારસ તરફ ખેંચાયું. કથા પણ સંગીતના સાજ સાથે થતી હતી. વ્યાસપીઠ પર બેઠેલ કથાકારની પાછળ કૃષ્ણની શૃંગાર મુક્ત બહુ સુંદર છબી તરફ નજર સ્થિર થઈ ગઈ. કૃષ્ણના રૂપ અને દેહલાવણ્યને વિવિધ રંગીન વસ્ત્ર પરિધાન જોઈ અંજાઈ ગયા. પછી કથા પૂરી થઈ ત્યાં સુધી કૃષ્ણને પીતા જ રહ્યા. કથા પૂરી થઈ એટલે કથાકાર વ્યાસપીઠ પરથી ચાલવા લાગ્યા તો રસખાને તેમનો રસ્તો રોકીને બહુ નમ્રતાથી પૂછ્યું: આપની પાછળ જે છબી હતી તે કોની હતી ? જવાબ મળે છે: 'કૃષ્ણની' ફરી પૂછે છે: "તેને મળવું હોય તો શું કરવું ?" વૃંદાવન જવું પડે. એવો જવાબ મળે છે. બસ પછી તો કૃષ્ણના સાક્ષાત દર્શન કરવા વૃંદાવન તરફ નીકળી પડ્યા.

વૃંદાવન જઈને ગલીએ ગલીએ જઈને કૃષ્ણની છબી બતાવીને પૂછે છે: આ માણસ મને ક્યાં મળશે ? બહુ લોકોને પૂછતા રહ્યા પણ કોઈ તરફથી ગળે ઉતરે તેવો જવાબ ન મળ્યો. તેથી તેઓ ત્યાંથી ચાલી નીકળ્યાને આવ્યા ગોપાલપુર. ત્યાં પણ કૃષ્ણના દર્શન કરવા ખૂબ ફાંફા માર્યા. છેવટે તેમને કોઈએ શ્રીનાથજીના મંદિર તરફ આંગળી ચીંધી. મંદિરનો દરવાજો બંધ હતો બહાર દ્વારપાળ રખોપું કરવા ખડે પગે ઊભો હતો. તેણે આ દ્વારપાળને જ પૂછ્યું પણ તેણે તો આ મુસ્લિમને ધક્કો મારીને દૂર ખસેડી દીધો ને કહ્યું : "અહીં મુસ્લિમોને પ્રવેશ મળતો નથી. સાંભળીને ખૂબ નિરાશ થયા. તેમની આકાંક્ષા ઉપર પહેરેગીરે પાણી ફેરવી દીધું. પછી તેમણે નક્કી કરી લીધું કે હવે મને શ્રીકૃષ્ણના દર્શન નહીં થાય. હવે જીવવું શા કામનું ? અન્ન જળનો ત્યાગ કરી ગોવિંદકુંડ પર કલાકો સુધી અંતરની પ્રબળ ઈચ્છાને દબાવી બેસી જ રહ્યા એમ કહેવાય છે કે રસખાનની ઉત્કટ અંતરવેદના શ્રીકૃષ્ણ સુધી પહોંચી ગઈ. શ્રીકૃષ્ણથી રસખાનની વેદના સહન ન થઈ. છેવટે શ્રીકૃષ્ણે બહાર આવીને સાક્ષાત્ પ્રગટ થઈ દર્શન કરાવ્યા. કૃષ્ણનું અસલ સૌંદર્ય જોઈને રસખાન આભા જ બની ગયા. ઘડીભર જોતા જ રહ્યા. શ્રીકૃષ્ણનું લાવણ્ય અને અલંકૃત દેહ જોઈને અભિભૂત થઈ ગયા. કશું બોલવા જાય છે એટલામાં તો શ્રીકૃષ્ણ અંતર્ધાન થઈ ગયા.

બીજી એક વાત એવી છે કે તેમના પડોશમાં એક વૈષ્ણ પરિવાર રહેતું હતું તેને ત્યાં એક સુંદર બાળક હતું.

આ બાળકની સુંદરતા પ્રત્યે રસખાનને અનુરાગ પેદા થયો. એટલે બાળકને વહાલથી બોલાવે, રમાડે ને ગમ્મત કરાવે અને તેના માટે અવાર-નવાર ખાવાનું લઈ આવે, જે મગાવે તે લાવી પણ આપે, આમ બંને વચ્ચે પૂર્વ જન્મનો કોઈ ઋણાનુબંધનો સંબંધ હશે એમ મનાવા લાગ્યું. પરિણામે એક સમય એવો આવ્યો કે રસખાનને બાળક વગર ન ચાલે અને બાળકને રસખાન વગર ન ચાલે એવા સંજોગો ઊભા થયા. આમ જુઓ તો એક ચુસ્ત હિન્દુ પરિવારનું સંતાન તો બીજી બાજુ મુસ્લિમ. આમ ધર્મનો ભેદ હતો. ઉંમરનો પણ આસમાન જમીનનો તફાવત હતો. પારિવારિક સંસ્કારો પણ ભિન્ન. છતાં બંને વચ્ચે કુદરતી પ્રેમની ગાંઠ એટલી લીંગઠ થઈ ગઈ હતી કે છૂટે એવી કોઈ શક્યતા જ ન રહી.

એક દિવસ એવું બન્યું કે બાળકને ગમતી વસ્તુ બજારેથી લઈને તેને આપવા જતા હતા ત્યારે રસ્તામાં ચાર વૈષ્ણવો સામે મળ્યા. તેઓ રસ્તામાં વાત કરતા કે આ માણસને વૈષ્ણવપુત્ર પર જેટલો પ્રેમ છે તેટલો જો શ્રીનાથજી ઉપર પ્રેમ કરવા લાગે તો તેનો બેડો પાર થઈ જાય. આ વાત રસખાને કાનોકાન સાંભળી. એટલે પૂછ્યું, "આપ જે શ્રીનાથજીની વાત કરી રહ્યા છો તેમનું રૂપ કેવું છે ?" તરત જ એક વૈષ્ણવે પોતાના થેલામાંથી એક અતિ સુંદર છબી કાઢી. જોતા જ રસખાન પુનઃ આભા થઈ ગયા. કૃષ્ણ પ્રેમ વધ્યો. પેલા બાળક પરનો મોહ-આસક્તિ ઓસરવા લાગ્યા. કૃષ્ણની મૂર્તિ હૃદયમાં અંકિત થઈ ગઈ. કૃષ્ણ પ્રેમની તડપન વધવા લાગી.

મીરાની જેમ વૃંદાવનમાં બેસી ગયા. મનની શાંતિ અને ભગવતાનંદ મળતા શ્રીમદ્ ભાગવતનો ફારસીમાં અનુવાદ કર્યો. તે સમય દરમિયાન એક શાહી પરિવારની રૂપસુંદરી સાથે સંબંધની વાત વહેતી થઈ. રૂપરૂપના અંબાર સમી આ યુવતીએ રસખાન સમક્ષ કેટલીક શરતો મૂકી. રસખાન તો શ્રીમદ્ ભાગવતના અનુવાદમાં બરાબરના ખૂંપી ગયા હતા. લખતા લખતા કૃષ્ણ અને ગોપીઓના વિરહનો પ્રસંગ આવ્યો. આ પ્રસંગે ભાવિજીવનની કલ્પનામાં ઊંડા ઉતારી દીધા એને થયું કે જે નંદકુમારના રૂપ ઉપર હજારો ગોપીઓ ઓળઘોળ થઈ જતી હોય તે નંદકુમાર સાથે જ પ્રેમ શા માટે ન કરવો ?

કૃષ્ણ પ્રત્યે ઉત્કટ ભક્તિભાવ જાગ્યો ને પેલી રૂપવતી યુવતીના શરતી પ્રેમને ધક્કો મારીને અંતરમાંથી મુક્ત કરી દીધો અને આ સાંસારિક પ્રેમ હવે કૃષ્ણના દિવ્ય પ્રેમમાં પરિવર્તિત થઈ ગયો. સંસાર છૂટી ગયો ને કૃષ્ણભાવનો ઉદય થયો. પછી તેઓ સંપૂર્ણપણે કૃષ્ણભાવમાં ડૂબી ગયા. વૃંદાવનમાં આવી કાલિંદીના શીતળ જળમાં પવિત્ર સ્નાન કરી નિર્મળ, નિર્મોહ અને પવિત્ર બની ગયા. વૃંદાવનના વન-ઉપવનના વૃક્ષો, વલ્લરીઓ, પર્વતો અને જંગલના ઝરણાઓ સાથે આત્મિયતા બંધાઈ ગઈ. હવે કૃષ્ણભક્તિ સિવાય બીજું કશું જ ન રહ્યું. પછીનો સમય શ્રીકૃષ્ણને સખ્ય ભાવે ભજીને અંત સુધી કૃષ્ણગાન કરતા હતા.

હિન્દી સાહિત્યના કૃષ્ણભક્ત રીતિ કાલિન કવિઓમાં નહીં પણ રસખાન રીતિમુક્ત કવિઓમાં મહત્ત્વનું સ્થાન ધરાવે છે. તેમના કાવ્યોમાં કૃષ્ણ ભક્તિ અને શૃંગાર રસ બંને પ્રધાન છે. તેમજ સગુણ અને નિર્ગુણ, નિરંજન, નિરાકાર પ્રત્યે તેઓ અત્યંત શ્રદ્ધાવાન પણ છે. શૃંગારની નિષ્પત્તિમાં તેઓ કૃષ્ણની વિવિધ લીલાઓ જેમ કે; બાળલીલા, રાસલીલા, ફાગલીલા, કુંજલીલા વગેરેનું સુંદર વર્ણન તેમના કાવ્યો, પદોમાં જોવા મળે છે. તેમણે પોતાના પદો કે કાવ્યોને સીમિત પરિધિમાં સસીમિત લીલાઓને બખૂબી બાંધેલ છે. ભારતેન્દુ હરિશ્ચંદ્ર, મુસ્લિમ હરિભક્તો માટે લખે છે; "આ મુસલમાન હરિજન પર કોટિન હિન્દુ વારિયે." તેમાં રસખાનનું સ્થાન સર્વોપરી છે. બોધા અને આલમ પણ આ જ પરંપરામાં ગણાય છે.

**કાવ્યપક્ષઃ**

● **ભાવપક્ષ :** રસખાનની કાવ્ય સાધનામાં છ પ્રકારના સ્થાયીભાવો ઊભરી આવ્યા છે.

૧. રતિભાવ, ૨. નિર્વેદભાવ, ૩. ઉત્સાહ, ૪.

હાસ્યભાવ, ૫. વાત્સલ્યભાવ, ૬. ભક્તિભાવ. એક વાત પર ધ્યાન દેવા જેવું છે કે તેમણે પરંપરાગત ભાવોને જ ગૌરવ આપ્યું છે. જેમાં અનન્યત્તમ ભાવ રતિનો છે. જુગુપ્સા, વિસ્મય, શોક અને ભયના ભાવની તેમણે ઉપેક્ષા કરી છે. તેનું મૂળ કારણ એવું જાણવામાં આવ્યું છે કે અન્ય ભાવોનો રતિભાવ સાથે મેળ ખાતો નથી. રસખાન એક એવા ઉત્કટ પ્રેમીજીવ છે એટલે તેમણે પોતાની કવિતાઓમાં ત્રણ પ્રકારના રતિભાવને પ્રગટ કર્યા છે. રતિ, વાત્સલ્ય અને ભક્તિ. આ ત્રણે ભાવમાં જ મોટાભાગની કાવ્ય રચના કરી છે. જે ભાવો તેમને વધુ સહાયક કે મદદરૂપ બની શકતા હતા તેનું યથાસ્થાને, યથાસમયે, યથાગાન કર્યું છે. બીજું એક કારણ એ પણ ગણવામાં આવે છે તેની મોટાભાગની રચનાઓ મુક્તક પ્રકારની છે. એટલે પ્રબંધ કાવ્યની જેમ તેમાં તમામ પ્રકારના ભાવોને પ્રગટ કરવાની જરૂર પણ નથી પડી.

**કલાપક્ષ :**

મોટાભાગના કવિઓ પોતાની રચનાઓમાં ચમત્કાર પેદા કરવા માટે વિવિધ અલંકારોનો બળજબરી પૂર્વક ઉપયોગ કરતા હોય તેવું જોવા મળે છે. પણ રસખાનની નજર ભાવ અને રસના પ્રવાહ પર કેન્દ્રિત રહી છે. ભાવ અને રસાભિવ્યક્તિને સર્વોત્કૃષ્ટ ઊંચાઈ પર લઈ જવા માટે અલંકારોનું સહજ નિયોજન કરવામાં આવ્યું છે. ઉચિત સ્થાન પર ઉચિત સમયે ઉચિત અલંકારોનો વિવેકપૂર્ણ સદુપયોગ તેમણે કર્યો છે. તાણી-ખેંચીને કૃતિને વધુ પ્રભાવી બનાવવા માટે ક્યાંય ઉપયોગ થયો નથી તે તેમની વિશેષતા છે. શબ્દાલંકારોમાં પ્રાસ, અનુપ્રાસ અને અર્થાલંકારોમાં ઉપમા, ઉત્પ્રેક્ષા અને રૂપકની ગૂંથણીમાં રસખાનની વિશેષ કુશળતા ઊડીને આંખે ચડે તેવી રહી છે. અલંકારોની સુંદર ગૂંથણીને કારણે તેમની કાવ્ય રચનાઓમાં કલાપક્ષ નિ:સંદેહ નિખરી ઊઠ્યો છે.

**કાવ્યભાવ અને ભાષા:**

રસખાન પોતે ત્રણ ભાષાના જ્ઞાતા હતા, હિન્દી, અરબી અને સંસ્કૃત. આ ત્રણે ભાષાઓ પર તેમનું સારું એવું પ્રભુત્વ હતું. ફારસીમાં તો તેમણે શ્રીમદ્ ભાગવતનો અનુવાદ કરવાની હિંમત કરી કુશળતા મેળવી લીધી હતી. તેમના ઘરમાં જ આ ત્રણે ભાષાનું વાતાવરણ બંધાયેલું જ હતું એટલે તેમને કોઈ શાળા, મદ્રેસામાં ભાષા શીખવા જવાની જરૂર પડી નહોતી.

સૈયદ ઇબ્રાહીમ-રસખાનના કાવ્યોનું મધ્યબિંદુ ભગવાન શ્રીકૃષ્ણ છે. તેથી તેમણે માત્ર કૃષ્ણ લીલાના જ ગુણગાન કર્યા છે. તેમના તમામ પદોમાં કૃષ્ણભક્તિ અને કૃષ્ણ પ્રીતિ સિવાય બીજું કંઈ જ જોવા મળતું નથી. કૃષ્ણને માધ્યમ બનાવીને કેટલાંક તેમણે સૂફી પદોની રચના પણ કરી છે, જે તેમની પ્રેમ વાટિકામાં જોવા મળે છે.

સોળમી સદીમાં વ્રજભાષા સાહિત્ય સ્વરૂપે પ્રતિષ્ઠા પામી ચૂકી હતી. ભક્ત સૂરદાસના કાવ્ય ધારાએ વ્રજભાષાને સાર્વદેશીય કાવ્ય ભાષા બનાવી દીધી હતી પરંતુ તેમાં ભાષા સૌષ્ઠવ કરતા ભાવ સૌષ્ઠ વધુ ખીલી ઊઠ્યું હતું. એટલા જ માટે બાબુ જગન્નાથ રત્નાકરે વ્રજભાષાનું વ્યાકરણ બનાવતી વખતે રસખાન, બિહારીલાલ અને ધનાનંદના કાવ્ય અધ્યયનમાં સુરદાસ કરતા રસખાનનું વધુ મહત્ત્વ અંકાયું છે.

**યુગબળ:**

હિન્દી સાહિત્યનો ભક્તિયુગ એટલે ભક્તિ સાહિત્યનો સુવર્ણયુગ. આ યુગમાં હિન્દીના મહાન કવિઓ, જેમ કે સંતકબીર, સૂરદાસ, મલિક મુહમદ જાયસી, વિદ્યાપતિ, તુલસીદાસ, કેશવદાસ, નંદદાસ અને રસખાન વગેરે કવિઓએ પોતપોતાની વિશિષ્ટ કાવ્યરચના થકી હિન્દી સાહિત્યના ભંડારને ખૂબ સમૃદ્ધ કર્યો છે. ૧૭મી સદી એટલે હિન્દી સાહિત્ય વિકાસ ભક્તિયુગ, સૂરદાસ તુલસીદાસ મીરા અને રસખાન વગેરેની રચનાઓએ ભક્તિયુગને ગૌરવ પણ અપાવ્યું છે.

ભક્તિનું જે આંદોલન દક્ષિણ ભારતમાં પેદા થયું તેના પડઘા હિન્દી સાહિત્યના ભક્તિકાળ સુધી સમગ્ર ભારતમાં

પ્રસરી ગયું હતું તેથી વિભિન્ન ભક્તિધારાઓ ઉત્તર ભારતમાં ફેલાઈ ચૂકી હતી. ધર્મ, દર્શન અને સાહિત્ય. આ ત્રણે ક્ષેત્રમાં તેનો ઊંડો પ્રભાવ પડ્યો હતો. એક તરફ સાંપ્રદાયિક ભક્તિનું જોર વધતું જતું હતું અને તેના કેન્દ્રમાં તીર્થસ્થળો, મંદિરો, મઠો અને અખાડાઓ હતા, જ્યારે બીજી બાજુ એવા ભક્તો પણ હતા જે કોઈ પણ પ્રકારની સાંપ્રદાયિકતાના હલન-ચલનથી દૂર રહીને ભક્તિમાં ગળાડૂબ રહેવાનું પસંદ કરતા હતા. રસખાન આ પ્રકારના અલગતાવાદી ભક્ત હતા તેઓ સ્વછંદ ભક્તિના સ્વચ્છંદ પ્રેમી હતા.

**દર્શન :**

રસખાન કૃષ્ણ ભક્ત હતા. તેની રચનાઓમાં સ્થળે સ્થળે ભક્તિરસની અભિવ્યંજના જોવા મળે છે તેથી આપણને એક કલ્પના કરવાનું જરૂર મન થાય કે તેમનું અલગ દર્શન પણ હોવું જોઈએ. મિશ્રજીએ વારંવાર કહ્યું છે કે રસખાનની રચનાઓમાં વિદેશીપણાની ઝલક જરૂર જોવા મળે છે તેઓ પ્રેમ માર્ગી સગુણ ભક્તિના કવિ હતા. લૌકિક પક્ષમાં તેમનો વિરહ ફારસી કાવ્યની વંદનાથી પ્રભાવિત છે તો અલૌકિક પક્ષમાં સૂફીઓની પ્રેમ પીડાથી તેઓ પ્રભાવિત થયા છે. તેઓ આગળ કહે છે કે સ્વચ્છંદ કવિઓએ પ્રેમપીડા સૂફી કવિઓ પાસેથી લીધી છે. એમાં કોઈ સંદેહ નથી.

**પ્રકૃતિ વર્ણન :**

રસખાનની કાવ્ય સૃષ્ટિમાં ભિન્ન ભિન્ન સ્વરૂપે પ્રકૃતિ વર્ણન નીખરી ઊઠ્યું છે. તેમના કાવ્યોમાં પ્રકૃતિ ત્રણ છટામાં જોવા મળે છે :

૧. શ્રીકૃષ્ણની વિહાર ભૂમિ વૃંદાવન, કરીલકુંજ કાલિંદી નદીકુળ વગેરેનું વિશદ વર્ણન તેમના કાવ્યોમાં સહચારી રૂપે જોવા મળે છે.

૨. સંયોગ અને વિયોગ શૃંગારમાં પ્રકૃતિ માનવની પોષક અને પ્રેરક રહી છે. કૃષ્ણ સાથે ગોપીઓનું મિલન અને વિરહ વર્ણનમાં રસખાને પ્રકૃતિને ઉદ્દીપન વિભાવન અંતર્ગત બતાવેલ છે.

૩. સાથે સાથે રસખાને પોતાના આરાધ્ય કૃષ્ણના મૃદુ અને સૌંદર્યમય પક્ષના નીરૂપણ માટે પ્રકૃતિને અલંકાર સ્વરૂપે અપનાવી છે.

આમ સમગ્ર દૃષ્ટિએ રસખાન કૃષ્ણના પ્રેમ દરબારમાં સ્વચ્છંદી ગાયક તરીકે ઊભરી આવ્યા છે. તેમણે પોતાની તમામ રચનાઓમાં કૃષ્ણપ્રેમનું માધ્યમ સ્વીકાર્યું છે. ભારતીય હિન્દુ સમાજને મુસ્લિમ કવિ રસખાનની આ એક બહુ મૂલ્ય ભેટ ગણાય છે. કેટલીક લીલાઓમાં કોઈ સ્થળે આધ્યાત્મિકતાની ઝલક પણ જોવા મળે છે. આગળ જણાવ્યા મુજબ તેમણે કૃષ્ણની તમામ લીલાઓના દર્શન કાવ્ય સાહિત્યમાં કરાવ્યા છે.

**રસદર્શનઃ**

રસખાને ખાસ કરીને સવૈયા, કવિત અને દોહાના સ્વરૂપમાં જ મોટાભાગની રચનાઓ કરી છે. આમાંથી આપણે તેમના દોહાનો રસાસ્વાદ માણીએ.

અલૌકિક પ્રેમ અને લૌકિક પ્રેમ અંગેની તેમની સમજ ઘણી ઊંડી છે. બહુ સરળ અને સાદી વ્રજભાષાનું પોતાનું સૌંદર્ય પણ તેમાં ઝળકી ઊઠ્યું છે.

*પ્રેમ પ્રેમ સબ કોઉ કહૈ કઠિન પ્રેમ કી ફાંસ,*
*પ્રાન તરફરિ નિકરૈ નહીં કેવલ ચલત ઉસાંસ.*

સંસારમાં પ્રેમની વાતો તો ખૂબ થાય છે પણ પ્રેમનું બંધન બહુ કઠોર હોય છે. પ્રેમમાં પ્રાણ ત્યાગ નથી થતો પણ પ્રેમીને મળવાની તીવ્ર લડપન હોય છે. આમાં શ્વાસ ઊલટો ચાલે છે પ્રેમી પ્રેમમાં સતત વિહ્વળ રહે છે.

*પ્રેમ પ્રેમ સોઉ કહત, પ્રેમ ન જાનત કોઉર,*
*જો જન જાનૈ પ્રેમ તો મરૈ જગત ક્યોં રોય.*

સંસારમાં બધા લોકો પ્રેમની મોટી મોટી વાતો કરે છે પણ કોઈ સાચા પ્રેમને જાણતા નથી જે માનવી ખરેખર પ્રેમ ભાવને જાણી લે છે તેણે સંસારમાં રડવાની કે આંસુ સારવાની જરૂર નથી હોતી. પ્રેમ તો આનંદનો સાગર છે તેમાં દુઃખ-દર્દનું ક્યાંય નામોનિશાન નથી હોતું.

*પ્રેમવારુની છાવિકૈ બરુન ભય જલધીશ*
*પ્રેમ હિ તે વિશપાન કરિ પૂજૈ જાત ગિરીશ.*

પ્રેમરૂપી મદીરા પીને વિષ્ણુ ક્ષીર સાગરમાં પ્રેમમય બની લમીજી સાથે રમ કરે છે એ પ્રેમનું જ કાલકૂટ વિષ પીને મહાદેવ નિલકંઠ થયા તો આખો સંસાર તેની પૂજા કરે છે.

*યૈ એ તો હૂં હમ સુન્યૌ પ્રેમ અજબો ખેલ,*
*જાંબાજી જહાં દિલકા દિલસે મેલ.*

રસખાન કહે છે કે આ સંસારમાં આપે સાંભળીએ છીએ કે પ્રેમ એક અજીબોગરીબ રમત છે. જેમાં બહાદુર એ સાહસી લોકો પોતાના પ્રાની બાજી લગાવી દે છે. ત્યારે દિલનું દિલ સાથે મિલન થતા ઈર સાથે દયનો મેળાપ થતા પરમેર સાથે એકાકાર થઈ જવાય છે.

*દો મન ઈક હો તે સુન્યૌ પૈ વહ પ્રેમ ન આહિ*
*હોઈ જ બૈધૈ તનહુ ઈક સોઈ પ્રેમ કહાહિ.*

રસખાન કહે છે કે બે માનવનું એક હોવું એવી વાત તો સાંભળી છે પરંતુ જ્યારે શરીર પ સંપૂર્ એક થઈ જાય છે ત્યારે તેને વિશુદ્ધ અને પૂ પ્રેમ કહેવો જોઈએ.

*જગમેં સબ તે અધિક અતિ મમતા તનહિ લખાઈ*
*પૈયા તનહુ તે અધિક પ્યારો પ્રેમ કહાઈ.*

આ દુનિયામાં સૌથી વધુ મોહ મમતા યક્તિના દેહથી પેદા થાય છે, પરંતુ પોતાના પ્રેમી માટે શરીરથી જો અધિક પ્રેમ લગાવ હોય તો તે સાચો ને વાસ્તવિક પ્રેમ કહેવાય છે.

*હરિ કે સબ આધીન હૈ, હરિ પ્રેમ આધીન,*
*યાહી તે હરિ આપું હી યાહી બડપ્પન દીન.*

આખું વિ પરમેરને આધીન છે પરંતુ પરમેર પોતે પોતાના ભક્તને આધીન હોય છે કેમકે ઈર પોતે પ્રેમીઓને મહવ આપે છે.

*દંપતિ સુખ અરુ વિષય રસ પૂજા નિજ્ઠાધ્યાન*
*ડૂબતેં પરે બખાનિયૈ શુદ્ધ પ્રેમ રસખાન.*

પારિવારિક સુખ, વિષય સંબંધી ઈન્દ્રિયભોગ, રાગ, મોહ, માયા, પૂજાપાઠ, ભરોસો એ ધ્યાન આ બધાને રસખાને ુલક ગી પ્રભુ પ્રત્યેના વિશુદ્ધ પ્રેમભાવને જ સૌથી વધુ ષ્ઠ એ ઉામ માન્યો છે.

*આનંદ અનુભવ હોત નહિ બિના પ્રેમ જગ જાન*
*કે વહ વિષયાનન્દ કે બ્રહ્માનંદ બપાન.*

આ સંસારમાં પ્રેમ વગરનું બધું શૂન્ય છે. સંસારના ભૌતિક સુખો એ વિષયોનો આનંદ પરમેર આનંદ તોલે ન આવી શકે. એક આનંદ ાકિ છે તો બીજો આનંદ સર્વેષ્ઠ છે જેને આપે બ્રહ્માનંદ કહીએ છીએ.

*બિન ગુન જોબન, રૂપ, ધન બિન સ્વાસ્થ્યહિત જાનિ*
*શુદ્ધ કામના તેં રહિત પ્રેમ સકલ રસખાનિ.*

કોઈ પ્રકારના ગુ વગરનો વીપ્રેમ અને ધન નકામા છે. યક્તિગત હિત કે લાભ સ્વાર્થી લોકો પોતાના પ્રેમને નથી સમજી શકતા પ વિશુદ્ધ પ્રેમ, ઈછા અને કામનાથી જુદો હોય છે. પ્રેમ જ બધા રસોની ખા છે અને પ્રેમમાં જ બધા રસો એ આનંદનો સમાવેશ થઈ જાય છે.

*પ્રેમ ફોસ ફસિ મરૈ સોઈજિયૈ સદાઉ*
*પ્રેમ મરમ જાને બિના, મરિકોઉ જીવત નહિ.*

જે યક્તિ પોતાની ઈછા, આશા, અભિલાષા કે કામના પાછળ મરી જાય છે ખરેખર તે જ યક્તિ ચિરંજીવી રહે છે પ પ્રેમભાવનો અર્થ કે વિચાર સમજ્યા વગર જે મરી જાય છે તેઓ ક્યારેય જીવતા નથી રહેતા એું જીવન પ્રેમ વગર મત્યુ તુલ્ય છે.

*વહી બીજ અંકુર વહી એક વહી આધાર,*
*કાલ, પાત, ફલ, ફૂલ સબ વહી પ્રેમ સુખમાર.*

આ સંસારનું બીજ પ્રેમ છે એ અંકુર પ છે. જે આંખ એ તેજ બ્રહ્માંડનો આધાર પ સમસાડાળીપાન પ પ્રેમનું જ અંકુર છે એ જગત પ એ પ્રેમનું જ યાપક સ્વરૂપ છે.

*પ્રેમ હરિકા રૂપ હૈ ત્યૌં હરિ પ્રેમ સ્વરૂપ*
*એક હોઈ હૈ યોં લસૈ જ્યોં સૂરજ ઔ ધૂપ.*

રસખાન પ્રેમી હતા, ભક્ત હતા અને કવિ પણ હતા. તેઓ પ્રેમને જ હરિનું સ્વરૂપ માનતા હતા તથા ઈશ્વરને સાક્ષાત પ્રેમ સ્વરૂપ માનતા હતા. પ્રેમ અને પરમાત્મામાં કોઈ અંતર નથી હોતું. જેમ સૂર્ય અને ઉષ્ણતા એક છે, સૂર્ય અને પ્રકાશ એક છે એમ જ આ બંને વચ્ચે કોઈ તાત્ત્વિક ભેદ નથી હોતો.

રસરાજ કવિ રસખાનની રસગાથા ઘણી મોટી ને વિશાળ છે. આપણે તેમાંથી કેટલાક દોહાનું રસપાન કર્યું. ઈશ્વર પ્રત્યેની તેમની પ્રેમપીડા અને તડપન એક કવિ તરીકે નહીં, પણ એક ભક્ત તરીકે અનુભવ્યું તેનું રસગાન રસખાને દિલ ખોલીને આત્મીયભાવે કર્યું છે. એક મુસ્લિમનો કૃષ્ણ પ્રત્યે આટલી તડપન હોય તે હિન્દી કાવ્ય સાહિત્યનું ગૌરવ ગણવું જ રહ્યું. ઉમદા ઘરનામાંથી આવતો આ કવિ સામાન્ય લોકોનો થઈને રહ્યો અને જીવ્યો. વળી કૃષ્ણ ભક્તિમાં પાગલ પણ થયો.

રસખાનનું ભાવપક્ષ માણ્યા પછી તેમનું કલાપક્ષ પણ બળુકું છે. કૃષ્ણનું દેહ લાવણ્ય, શરીર સૌષ્ઠવ અને અલંકારિક શૃંગારનું વર્ણન પણ માણવા જેવું છે. લખે છે,

*દેખ્યો રૂપ અપાર મોહન સુંદર શ્યામકો*
*વહ વ્રજ રાજકુમાર હિય જિય નૈનનિ મેં બરસ્યો.*

રસખાને વૃંદાવનમાં જઈને મોહનનું અપાર રૂપ સૌંદર્ય જોયું ત્યારથી વ્રજના આ રાજકુમાર હૃદયસ્થ થઈ ગયા અને નયનોમાં કાયમી નિવાસ થઈ ગયો.

*યા છવિ પૈ રસખાન અબ વારૌં કોટિ મનોજ*
*જાકી ઉપમા કવિન નહિ પાઈ રહે કહુ ખોજ.*

રસખાન કૃષ્ણના રૂપ, સ્વરૂપની સુંદરતા વિશે કહે છે કે કૃષ્ણના મનોહર રૂપ પાછળ કરોડ કામદેવ ન્યોચ્છાવર છે, જેની ઉપમા કવિ લોકો ક્યાંય પણ શોધી શક્યા નથી. કૃષ્ણના રૂપ-સૌંદર્યની કોઈના રૂપ-સૌંદર્ય સાથે તુલના કરવી અસંભવ છે.

*જોહન નંદકુમાર કો ગઈ નંદ કે ગેહ*
*મોહી દેખિ મુસકાઈકે બરસ્યો મેહ સનેહ.*

વ્રજમાં પહોંચ્યા પછી એક દિવસ શ્રીનાથજીના દર્શન કરવા રસખાન નંદજીને ઘરે પહોંચ્યા. રસખાનને જોઈને કૃષ્ણ એવી રીતે હસ્યા કે તેના પર સ્નેહ, પ્રેમ વર્ષા થવા લાગી. કૃષ્ણનો અનરાધાર સ્નેહ-પ્રેમ કૃષ્ણ થકી વરસવા લાગ્યો.

*રાધાજી માધવ સખિન સંગ બિહરત કુંજ કુટિર*
*રસિક રાજ રસખાનિ જહં કુંજત કોઈલ કીર.*

એક વખત રાધા અને માધવ સખીઓ સાથે વૃંદાવનમાં વન-ઉપવનમાં વિહાર કરી રહ્યા હતા તે દૃશ્ય જોઈને રસખાન બંનેના રૂપ, લાવણ્યનું મધુર રસપાન કરે છે ત્યારે વૃક્ષ ડાળીઓ પર બેઠેલ કોયલો પણ આ દૃશ્ય જોઈને પંચમ સૂરે ટહુકી ઊઠી.

*પ્રાતઃ ઊઠ ગોપાલ જુ કરિ સરિતા અસ્નાન*
*કેશ સંવારત છબી લખૌ સદા વહી રસખાન.*

પ્રાતઃ ઊઠીને ગોપાલ કાલિંદીના પવિત્ર નીરમાં સ્નાન કરીને વાળ ઓળી રહ્યા છે. તે દૃશ્ય જોઈને રસખાન કહે છે કે લાખો દૃશ્યમાં આ દૃશ્ય અજોડ છે, બેનમૂન છે.

**સવૈયા :**

રસખાનના કાવ્ય સમૃદ્ધિમાં 'સુજાન રસખાન' નામનો કાવ્ય ગ્રંથ ખૂબ મશહુર છે. તેમાં કૃષ્ણભક્તિ છલોછલ ભરી પડી છે. તેમાંના કેટલાંક મહત્વના અને મશહૂર પદોનો રસાસ્વાદ માણીએ.

*બ્રહ્મ મૈં ઢૂંઢ્યૌ પુરાનન ગાનન, બેદરિયા સુનિ ચૌગુન ચાયન*
*દેખ્યૌ સુન્યૌ કબહૂ નક્તિ વહ સ્વરૂપ ઔ કૈસે સુભાયન*
*ટ્રેર હેરત હરિ પર્યૌ રસકાની બતાયૌન લોગ લુગાયન*
*દેખૌ દુરૌ વહ કુંજ કુટિર મેં બેઠી પલોરન રાધિકા પાયલ.*

વેદો, પુરાણો અને શાસ્ત્રો જેને નિર્ગુણ, નિરંજન, નિરાકાર પરબ્રહ્મ તરીકે ઓળખે છે અને તેનું વર્ણન કરવા પણ સમર્થ નથી એને રસખાને ભગવાન શ્રીકૃષ્ણના સાકાર સ્વરૂપે અનુભવ્યું. તેણે નિકુંજની કુટિરમાં બેસીને સ્વમાની રાધિકાના પગચંપી કરતા કૃષ્ણના દર્શન કર્યા હતા. કૃષ્ણ પ્રેમ એટલો ઉત્કટ હતો તે તેમણે કેટલાંક પદોમાં સારી

રીતે પ્રગટ કર્યો છે.

*યા લકુટી અરુ કામરિયા પર, રાજ તિહૂ પુરકો તજિ ડારૌ*
*આઠહું સિદ્ધિ, નવોંનિધિ કો સુખ, નંદકી ધેનુ ચરાય બિસારૌ.*
*રસખાન કબૌ ઈન આંખિન સોં, વ્રજ કે બન બગા તડાગ નિહારૌ*
*કોટિક હૂ કલદૌત કે ધામ, કરીલ કે કુંજન ઉપર વારૌ.*

રસખાન કહે છે કે ગોવાળિયાઓની લાકડી અને કામળી માટે જો તેને ત્રણે લોકના રાજ્યનો ત્યાગ કરવો પડે તો તે ત્યાગી દેશે, તેઓ આ માટે આઠ સિદ્ધિઓ અને નવ નિધિઓનું સુખ છોડવા તૈયાર છે. તેઓ પોતાની આંખોથી વૃંદાવનના વન, ઉપવન, બાગ બગીચા, તળાવને જીવનભર નિહાળવા ઈચ્છે છે. તેઓ વ્રજની કાંટાળી જંગલ ઝાડીઓ માટે પણ સુવાના મહેલનો ત્યાગ કરવા તૈયાર છે.

*મોર પખા સિર ઉપર રાખિહૌ, ગુંજ કી માળા ગરે પહિરૌંગી*
*ઓઢિ પીતાંબર લૈ લકુટી બન ગોધન ગવરનિસંગ ફિરૌંગી*
*ભાવ તો વહી મેરો રસખાનિ સૌં તેરે કહે સબ સ્વાંગ કરૌંગી*
*યા મુરલી મુરલીધરકી અધરાન ધરી અધરાન ધરોંગી.*

આ પદની પંક્તિઓમાં કૃષ્ણનો પ્રેમ પામવા માટે ગોપીઓ ઈચ્છા અને પ્રયત્નનું વર્ણન કરવામાં આવ્યું છે. ગોપીઓ કહે છે કે તેઓ માથા પર મોરપીંછ ધારણ કરશે. માણેક માળા ગળામાં પહેરશે. પીળા વસ્ત્ર ધારણ કરી વનમાં ગાયો અને ગોવાળિયાઓ સાથે ભ્રમણ કરશે. પરંતુ તેઓ મુરલીધર કૃષ્ણના હોઠો પર લગાવેલ વેણુને પોતાના હોઠે નહીં લગાડે.

*કાનનિ વૈ અંગુરી રહિ હૈ, જબ હી મુરલી ધુનિમંદ બજૈ હૈ*
*મોહિન તાનનસોં અટા ચઢિ ગોધુન ગૈ હૈ પૈ ગૈ હૈ,*
*ટેરિ કહોં સિગરે વ્રજ લોગનિ, કાલ્હિ કોઈ કિતનો સમઝૈ હૈ,*
*માઈ રીવા મુખકી મુસકાન સમ્હારિન જૈ હૈ ન જૈ હૈ ન જૈ હૈ.*

ગોપીઓ કહે છે કે જ્યાં સુધી કૃષ્ણની વેણુ મધુર ગાન કરતી હશે ત્યાં સુધી વેણુ નાદમાં મગ્ન થઈને ગાયો પણ રવેશ પર ચડીને ગાવા લાગશે પરંતુ ગોપીઓ પોતાના કાનમાં આગંળી દબાવી દેશે જેથી એ મધુર સંગીત ન સંભળાય ગોપીઓને એવો પણ ભય છે કે જેને વ્રજવાસીઓ પણ કહી રહ્યા છે કે જ્યારે કૃષ્ણની વેણુ વાગશે તો તેની ધૂન સાંભળીને ગોપીઓ પોતાના હાસ્યને રોકી નહી શકે અને એ હાસ્ય થકી ખબર પડી જશે કે તેઓ કૃષ્ણના પ્રેમમાં કેટલી ડૂબેલી છે.

રસખાને છેલ્લે દેહ છોડતી વખતે કૃષ્ણ પાસે આગલા જન્મ માટે અંતિમ ઈચ્છા પ્રગટ કરતા કહે છે,

*માનુષા હૌં તો વહી રસખાનિ બસૌ મિલિ ગોકુલ ગાંવ કે ગ્વારન*
*જો પસુ હૌં તો કહા બસ મેરો ચરૌનિત નંદકી ધેનુ મઝારન*
*પાહન હૌં તો વહી ગિરિકો, જો ધર્યો કર છત્ર પુંરદર ધારન,*
*જો ખગ હૌં તો બસેરો કરૌ મિલિ કાલિંદી ફૂલ કદમ્બકી ડારન.*

રસખાને કૃષ્ણને અંતિમ પ્રાર્થનામાં કહે છે,

“હે પ્રભુ, તમે મને આગલા જન્મમાં મનુષ્ય બનાવવા માંગતા હો તો વૃંદાવનની પવિત્ર ભૂમિના ગોવાળિયો બનાવજો. જો મનુષ્ય યોનિમાં જન્મ લેવાને લાયક મારા પૂર્વ કર્મો ન હોય અને પશુ બનાવવા માગતા હો તો નંદ બાબાની ગાય બનાવજો જેથી કૃષ્ણ મને વૃંદાવનમાં ચરાવવા લઈ જાય, જો મને પક્ષી બનાવવા માગતા હો યમુના નદીના કિનારે ઊભેલા કદંબ વૃક્ષની પર બેસું એવું પક્ષી બનાવજો, જેથી કૃષ્ણને નિત્ય વૃક્ષ ઉપરથી જોયા જ કરું અને તેની વેણુ નાદને સાંભળતો રહું. છેલ્લે કહે છે, જો મને પથ્થર બનાવવા માંગતા હો તો ગોવર્ધન પર્વતનો પથ્થર બનાવજો, જે ઈન્દ્રના પ્રકોપથી ઉગારી લેવા ડાબા હાથની ટચલી આંગળીએ અદ્ધર ધારણ કરી રાખ્યો હતો. મર્યા પછી પણ રસખાન કૃષ્ણનો સાથ છોડવા માગતા નથી. તેઓ નિત્ય સંબંધ જળવાઈ રહે તેવું ઈચ્છે છે. રસખાન ભલે મુસ્લિમ હતા પણ તેમની રગેરગમાં હિન્દુ લોહીના સંસ્કાર વહી રહ્યા હતા. જન્મ મુસ્લિમ પરિવારમાં થયો પણ તેમનું જીવન સંગીત કૃષ્ણગાનમાં જ પસાર થયું. તેમના મનમાં કોઈ જાતિ કોમ ભેદ રહ્યો નહોતો. તેમણે તો જન્માંત કૃષ્ણનો સાથ છોડ્યો નહીં. આવા કવિને આપણા પ્રણામ પણ ઓછા પડે એમ છે.

# સારસ્વતોની હૂંફે મરણતોલ ગુજરાતી ભાષા કેટલું જીવશે ?

**ડૉ. નાનક ભટ્ટ - શિશુવિહાર**

અખા ભગતે ગુજરાતના સંસ્કારપ્રિય લોકોને આજથી ૪૫૦ વર્ષ પહેલાં રણ જીતવાનું માતમ જણાવેલું. આમ છતાં ગુજરાતી સાહિત્ય પરિષદના છેક છેલ્લા અધિવેશનમાં પણ વિદ્વજ્જનો ગુજરાતી ભાષામાં મૂળાક્ષર, જોડણી, દીર્ઘ સ્વર અને વ્યંજનો આસપાસ પોતાની સત્ત્વશીલતા તપાસતા જોવા મળ્યા. બીજી તરફ જે વિદ્યાર્થીઓ ભાષાનું હલેસું પકડીને પોતાનું નાવડું આગળ ખેંચે છે, તેમની હાલત તો સો ડુંગળી અને સો કોરડા વેઠતા ધોબી જેવી થઈ જાય છે.

ગુજરાતી લેખક મંડળની કારોબારીના ઠરાવમાં જણાવ્યું છે કે કોઈ પણ ભાષા માહિતી-જ્ઞાન માટેના માધ્યમથી વિશેષ તો તે જે તે સમાજ અને સંસ્કૃતિ સાથે અભિન્નપણે વણાયેલી છે. આમ છતાં ધોરણ ૨ થી ૧૨ના ગુજરાત રાજ્યના પાઠ્યપુસ્તકોમાં વપરાતી ભાષામાં નર્યું શહેરીપણું જ અભિવ્યક્ત થાય છે. વિદ્યાર્થીઓ માટેના આ પુસ્તકોની ભાષા જોતાં જણાય છે કે ગુજરાત પાઠ્યપુસ્તક મંડળનાં પુસ્તકોને જાણે ડાંગ, ચરોતર, મહિનાં કોતરો, રણ કે કાંઠા વિસ્તારની સંસ્કૃતિ સાથે કોઈ સ્નાનસૂતક નથી. પરિણામે અભ્યાસક્રમના ભાગરૂપે સ્વીકારાયેલ પુસ્તકો વિદ્યાર્થીઓના નિજી જીવનથી દૂર રહી જાય છે.

ઉદાહરણરૂપે, શૈશવ નામે એક સ્વૈચ્છિક સંસ્થા દ્વારા ભાવનગર શહેરના દક્ષિણ ભાગે ૧૩,૦૦૦ બાળ શ્રમિકોનો અભ્યાસ થયો. શાળા છોડી દેનાર ૬૭૦૦ બાળકોએ કારણ જણાવતાં કહ્યું કે અમને ભણવાની મજા નથી આવતી. નેશનલ ફૅમિલી હેલ્થ સર્વેના અભ્યાસમાં સ્કૂલ ડ્રૉપ-આઉટ્સ સંબંધે જણાવાયું છે કે શહેરી સંસ્કૃતિના બૌદ્ધિકો દ્વારા તૈયાર થતાં પુસ્તકો અને તેની ભાષા ગુજરાતનાં ગ્રામીણ બાળકોની સમજમાં આવતી નથી. કરુણતાની ચરમ સીમા ત્યારે આવે છે કે ભરૂચ જિલ્લાના કેશવણ ગામની સાર્વજનિક શાળામાં ધોરણ ૧૦ની, ગત સત્રાંત પરીક્ષામાં માત્ર ૧ વિદ્યાર્થી ઉત્તીર્ણ થયો. વિદ્યાર્થીઓને પરીક્ષામાં ચોરી કરવામાં મદદ કરવા છતાં આવું પરિણામ મળવા અંગે શાળાના એક શિક્ષક મિત્રે દિલ ખોલતાં કહ્યું, "સાહેબ ! અમારા વિદ્યાર્થીઓને પ્રશ્નપત્રની ભાષા જ પકડાતી નથી !!"ને આથી આજે ગુજરાતની મહાનગરપાલિકાઓ અને એ જ જિલ્લાનાં ગામડાંઓમાં આવેલ શાળાઓનાં પરિણામોમાં પણ ખાસ્સો ફરક જોવા મળે છે. જેમ કે ધોરણ ૧૦ની ઑક્ટોબર ૧૯૯૯ની પરીક્ષામાં અમદાવાદ કેન્દ્રમાં સહુથી નબળું પરિણામ અમરાઈવાડી કેન્દ્રનું રહ્યું. આ કેન્દ્ર ઉપર ૧૦૦ એ ૬ વિદ્યાર્થી ઉત્તીર્ણ થયા, પરંતુ ખેડા જિલ્લાના પેટલાદ કેન્દ્રમાં સૌથી વધુ ૧૦૦એ ત્રણ વિદ્યાર્થી ઉત્તીર્ણ રહ્યા. વડોદરા ગ્રામ વિસ્તારના ૩૧૪૯ પરીક્ષાર્થીઓમાંથી ૧૪૪ સફળ રહ્યા. સંતરામપુરમાં ૧.૮૯ ટકા અને રાજપીપળા કેન્દ્રમાં ૨.૬૫ ટકા પરિણામ રહ્યું.

જ્યારે વડોદરા શહેરના સયાજીગંજ કેન્દ્રમાં ૧૦૦એ ૫ વિદ્યાર્થીઓ પરીક્ષામાં નાપાસ થયા તેમ ભરૂચ શહેરમાં પણ ૧૦૦એ ૮, આમ અહીં ફરી ભાષા અને વિદ્યાર્થીઓની સમજનો સંબંધ સ્પષ્ટ થાય છે.

કોશિયો પણ સમજી શકે તેવું સરળ સાહિત્ય સર્જવા ગાંધીજીએ કહ્યું. તેઓએ કુંભાર, ચમાર, સુથાર, ખેડુ અને મોચી જે ભાષા વાપરે છે તેવી સરળ ભાષાનો આગ્રહ રાખ્યો. તે પછી સ્વામી આનંદે ભાર દઈને કહ્યું કે, "મારું ચાલે તો ગુજરાતીની જોડણીમાંથી બધા વિકલ્પો કાઢી નાખું. જોડણી ઉચ્ચારણો પ્રમાણે રાખું અને જોડાક્ષરોને સમૂળગા કાપી નાખું. બોલવા, લખવા, વાંચવા અને છાપવાનું કામ

અનુસંધાન પૃષ્ઠ ૨૬ ઉપર

# સૃષ્ટિના સર્જનહારની ભૂલ

**હરિત પંડ્યા**

૨૧, મેઘાનગર, નડિયાદ.
મો. ૯૪૨૮૯૯૯૮૫૪

એક દા વિષ્ણુ ભગવાન ગરુડ પર આરૂઢ થઈને બ્રહ્માંડમાં વિચરી રહ્યા હતા.

વિહાર કરતાં કરતાં એમને બ્રહ્માજીને મળવાનું મન થઈ આવ્યું. એમણે ગરુડજીને બ્રહ્માજીના થાનકે એમને લઈ જવાનો આદેશ આપ્યો. આદેશ મળતાં જ ક્ષણાર્ધમાં તો ગરુડજી એમને બ્રહ્માજીને નિવાસે લઈ આવ્યા.

ત્રિલોકના નાથને પોતાને નિવાસે આવેલા ભાળીને બ્રહ્માજીનો પ્રસન્નતાનો પાર ન રહ્યો. એમણે ચક્રધારીને પ્રણમીને એમનું ઉમળકાભેર સ્વાગત કર્યું.

ભગવાનને, સૃષ્ટિના સર્જનહારના મુખારવિંદ પર ચિંતાના વાદળો ઘેરાએલાં ભાળીને એમણે પૂછ્યું,

"બ્રહ્માજી, આપના મુખ પરના ભાવ પરથી અમને લાગે છે કે આપ કોઈ કારણસર ભારે ચિંતાતુર છો. આપની ચિંતાનું કારણ અમે જાણી શકીએ ? સૃષ્ટિના સર્જનનું આપનું કાર્ય તો નિર્વિઘ્ને ચાલી રહ્યું છે ને ?"

"હા, ભગવન્ કિન્તુ...."

"કહો, કહો, કોઈ અંતરાય ?"

"અંતરાય તો નથી, પણ સૃષ્ટિનું સર્જન કરવામાં મારાથી એક મોટી ભૂલ થઈ ગઈ છે."

"અસંભવ ! આપનાથી ક્યારેય કોઈ ભૂલ થઈ શકે જ નહીં."

"હું આપને કહું છું એ સત્ય છે." બ્રહ્માજીએ કહ્યું.

"શી ભૂલ થઈ ગઈ છે આપનાથી ?" ભગવાને કહ્યું.

"પૃથ્વી લોક પર મારાથી એવી એક પ્રજાતિનું સર્જન થઈ ગયું છે, જે ભૂલોકની સમગ્ર જીવસૃષ્ટિનો વિનાશ કરવા સતત કાર્યરત રહે છે."

"એ વળી કયું પ્રાણી છે ? શો વિનાશ કરી રહ્યું છે એ પ્રાણી ?"

"ધરતીના ઉપવસ્ત્ર સમી, મેં સર્જેલી વનરાજીનું એ નિકંદન કાઢી રહ્યું છે. અડાબીડ વનો, ઉપવનોનો એક યા બીજા બહાને નાશ કરતું રહ્યું છે એ. એક કાળની લીલીછમ્મ ધરાને અર્ધનગ્ન કરી દીધી છે એણે.

"આ કૃત્ય તો ઘણું નિંદનીય લેખાય". ભગવાને કહ્યું.

"એ પ્રાણી આટલેથી અટક્યું નથી. મેં સર્જેલી જીવસૃષ્ટિમાંથી ઘણીબધીનું એણે નિકંદન કાઢી નાખ્યું છે. જળાશયોમાં વસતાં જળચરોમાંથી ઘણાને એ ભરખી ગયું છે. સરોવરો, નદીઓ અને સાગરોને સુદ્ધાં એણે પ્રદૂષિત કરી મૂક્યાં છે. અબોલ પશુઓના મુખમાંથી એણે એમનો ચારો ઝૂંટવીને એના પર પોતાનો હક પ્રસ્થાપિત કરી દીધો છે. વૃક્ષો પરના ફળો પર નિર્ભર પક્ષીઓ, વાનરો તથા અન્ય જીવોનો આહાર એણે છીનવી લીધો છે. અરે, ધરતીના આભૂષણ સમા ફૂલો, જે મેં પતંગિયા, ભ્રમરો તથા મધુમખ્ખીઓ માટે નિરમ્યાં હતાં, એમના પર પણ એણે પોતાનું આધિપત્ય જમાવી દીધું છે."

"આ તો જઘન્ય અપરાધ લેખાય". ભગવાનથી બોલ્યા વિના રહેવાયું નહીં. એ પ્રજાતિનો નાશ કરવાનું આપ વિચારતા નથી ?"

"હું એનો જ વિચાર કરી રહ્યો છું. એ કાર્યમાં હું શિવજીની સહાય લેવા માંગું છું. એ મને જરૂર સહાય કરશે." બ્રહ્માજીએ કહ્યું.

"શુભસ્ય શિઘ્રમ્." સારા કામમાં વિલંબ અસ્થાને છે." કહી ત્રિલોકના નાથ ત્યાંથી વિદાય થયા.

વિષ્ણુ ભગવાનની વિદાય પછી બ્રહ્માજી શિવજીને મળવા હિમાલયમાં આવેલી એમની ગુફાએ જઈ

પહોંચ્યા.

શિવજી ધ્યાનસ્થ મુદ્રામાં એમની ગુફામાં બિરાજમાન હતા. નંદીએ ગુફામાં પ્રવેશીને શિવજીને બ્રહ્માજીના આગમનની જાણ કરી. નંદીનો સંદેશો મળતાં જ શિવજી ગુફામાંથી બહાર આવ્યા અને આદરપૂર્વક એમનું સ્વાગત કરીને એમના આગમનનું પ્રયોજન પૂછ્યું. બ્રહ્માજીએ એ ભૂલોકમાં તબાહી મચાવી રહેલ પ્રજાતિ વિશે વિગતે શિવજીને વાત કરી તથા એ પ્રજાતિના વિનાશ માટે પોતાને સહાય કરવા વિનંતી કરી.

“આપે ઉલ્લેખી એ પ્રજાતિની હીમાયતભરી પ્રવૃત્તિઓથી અમે પણ અજાણ નથી અને એના સંહારની પ્રક્રિયાનો પ્રારંભ આપના આગમન પહેલાં જ અમે આરંભી દીધો છે. પૃથ્વીલોક પર ચક્રવાતો, ભૂકંપો, સુનામીઓ, અતિવૃષ્ટિ, અકાળ, દાવાનળો તથા જ્વાળામુખીઓ જેવાં સંહારક પરિબળો દ્વારા એ પ્રજાતિને નિર્મૂળ કરવા અમે સક્રિય રીતે આપને સહાય કરી રહ્યા છીએ.”

“ભૂલોક પર વિચરતી એ અનિષ્ટ પ્રજાતિના સંહારની દિશામાં આપ સક્રિય છો એ જાણીને હું ચિંતા મુક્ત થયો છું. આપના ધ્યાનમાં વિક્ષપ પાડવા બદલ હું આપની ક્ષમા માગું છું.”

“અરે બ્રહ્માજી ! આપની સમસ્યાને નિમિત્તે આપને મળવાનું સદ્‌ભાગ્ય અમને પ્રાપ્ત થયું એ અમારે મન મોટી ઉપલબ્ધિ છે. ધ્યાનમાં વિક્ષેપનો તો પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી. શિવજીએ કહ્યું.

“ધન્યવાદ ! આપની અનુજ્ઞા હોય તો રજા લઉં.”

“આવજો ! ફરી ક્યારેક દર્શનનો લાભ આપવાની કૃપા કરજો.” શિવજીએ એમની વિદાય લેતાં બ્રહ્માજીને કહ્યું.

શિવજીની વિદાય લીધા પછી બ્રહ્માજી એમના થાનકે પરત ફર્યા ત્યારે એમના ચહેરા પરના ચિંતાના વાદળો દૂર થઈ ગયા હતા.

## સારસ્વતોની હૂંફે મરણતોલ ગુજરાતી ભાષા કેટલું જીવશે ?

સૌના માટે સાવ સહેલું કરી મૂકું.” અહીં લિપિને સરળ અને અનુરૂપ કરવાની વાત છે પરંતુ કમનસીબે ગુજરાતી સાહિત્ય પરિષદ આજે પણ આગ્રહ રાખે છે કે વિદ્યાર્થી શુદ્ધ ભાષા લખતાં અને સ્પષ્ટ રીતે અભિવ્યક્ત કરતાં પહેલાં શીખે અને પછી જ બીજા વિષયનું જ્ઞાન મેળવે.

સંસ્કૃત જેવી વિશ્વની શ્રેષ્ઠ ભાષા પણ તેના અઘરાપણાને કારણે મૃતપ્રાય બની એ વાતનો ખ્યાલ દલપતરામ સમિતિને ૧૯૫૯-૬૮ આસપાસ આવ્યો. પરંતુ ગુજરાતના સાહિત્યકારોએ ભાષાના સ્વરૂપ પ્રત્યે મમત પકડી રાખ્યું. આથી આમ પ્રજામાં સસ્તાં ફિલ્મ સામયિકો અને ટી.વી.માં વપરાતી મિશ્ર ગુજરાતી ભાષા પ્રચલિત બનતી ચાલી છે. જેને રોગના એંધાણ તરીકે મૂલવવી જોઈએ. જે સામે કેટલાંક સંગઠનોએ આલબેલ પણ પોકારી છે. પરંતુ હજુ શિક્ષણના સાર્વત્રિક સંદર્ભ તરીકે ભાષાની સરળતા સ્વીકારાઈ નથી. આથી એક જ પ્રકારનાં પાઠ્યપુસ્તકોનો વપરાશ કરતાં ગુજરાતના વિભિન્ન પ્રદેશના વિદ્યાર્થીઓને નાછૂટકે અભ્યાસ છોડી દેવો પડે છે.

આપણી લોકશાહી સુવર્ણજયંતી ઊજવી ચૂકી છે. વિશ્વનો સૌથી મોટો લોકશાહી દેશ વાનપ્રસ્થ બન્યો છે. પરંતુ આપણા પાયાના પ્રશ્નો હજુ બાલ્યાવસ્થામાં જ પડ્યા છે અને આજે ૫૦ થી ૬૦ ટકાના દરેક બાળકો શિક્ષણ છોડી દેછે, તે જોતાં ૨૦૧૨ની સાલમાં તો વિશ્વનો તમામ બીજો અભણ માણસ કદાચ ભારતીય હશે !

શિક્ષણ પાછળનો પાર વિનાનો ખર્ચ એળે જાય તે પહેલાં જે પાણીએ મગ ચડે તે ઉપાય અજમાવીએ. શિક્ષણના સાધન તરીકે ભાષાને સરળ કરીએ અને ફરજિયાત સાર્વત્રિક શિક્ષણ સ્વયં એકસો ડુંગળી જેવું થઈ રહ્યું છે ત્યારે ઈચ્છીએ કે ગુજરાત પાઠ્યપુસ્તક બોર્ડના સભ્યો બીજા એકસો કોરડાની શિક્ષા નહીં ફટકારે.

# આજીવન તંદુરસ્તી માટે જીવનમાં કસરતને મહત્ત્વ આપો

**પ્રા-ગિરીશકુમાર ઈશ્વરભાઈ પટેલ**

યુ.ટી.એસ. મહિલા આર્ટસ કૉલેજ, નડીઆદ.

વારસામાં તમારા વડીલો તમને પૈસા-માલ મિલકત ધન-દોલત આપી ગયા હોય પણ તંદુરસ્તી કદાપિ વારસામાં મળતી નથી એના માટે આપણે પોતે જ પ્રયત્ન કરવો પડે. સારું આરોગ્ય તંદુરસ્તી આપણને બજારમાં વેચાતી મળતી નથી. કોઈ વ્યક્તિ પોતાની તંદુરસ્તી તમને દાનમાં પણ આપી શકતા નથી. લાંબુ રોગ રહિત ઉત્તમ જીવન મેળવવા આજીવન તંદુરસ્તી મેળવવા તમારે પોતાને જ પ્રયત્ન કરવો પડશે.

ઉત્તમ તંદુરસ્તી વ્યક્તિ પોતાની દિનચર્યાના બધા કામ કરી લે ત્યાર પછી પણ તેના જીવનમાં આવી પડેલા અણધાર્યા શારીરિક અને માનસિક કામ તે થાક, કંટાળા વગર સરળતાથી કરી શકે તેટલી શક્તિનો સંચય તેના શરીરમાં હોય તેને તે વ્યક્તિની ઉત્તમ તંદુરસ્તી ફિટનસ કહેવાય છે.

આજીવન તંદુરસ્તી માટે કસરતને મહત્ત્વ આપવામાં આવે છે તે જાણવું જરૂરી છે. મારૂતીગાડી કે સ્કૂટર, બાઈકને પેટ્રોલ વગર ના ચાલે તે જ રીતે આપણા શરીરના દરેક અંગોને પોતાના કાર્ય માટે સતત ઑક્સિજન જોઈએ. કસરત કરવાથી ઑક્સિજન વધારે પ્રમાણમાં તમારા શરીરમાં જાય છે તમારી દિનચર્યામાં શારીરિક મહેનત કે કસરત ના હોય તો શરીરમાં ઑક્સિજનનું પ્રમાણ ઓછું જાય અને તેને કારણે તમારા શરીરના નાના મોટાં બધા જ અંગોની કાર્યશક્તિમાં ઘટાડો થાય. આની સૌથી પહેલી અસર તમારી રોગપ્રતિકારકશક્તિ ઉપર થાય છે. ઑક્સિજનના અભાવથી તમારી યાદશક્તિ, જાતીયશક્તિ અને પાચનશક્તિ ઓછી થાય, શરીરમાં જાણે-અજાણે દાખલ થયેલા બધાજ ઝેરી પદાર્થોનો નાશ કરવાનું કામ ઑક્સિજન કરે છે. તેથી જ ઑક્સિજનને શક્તિશાળી ઍન્ટિઑક્સિડંટ કહેવાય છે.

કસરત કરતાં પહેલાં કસરત વિશે પૂર્ણ જાણકારી મેળવવી જોઈએ, કસરતના ચાર વિભાગ છે. કસરતના જાણકાર ડૉક્ટરની સલાહ પ્રમાણે કસરત કરી શકાય છે. કસરતના ક્યા-ક્યા ચાર વિભાગ ગણાય છે તે નીચે પ્રમાણે છે :

**(૧) હૃદય અને ફેફસાંની કાર્યશક્તિ**

તમારા શરીરની કોઈપણ જાતની શારીરિક પ્રવૃત્તિ વખતે તમારું શરીર હૃદય અને ફેફસાંની તાકાતથી કેટલી સારી રીતે શક્તિ પહોંચાડી શકે છે.

બધા જ પ્રકારની ઍરોબિક કસરતો જેવી કે ચાલવું, ધીમીદોડ, દોડવું, તરવું, સાઇકલિંગ, ડાન્સિગ, હેલ્થ કલબમાં ટ્રેડમિલ પર ચાલવાની કસરત, દાદરના પગથિયાં ચડવા-ઊતરવા વગેરે. નિયમિત કરવાથી શ્વાસોચ્છવાસની ક્રિયા ઝડપી થાય છે. ફેફસાંની કાર્યશક્તિ વધે છે ફેફસાંને પૂર્ણ રીતે ઑક્સિજન મળે છે.

આ બધી જ કસરતોમાંથી તમારી પસંદગીની કસરત એક અઠવાડિયામાં ૪ થી ૫ દિવસ ઓછામાં ઓછી ૩૦ થી ૪૦ મિનિટ કરવી જોઈએ. ઉપરોક્ત કસરતો ઍરોબિક અથવા ડાયનેમિક કસરતો કહેવાય જે કોઈ કસરત તમે કરો તે ધીમે-ધીમે શરૂ કરીને તેનું પ્રમાણ વધારવાથી હૃદયના સ્નાયુનું કદ અને તાકાત વધે છે. શરીરમાં શક્તિનો સંચાર થાય છે.

**(૨) સ્નાયુની તાકાત અને ધારકશક્તિ**

કોઈપણ જાતની શારીરિક પ્રવૃત્તિ વખતે તમારા શરીરના સ્નાયુ કેટલી શક્તિથી કામ કરે છે અને એ શક્તિનું પ્રમાણ કેટલા સમય જાળવી રાખે છે તેને સ્નાયુની તાકાત અને ધારકશક્તિ કહેવાય. આ શક્તિ માટે જવાબદાર સ્નાયુના બંધારણમાં રહેલા 'ઍક્ટિન' અને 'માયોસીન' નામના પ્રોટીન છે. આ માટે તમારે અઠવાડિયામાં ૪ થી ૫ દિવસ સૂર્યનમસ્કાર, પુશઅપ, દંડ-બેઠક, હેલ્થ કલબના સાધનોથી બેન્ચ પ્રેસ, સીટ અપ્સ

અને વજન ઊંચકવાની કસરતો કરી શકાય. આ કસરતો નિયમિત કરવાથી અને ખોરાકમાં પૂરતું પ્રોટીન લેવાથી શરીરના સ્નાયુનું કદ, તાકાત તેમજ એન્ડ્યોરાં વધે છે. શરીરમાં વધારાની ચરબી ઓછી થાય અને શરીર શેપમાં આવી જાય છે.

**(૩) શરીરનું બંધારણ**

શરીરનું બંધારણ એટલે શરીરનાં અંગોને ગણતરીમાં લીધા સિવાય તમારા શરીરમાં રહેલા સ્નાયુ, હાડકાં, ચરબી, પાણી ગણાય. તમારા શરીરમાં રહેલાં હાડકાં કેટલા મજબૂત છે, સ્નાયુ કેટલા તાકાતવાળા અને ધારકશક્તિવાળા છે અને ચરબીનું પ્રમાણ કેટલું ઓછું છે, પાણી પ્રમાણસર છે તે તમારી તંદુરસ્તી ફિટનેસ ઉપર આધાર રાખે છે. શરીરનું બંધારણ માપવા માટે ખાસ પ્રકારના સાધનો મળે છે. તમે તમારા શરીરનું બંધારણ માપી શકો છો. તમારો બોડીમાસ ઈંડેક્સ ૨૫ની અંદર હોય અને ચરબીનું યોગ્ય પ્રમાણ પુરૂષોમાં ૧૬ થી ૧૮ ટકા અને સ્ત્રીઓમાં ૨૦ થી ૨૨ ટકા હોય તો શરીરનું બંધારણ બરોબર ગણાય.

**(૪) શરીરના સાંધાની વળવાની શક્તિ લવચિક્તા**

શરીરના દરેક સાંધાની પૂરેપૂરી વળવાની શક્તિ જુદાં જુદાં સાંધા પ્રમાણે અલગ-અલગ હોય. શરીરના દરેક સાંધાની વળવાની શક્તિ વધારવા માટે ખાસ કસરતો કરવી પડે જેને આસન કસરત કહે છે. આ પ્રકારની કસરતો કરવાથી શરીરમાં રહેલા બધા જ સાંધા, મુખ્યત્વે હાથના, પગના અને કમરના સાંધાઓ સરળતાથી વળે, સાંધાઓની કાર્યશક્તિમાં વધારો થાય અને શરીર તાજગી અને સ્ફૂર્તિવાળું થાય છે.

ધ્યાનમાં રાખવા જેવી વાત એ તમે કોઈપણ કસરત કરો તેના ૪૦ મિનિટના સમયગાળામાં તેમાં ૭૦ ટકા સમય ઍરોબિક કસરત ૧૫ ટકા સમય સ્નાયુની કસરત અને ૧૫ ટકા સાંધાની કસરતનો સમય હોવા જોઈએ. આ રીતે કરવાથી તમારી જીવનભર તંદુરસ્તી ફિટનેસ જળવાઈ રહે છે. ડૉ કપૂરના પુસ્તક 'ઍરોબિક' પ્રોગ્રામ ફૉર ટોટલ વેલબીઈંગમાં જણાવે છે કે અમુક સંજોગોમાં વજન ઓછું હોય કે વધારે હોય એટલે કે તમારો બોડીમાસ ઈંડેક્સ ૧૮થી ઓછો કે ૨૫થી વધારે હોય, તમારા શરીરમાં જન્મજાત કે તમારી ઠેકાણા વગરની જીવનશૈલીને કારણે ૨૫ કે ૩૦ વર્ષ પછી ડાયાબિટીસ, બ્લડપ્રેશર જેવા રોગો થઈ ગયા હોય તેવા સમયે તમારા ડૉક્ટર અને ફિટનેસ સ્પેશ્યાલિસ્ટની સલાહ-માગદર્શન લઈ કસરત કરવી જોઈએ.

**કસરત કરવા માટે નિયમ**

(૧) જો તમે જીવનમાં કોઈપણ જાતની કસરત ના કરી હોય તો સૌથી પહેલાં તમારા ડૉક્ટરની સલાહ, તેમની પાસે શરીરની પૂરી તપાસ કરાવવી જરૂરી છે તમારા શરીરની ક્ષમતા તમારી જાતે માપવી હોય તો ૧૨ મિનિટમાં ૧૬ કિલોમીટર જેટલું અંતર ચાલીને કે દોડીને થાક લાગ્યા કે શ્વાસ ચડ્યા વગર કરી શકો તો તમે કસરત શરૂ કરી શકો છો.

(૨) તમારા કુટુંબમાં કોઈને વારસાગત બીમારી જેવી કે હૃદયરોગ, બ્લડપ્રેશર, મધુપ્રમેહ, દમ કે સાંધાનો વા હોય તો ડૉક્ટરની સલાહ વગર કસરત શરૂ ના કરશો.

(૩) કસરત તમારા શરીરની કાર્યક્ષમતા પ્રમાણે કરો. કોઈપણ કસરત તમારી તંદુરસ્તી ફિટનેસ વધારવા માટે કરવાની છે, માટે બહાદુરી બતાવવા કોઈના સાથે હરિફાઈ કરશો નહીં. અંતર અને ઝડપ એકદમ વધારશો નહીં.

આજીવન તંદુરસ્તી જળવાઈ રહે તેવા શુદ્ધ પૌષ્ટિક ખોરાકનું આયોજન શરીરને જરૂરી બધા જ ઘટકો મળી રહે તેવો ખોરાક લેવો.

**મનની શાંતિ**

આજીવન તંદુરસ્તી માટે કસરત અને શુદ્ધ આહાર ઉપરાંત મનની અપાર શાંતિ જરૂરી છે, જગતમાં વસનારી દરેક વ્યક્તિને કોઈને કોઈ પ્રકારનો માનસિક તનાવ હોય

અનુસંધાન પૃષ્ઠ ૩૯ ઉપર

# ભાર વગરનું ભણતર

**રમેશ શાહ**

ભાર વગરના ભણતરની હિમાયત આપણે ત્યાં લગભગ ૧૯૮૦થી થતી આવી છે, પણ ચારેક દસકાની વાતો દરમિયાન ૧૨મા ધોરણ સુધીના શાળેય શિક્ષણમાં વિદ્યાર્થીઓ પરનો ભાર ઘટવાને બદલે વધતો રહ્યો છે, એમ તો આપણું શિક્ષણ વિદ્યાર્થીની સમજ અને વિચારવાની શક્તિ કેળવવાને બદલે વિષયને સમજ્યા વિના ગોખી નાખવાની શક્તિ કેળવે છે એવી ટીકા આધુનિક શિક્ષણના આરંભથી થતી આવી છે પણ એ દિશામાં શિક્ષણ સુધારવાની બાબતમાં આપણે કશી પ્રગતિ સાધી શક્યા નથી. ઊલટું વિદ્યાર્થીઓ દ્વારા થતી ગોખણપટ્ટીમાં વધારો થયો છે. આપણે ત્યાં શીખવું એટલે કંઠસ્થ કરવું એ પ્રાચીન કાળથી ચાલી આવતી પરંપરા છે એવો ખુલાસો પણ કરવામાં આવ્યો છે, પણ એ પરંપરા જે યુગમાં પ્રિન્ટિંગ પ્રેસ નહોતો એ જમાનામાં પડેલી, હવે છાપેલાં પુસ્તકો પ્રાપ્ય બન્યાં છે ત્યારે બધી જાણકારી કંઠસ્થ કરવાની પરંપરા અપ્રસ્તુતત બની છે અને છતાં એ પરંપરા ટકી રહી છે.

શિક્ષણ એટલે કંઠસ્થ કરવું એ પરંપરાનો ઉલ્લેખ થોડા વિસ્તારથી કરવાનું પ્રયોજન સ્પષ્ટ કરીએ. તાજેતરમાં કેન્દ્રના શિક્ષણ વિભાગે રાજ્ય સરકારને એક માર્ગદર્શક પરિપત્ર પાઠવ્યો છે. તેમાં એમ સૂચવવામાં આવ્યું છે કે ધોરણ એક અને બેના વિદ્યાર્થીઓની સ્કૂલ બૅગનું વજન દોઢ કિલોથી અને ત્રણથી પાંચ ધોરણના વિદ્યાર્થીઓની સ્કૂલ બૅગનું વજન ત્રણ કિલોથી વધારે ન હોવું જોઈએ. એના સંદર્ભમાં આ ધોરણોમાં ભણાવવાના વિષયોની સંખ્યા પણ સીમિત કરવામાં આવી છે. પહેલા બે ધોરણોમાં ભાષા અને ગણિત અને ત્રણથી પાંચમાં એ ઉપરાંત પર્યાવરણનો વિષય. આમાં સ્કૂલ બૅગના વજન ઉપરનો ભાર કેવળ ભૌતિક અને શારીરિક પાસા પરનો છે. વિષયોની સંખ્યા નિયત કરવામાં એ પાસાની સાથે શિક્ષણની સામગ્રી ઘટાડીને વિદ્યાર્થી પરનો શૈક્ષણિક ભાર ઘટાડવાનો પણ હેતુ રહેલો છે પણ શિક્ષણ ભારરૂપ બનવાનાં અન્ય બે કારણો તરફ દુર્લક્ષ કરવામાં આવ્યું છે.

એક કારણની ચર્ચા ઉપર કરવામાં આવી છે : આપણી શિક્ષણપ્રથામાં બધું ગોખી નાખવા પર ભાર મૂકવામાં આવે છે. વિદ્યાર્થીની સમજ ચકાસવા માટે મલ્ટિપલ ચોઈસ ક્વેશ્ચન (MCQ) પરીક્ષામાં પૂછવાની પ્રથા પાડવામાં આવી તો એની ગાઈડો બહાર પડવા લાગી, જેમાં જે-તે ટૉપિકને સ્પર્શતા શક્ય તેટલા પ્રશ્નો જવાબો સાથે આપવામાં આવે છે અને મોટા ભાગના વિદ્યાર્થીઓ એ ગોખી નાખે છે. આ ગાઈડો વિદ્યાર્થીઓ પરનો બોજો વધારવામાં મોટો ભાગ ભજવે છે. આપણા વિદ્યાર્થીઓ પાઠ્યપુસ્તકોના બદલે ગાઈડો જ વાંચે છે. આ ગાઈડો જ ગોખી નાખવાની પ્રથાને પોષે છે.

વર્ગમાં અપાતા શિક્ષણથી વાલીઓ સંતુષ્ટ ન હોવાથી છેક પ્રાથમિક શિક્ષણથી શરૂ કરીને ખાનગી ટ્યૂશનની પ્રથા મોટા પ્રમાણમાં વિસ્તરી છે. સરકાર માન્ય શાળાઓને સમાંતર દેશમાં અનૌપચારિક સ્વરૂપની એક શિક્ષણ પ્રથા ચાલી રહી છે. શાળામાં ભણતા મોટા ભાગના વિદ્યાર્થીઓ આ ટ્યૂશન વર્ગોમાં જતા હોઈ તેમના માટે ભણતરનો બોજો બેવડાય છે. આ ટ્યૂશન વર્ગો પણ વિદ્યાર્થીઓને પરીક્ષા માટે તૈયાર કરતા હોઈ ગોખવા પર જ ભાર મૂકે છે. એ માટે આ વર્ગોમાં વારંવાર પરીક્ષાઓ યોજવામાં આવે છે. એ રીતે વિદ્યાર્થીઓ સતત ગોખવાની પ્રવૃત્તિમાં ડૂબેલા રહે છે. આને કારણે વિદ્યાર્થીઓ માટે આ શિક્ષણ જ્ઞાનપ્રાપ્તિ દ્વારા આનંદ આપનારું નીવડતું નથી. ભણતરને ભાર વિનાનું બનાવવાનો ઉદ્દેશ નકારાત્મક છે. તેથી શિક્ષણની પ્રવૃત્તિ વિદ્યાર્થીઓમાં સર્જનાત્મકતા કેળવીને તેમના માટે આનંદદાયક બને તે ઉદ્દેશ નજર સમક્ષ રાખવો ઘટે પણ એ દિશામાં આપણે કંઈ કરી શકતા નથી તે આપણી

અનુસંધાન પૃષ્ઠ ૩૫ ઉપર

# સદ્સાહિત્યના સથવારે : શિશુવિહાર

પ્રા. પ્રવીણચંદ્ર ઠક્કર

ભૂમિકા :

વંચિત પરિવારના વડીલો, મહિલાઓ અને બાળકો પરત્વે સ્નેહ, સંવેદના સેવીને, તેમના આર્થિક-સામાજિક-શૈક્ષણિક-સાંસ્કૃતિક જીવનને ઉન્નત-આનંદસભર બનાવવા માટે ઋષિવર્ય માનભાઈ ભટ્ટે ઈ.સ. ૧૯૩૯માં ભાવનગર મુકામે 'શિશુવિહાર' ની સ્થાપના કરી. આજે સંસ્થાના બાલમંદિરમાં બાળકો વૈજ્ઞાનિક અભિગમ સાથે ચારિત્ર્યઘડતરના પાઠો શીખી રહ્યા છે. બાલદેવ વન અને નૉલેજ પાર્ક સેંકડો શિશુઓ-વિદ્યાર્થીઓ-વાલીઓના અદમ્ય આકર્ષણનું સ્થાનક સિદ્ધ થાય છે. સીવણની કુશળતા બહેનોને સ્વાવલંબી જીવન જીવવાની તક પૂરી પાડે છે. પ્રભુકૃપા 'નેત્રયજ્ઞ' દ્વારા દર્દીઓ ઉજ્જવળ પ્રકાશની પુનઃપ્રાપ્તિ કર્યા કરે છે. ગોખલે જ્ઞાન મંદિર, કમ્પ્યૂટર-સંગીત શિક્ષણ, સ્કાઉટ તાલીમ, હસ્તઉદ્યોગ કાર્યશાળા, ફિઝિયોથેરાપી-ફિટનેસ સેન્ટર, પ્લેનેટોરિયમ-વિજ્ઞાન વિહાર, આયુર્વેદિક-હોમિયોપેથિક સારવાર કેન્દ્ર, બુધસભા વગેરે વિભાગો અને દર વર્ષે સમયાંતરે-નિરંતર પ્રયોજાતી ૪૫૦ જેટલી વિવિધ પ્રવૃત્તિઓનો લાભ મેળવતી ૬.૫ લાખની જનસંખ્યા કેળવણીકારોને શિશુવિહાર એટલે ''અનૌપચારિક કેળવણીની અનોખી વિદ્યાપીઠ કે સ્કિલ યુનિવર્સિટી'' - તરીકેનું સન્માનસૂચક બિરુદ આપવા પ્રેરે છે.

આ સંસ્થાનો સર્વોચ્ચ ઉદ્દેશ છે 'સ્વરાજ્યની શાળા બનવા માટે વિવિધ વર્ગો સુધી માહિતી, જ્ઞાન અને સમજણની જાગૃતિ-જ્યોત પ્રગટાવવાનો.' આ દૂરગામી ધ્યેયને સાકાર-ચરિતાર્થ કરવા માટે માનભાઈએ આવશ્યક વિષયો પર, સરળ ભાષા-શૈલીમાં પત્રિકાઓ-પુસ્તકો જાતે જ પ્રકાશિત કરી - વાજબી ભાવે સંબંધિત જનસમૂહ સુધી વિતરિત કરવાનો સ્તુત્ય નિર્ણય પ્રારંભે જ લઈ લીધો. તમાકુની હાનિકારકતા, ફટાકડાના પ્રદૂષણ કે ભોજનના દુર્વ્યય અટકાવવા અંગે પત્રિકા તૈયાર થાય અને માનભાઈ પોતે જાતે સાઈકલ સવારી કરીને લોકો સુધી તે સાહિત્ય પહોંચાડે. એટલે પ્રાચાર્ય જયેન્દ્રભાઈ ત્રિવેદી તેમની ઓળખાણ 'પત્રિકા પુરુષ' તરીકે આપતા. સાંપ્રત સમયમાં વિષયો બદલાયા છે - ઉમેરાયા છે. વૅકેશનમાં સ્ત્રીશક્તિ જાગરણ કે બાલઅધિકાર પ્રકારે ૧૪૦૦ જેટલા મુદ્દાઓને કેન્દ્રમાં રાખતી પત્રિકાઓ ચારેક લાખ જિજ્ઞાસુઓ સુધી પહોંચે છે.

આ પત્રિકાના પ્રેરક અનુભવમાંથી પુસ્તક પ્રકાશનનો પ્રાદુર્ભાવ થયો. ઈ.સ. ૧૯૯૩માં વ્યક્તિત્વ વિકાસમાં પુરુષાર્થના સ્થાન વિશે સૌ પ્રથમ એક પુસ્તિકા 'પુરુષાર્થ પાઠાવલી' માનભાઈએ તૈયાર કરી. ત્યારથી માંડીને આજ સુધી સંસ્થાએ ૩૫૦થી વધુ બહુમૂલ્ય પ્રકાશનો પડતર કિંમતે સમાજને ચરણે ધર્યા છે. કોઈ પ્રકાશનના કોપીરાઈટ નથી એટલે રસ ધરાવતી અન્ય સંસ્થાઓ કે વ્યક્તિઓ પણ પોતાની રીતે છાપી-છપાવીને તેનું વિતરણ કરી શકે છે.

શિશુવિહારે માતાના અવસાન સમયે પરિવારને સાંત્વના આપવા કે ઉચ્ચ માધ્યમિક શાળા- કૉલેજોના વિદ્યાર્થીઓમાં જનની પરત્વેની મમતા પ્રદર્શિત કરવા 'મા તે મા' પુસ્તિકા તૈયાર કરી છે. જેની ૩ લાખથી વધુ નકલો વહેંચાઈ, વેચાઈ રહી છે. માનભાઈની જેલમાં કેદીઓ સાથેની મુલાકાત દરમિયાન એક કેદીએ 'નવધા ભક્તિ'ના પ્રભાવથી તેનામાં આવેલા વિધાયક પરિવર્તનની વાત કરી ત્યારે તેમણે તુરંત જ આ વિષય પરની પુસ્તિકાનું નિર્માણ કરી તેને એક લાખ લોકો સમક્ષ મૂકી આપી. લોકો જાતે પોતાના કુટુંબ-બાળકોનું સ્વાસ્થ્ય જાળવવા માટેની સભાનતા કેળવતા થાય, ઘરગથ્થુ ઉપચારો કરતા થાય તે લક્ષ્યથી 'બાલ આરોગ્ય સૂત્રો' નામક ખિસ્સાપોથી કે

'તંદુરસ્તી તમારા હાથમાં' પુસ્તિકા. ૪ થી ૫ લાખ પરિવારોના જાગૃતિનું માધ્યમ બની શકી છે. સંસ્થાના પ્રકાશનોનું છ વિભાગોમાં વર્ગીકરણ કરી શકાય.

**(૧) બાલ સાહિત્ય:**

બાળકના જન્મ સાથે પહેલા ૩ વર્ષની તેની વિકાસયાત્રાની નોંધ-ડાયરી, બાલગીતો-બાલ વાર્તાઓ અને બાળકો તરફ સન્માન સૂચવતા સૂત્રોની પુસ્તિકાઓ. સંસ્થાએ બાળકોના હોઠે અને હૈયે વસેલા બધા અંગો વડે ગવાતા ગીતોની કાળજીપૂર્વક પસંદગી કરી છે. યુવાનોના ગુણ સંવર્ધનને ઉજાગર કરતું આસ્વાદ્ય પુસ્તક 'ચાલો ગાઈએ' એ લોકચાહના પ્રાપ્ત કરી છે.

**(૨) આરોગ્ય :**

શ્રેષ્ઠ જીવન જીવવા અને આરોગ્યના પાયાના નિયમોની જાણકારી મેળવવા, અગાઉ ઉલ્લેખીત તંદુરસ્તી તમારા હાથમાં, તેમજ માત્ર દેહની સંભાળ નહીં, મન અને આત્માની કાળજી કઈ રીતે રાખી શકાય તે અંગે બાલુભાઈ વૈદ્યનું દિશાસૂચક પુસ્તક 'આયુર્વેદ અને અધ્યાત્મ'થી માંડીને 'માટીના ઉપચાર', 'ડિપ્રેશનને સમજો' કે 'ડાયાબિટીસને સરળ સમજો' વગેરે સમાજમાં સ્વાસ્થ્ય વિષયક સભાનતા માટેના ઉપકારક નિમિત્ત બન્યા છે.

**(૩) માનભાઈના જીવન-કવન સંબંધિત સાહિત્ય :**

સામાન્ય વ્યક્તિમાંથી અસામાન્ય બનેલા માનભાઈના અદ્વિતીય જીવનને કેન્દ્રમાં રાખતું પુસ્તક મીરાબહેન ભટ્ટે તૈયાર કર્યું છે. 'હાલે લોઢું હૈયે મીણ'. મકરંદ દવેએ પ્રયોજેલ શીર્ષકના આ શબ્દો માનભાઈએ સાદ્યંત સાકારિત કર્યા છે. જે ૩ લાખથી વધુ નકલોમાં વાચકો સુધી પહોંચ્યું છે. સ્વામી તદ્રુપાનંદજી નોંધે છે "રણમાં પડેલા એક સૂક્ષ્મ બીજમાંથી ઘેઘૂર વડલાનું સર્જન કઈ રીતે શક્ય બની શક્યું તેની આ પ્રેરણા કથા છે. મીરાબહેન સંપાદિત અન્ય પુસ્તક છે 'સૌનાભાઈ માનભાઈ.' પૂ. મોરારિબાપુ સહિત અનેક શુભેચ્છકો દ્વારા માનભાઈના ઘડતર અને ચણતરના લેખોનું ભાવવવાહી સૂરે અહીં આલેખન થયું છે જ્યારે ડૉ. નાનક ભટ્ટ સંપાદિત પુસ્તક "સૌની સેવામાં માનભાઈ"માં માનભાઈના પરિવારજનો, સાથીદારો અને મિત્રોએ ચરિત્રણ કરેલા લેખો સમાવિષ્ટ થયા છે. માનભાઈની અનુભવ વાણીનો સંચય કરતું પુસ્તક છે 'વડલાની વાતો'. પ્રવીણભાઈ શાહ 'બાબુનું બાળપણ' માં માનભાઈના શૈશવ પ્રસંગોનું રોચક-હૂબહૂ આલેખન કરે છે. નામીઅનામી કવિઓએ માનભાઈને અર્પિત શ્રદ્ધાંજલિરૂપ કૃતિ છે 'અધિકૃત ભાવોદ્દ્ગાર'.

**(૪) પ્રેરણાપ્રધાન પ્રકાશનઃ**

પુરુષાર્થ પાઠાવલી, 'મા તે મા' ઉપરાંત 'જીવનની સફળતા અંગેના ૯૯ સૂચનો' મુગ્ધાવસ્થાની ઉંબરે ઊભેલી કન્યાઓ માટે 'જાગતા રહેજો', યુવાનો માટે 'યુવા મિત્રોને' માની ભાવવંદના પ્રેરિત 'તીર્થોત્તમ' પ્રકાશનો સમાજ માટે દિશાદર્શક નીવડે તેવા છે.

**(૫) તાંત્રિક કેળવણી વિષયક :**

સામાન્ય નાગરિકોને પોતાના વ્યવહારમાં ઉપયોગી થાય તેવા પુસ્તક છે 'વીજળી અને વપરાશ', ઘર-વપરાશના સાધનોનું રિપેરિંગ, 'સાઇકલ સંભાળ', સીવણની કુશળતા સમજવા માટે 'સીવણ સમજૂતી', 'વસિયતનામાની અગત્યતા' વિષયે શિશુવિહાર પ્રકાશનો આગવી છાપ છોડે છે.

**(૬) અન્ય :**

જીવનના અંતિમ આશ્રમ વાનપ્રસ્થાશ્રમમાં પ્રવેશ પામેલા કઈ રીતે સાર્થકતાનો અનુભવ કરતા થાય તે અંગે ભાણદેવજીનું પુસ્તક છે 'અધ્યાત્મ અને વૃદ્ધાવસ્થા'. બુનિયાદી શિક્ષણના ઈતિહાસ, આજ અને આવતીકાલનું ડૉ. વિદ્યુત જોષીનું વિશ્લેષણાત્મક પુસ્તક છે 'ગુજરાતમાં બુનિયાદી શિક્ષણની સદી'. તેમજ પ્રવૃત્તિ શિક્ષણ વિષયે તૈયાર થયેલ પુસ્તક મા-બાપને બાળઉછેર માટે માર્ગદર્શક બને છે. સંસ્થાના અમૃત મહોત્સવ પ્રસંગે વિચારયાત્રાપ્રધાન

અનુસંધાન પૃષ્ઠ ૩૭ ઉપર


# સફળતા માટેનું ત્રિકોણ

**જીતુ નાયક**

શિક્ષક - સર્વવિદ્યાલય - કડી.
એ-૩૪, બાલાજી રેસિડેન્સી, સુજાતપુરા રોડ, કડી-૩૮૪૪૪૦.
મો. : ૯૨૨૮૭૦૫૭૯૬

સફળતા દરેકને પ્રિય હોય છે. નાના-મોટા, યુવાન-યુવતીઓ, સ્ત્રી-પુરુષ, અમીર-ગરીબ દરેકને સફળ થવું હોય છે. સફળતા એ બજારમાં મળત કોઈ વસ્તુ નથી કે ગમે તે વ્યક્તિ થોડી ઘણી રકમ ચૂકવી દે અને ખરીદી શકે. તેને મેળવવા માટે ઘણા લાંબા સમયની તપશ્ચર્યા જરૂરી બની જતી હોય છે. મહેનત, ધીરજ અને ધ્યેય લઈ સાથે ચાલનાર હંમેશાં સફળતાના શિખરે પહોંચી શકે છે.

સફળતા માટેના ત્રિકોણને સમજવું જરૂરી છે. સફળતા માટેનું આ ત્રિકોણ એટલે ત્રણ બંધ રેખાઓથી રચાતી જિંદગીની રચના. ASK નામનું આ ત્રિકોણ જ આપણને સફળતા અપાવે છે.




A = ATTITUTE..... એટલે વલણ.

S = SKILL..... એટલે બુધ્ધિચાતુર્ય / કૌશલ્ય.

K = KNOWLEDGE..... એટલે જ્ઞાન.

વલણ, બુદ્ધિચાતુર્ય અને જ્ઞાન આ ત્રણેય સફળતાના ત્રિકોણ છે. વલણનો સીધો સંબંધ છે લક્ષ્ય અથવા તો ધ્યેય. સફળતા મેળવવા માટે બાળપણથી જ ધ્યેય નક્કી કરી રાખવું જોઈએ. એ ધ્યેય મુજબ ધીરે...ધીરે આગળ વધવાથી મંજિલ નજર સામે દેખાઈ આવે છે. દરેક ક્ષેત્રમાં બુદ્ધિનો ઉપયોગ કરવાથી સફળ થવાય છે. જ્ઞાનમાં સતત વૃદ્ધિ કરવાથી સફળતા મળે છે. આ ત્રણેય બાબતો એ વિદ્યાર્થીકાળ કે બાળપણથી જ વિકસાવવી જોઈએ. આપણે ઘણીવાર કહીએ છીએ કે છોડ નાનો હોય ત્યારે તેને જે પ્રમાણમાં હવા, પાણી અને સૂર્યપ્રકાશ મળે, તેમજ તેને જેવો આધાર મળે તેવો તે આકાર પામે છે. આવું જ કંઈક મનુષ્ય જીવનમાં પણ બનતું હોય છે. જે સફળતા મેળવે છે અને મહાન વ્યક્તિઓ બને છે તેમનં જીવન પણ બાળપણ સાથે સંકળાયેલું હોય છે. બાળપણથી જ તેમની અંદર સફળતાના ગુણોના દર્શન થતાં હોય છે. આ લોકોનું જીવન આપણા સૌના માટે પ્રેરણાદાયી બની જતું હોય છે. આ સફળતાના ત્રિકોણ વડે જે લોકો સફળ બની મહાનતા પ્રાપ્ત કરી શક્યા છે તેમના બાળજીવન પર એક નજર....

(૧) એક બાળકી ખૂબ જ નાની હતી ત્યારની તે દરેક વસ્તુ સામે જિજ્ઞાસાદૃષ્ટિથી જોયા કરતી હતી. ઉનાળાનાં સમયમાં જ્યારે ઘરનાં બધાં બહાર સૂતા હોય ત્યારે આ બાળકી ખાટલામાં પડ્યા-પડ્યા ખુલ્લા આકાશમાં સતત તાકી રહેતી. આકાશમાં દેખાતા તારાઓ, ગ્રહો, ઉપગ્રહો, નક્ષત્રો, ચંદ્ર, વાદળા વગેરેનું તે ખૂબજ કાળજીપૂર્વક નિરીક્ષણ કર્યા કરતી હતી. આકાશ અંગેની જાણકારી તેમજ અવનવા પ્રશ્નો મનમાં ને મનમાં કર્યા જ કરતી હતી. ધીરે-ધીરે અવકાશ અંગેની તેની જાણકારીમાં વધારો થતો જ ગયો અને તેણે તે જ ઉંમરે નક્કી કરી લીધું કે હું

એક દિવસ આકાશમાં જઈશ. અહીંયા આ બાળકીનું વલણ બાળપણથી જ દૃઢ બનતું ગયું. આ ધ્યેયને ધ્યાનમાં રાખીને તેને તે દિશામાં યોગ્ય પરિશ્રમ શરૂ કર્યો. સમય જતાં આ ક્ષેત્રે તેને સારી એવી સફળતા પણ મળી અને અમેરિકાની વૈજ્ઞાનિક અવકાશ સંશોધન સંસ્થા "નાસા"માં પણ સ્થાન મળી ગયું. એટલું જ નહિ પરંતુ પ્રથમ ભારતીય અવકાશયાત્રી મહિલા તરીકે પોતાનું અને ભારત દેશનું નામ ગૌરવવંતુ કર્યું. કમનસીબે અંતરિક્ષ પરિભ્રમણ કરી પરત ફરી રહેલું યાન દુર્ઘટનાગ્રસ્ત બન્યું અને આપણે દેશની આ મહામૂલી દીકરીને ગુમાવી દીધી. આ પ્રથમ ભારતીય અવકાશયાત્રી મહિલા કુમારી કલ્પના ચાવલા હતી. આ જીવન પ્રસંગમાં આપણને બાળપણથી જ કલ્પનાનું વલણ સ્પષ્ટ નજર આવી રહ્યું છે. આ ઉદાહરણમાં આપણને ત્રિકોણની પહેલી રેખા નજર આવે છે.

(૨) આવડત કે બુદ્ધિચાતુર્યનું એક બીજું ઉદાહરણ જોઈએ...એક નાનો બાળક પોતાના ઘરેથી અભ્યાસ માટે ગામથી થોડે દૂર જાય છે ત્યારે રસ્તા વચ્ચે નદી આવતી હોય છે. ચોમાસામાં વધારે પાણી હોય ત્યારે નદી પાર કરવી મુશ્કેલ બની જતું હતું. આવા સમયે હોડી જ એક માત્ર આધાર હતો કે નદીને પેલે પાર જઈ શકાય. આ બાળકની પરિસ્થિતિ એટલી સારી ન હતી કે હોડીના પૈસા ચૂકવી શકે અને ભણવા જઈ શકે, તેને ભણવું તો હતું જ ત્યારે તેવા સમયે હિંમત હાર્યા વિના, નિરાશ થયા વિના તેને પોતાની આવડત અને બુદ્ધિના ઉપયોગ વડે નદી પાર કરીને અભ્યાસ પૂર્ણ કર્યો હતો. જૂની ચડ્ડી પહેરીને, શાળાનાં કપડાં અને ચોપડાને પ્લાસ્ટિકની બેગમાં મૂકીને તરતો - તરતો નદીને પેલે પાર જઈ ફરી કપડાં બદલી શાળાએ જાય અને સાંજે પણ આ રીતે પરત ફરે. આ રીતે સખત પરિશ્રમ કરી તે બાળક ભણે છે અને સફળ થતાં- થતાં છેક આપણાં દેશનાં ઉચ્ચસ્થાન એટલે કે ભારત દેશના લોકપ્રિય એવા ભૂતપૂર્વ વડાપ્રધાન લાલબહાદુર શાસ્ત્રીજી. આ ઉદાહરણમાં આપણને ત્રિકોણની બીજી રેખા આવડત અને બુદ્ધિચાતુર્ય નજર આવે છે.

(૩) સફળતાના ત્રિકોણની ત્રીજી રેખા એટલે જ્ઞાન. સતત જ્ઞાનમાં વધારો કરવો જરૂરી છે. પ્રસંગ કંઈક આવો છે... વિદ્યાભ્યાસકાળ દરમિયાન એક બાળકમાં ખૂબ જ જિજ્ઞાસાવૃત્તિ હતી જેના કારણે તે વર્ગખંડમાં વારંવાર શિક્ષકને પ્રશ્નો પૂછતો અને પોતાની સમજ અને જ્ઞાનમાં વધારો કરતો જતો હતો. એકવાર વર્ગમાં શિક્ષક પક્ષીઓનાં ઊડવા અંગે સમજાવી રહ્યા હતા ત્યારે આ બાળકે શિક્ષકને પ્રશ્ન કર્યો કે પક્ષીઓ કેવી રીતે ઊડી શકે છે અને શા માટે ? તે સમયે શિક્ષકે આ બાળકને થોડું - ઘણું સમજાવી દીધું, પરંતુ બીજા દિવસે આ બાળકનાં ઘરે જઈને તેને સાથે લઈ દરિયા કિનારે ગયા. સાંજનો સમય હતો. આકાશમાં ઘણાબધા પક્ષીઓ ઊડી રહ્યા હતા. તે પક્ષીઓ બતાવતાં - બતાવતાં ગુરુજીએ આ બાળકને પ્રેક્ટિકલ જ્ઞાન પણ પૂરું પાડ્યું. આ ઘટનાથી બાળકની જ્ઞાન પીપાસા તો તૃપ્ત થઈ જ પરંતુ સાથે - સાથે એણે મનમાં નક્કી પણ કરી લીધું કે હું પણ મોટો બની એક દિવસ આકાશમાં ઊડીશ. સમય જતાં આકાશ અંગેના જ્ઞાનમાં વધારો કરતો ગયો અને એક દિવસ સમય એવો આવ્યો કે તેના સ્વપ્નો સાકાર થઈ ગયા. આ બાળકે મોટા બની માત્ર દેશ જ નહિ પરંતુ વિશ્વ કક્ષાએ પોતાનું નામ અમર કરાવી દીધું. આ મહાન વ્યક્તિએ આપણા દેશ માટે વિજ્ઞાનનાં ક્ષેત્રે ખૂબજ કામ કર્યું છે અને મિસાઈલ મેન તરીકે નામના પ્રાપ્ત કરી છે તેવા ભારતનાં ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. એ. પી. જે. અબ્દુલ કલામ.

આમ, આ ત્રણ પ્રેરક પ્રસંગોના માધ્યમથી આપણે સમજી શકીએ છીએ કે સફળતા મેળવવા માટે ASK નામનું ત્રિકોણ ખૂબજ જરૂરી છે. સાથે - સાથે પરિશ્રમ અને યોગ્ય દિશા તો ખરાં જ.....! - જય હિંદ.

# નમામિ સર્વદે - અસારવા વિદ્યાલય

**ચંદ્રવદન સનતકુમાર વ્યાસ**

સારસ્વત - અસારવા વિદ્યાલય
એમ.એ., બી.એડ., ઉપાધ્યક્ષ - વનિતા વિશ્રામ.

પ.પૂ. જશીબહેન, સર્વશ્રી જ્યોતીન્દ્રભાઈ, ઝાલા સાહેબ (સજુભા).

મને અસારવા વિદ્યાલયના નામકરણ પ્રસંગે ઉપસ્થિત રહેવાનો અવસર પ્રાપ્ત થયો એ બદલ આપનો સદૈવ ઋણી રહીશ. મારી સ્મૃતિ પટલ પર શાળા-શિક્ષકગણની અમીટ છાયા કાલાંતર ભુસાસે નહિ. વાચિકમ દ્વારા સરસ્વતી-અસારવા અને જે.એન. બાલિકા તાદશ્ય થઈ. હું સરસ્વતી અને અસારવા વિદ્યાલયનો ૧૯૫૬થી ૧૯૬૨નો વિદ્યાર્થી હોવાને નાતે મારો એ અતિત ચર્મચક્ષુ સમક્ષ ખડો થયો.

માધુભાઈ મીલ કમ્પાઉન્ડની એ સમયની સરસ્વતી પ્રવેશતાં ડાબી તરફ પાર્ટિશનવાળી રૂમો, સન્મુખ ઋષિસમ રઘુભાઈ - જશીબહેન નિવાસ સ્થાન, જમણી તરફ મીલના ભંગારને કોરાણે રાખી પરિશ્રમ પૂર્વક સર્જેલ નાનુ ઉપવન જેમાં વેલ, ટગરફૂલ હવાની લ્હેરખીએ લહેરાતાં, નાના મેદાન પર કતારબદ્ધ બેઠેલા વિદ્યાર્થીગણ આને કેમ વિસ્મરાય ! આપે શબ્દાંકન દ્વારા જાણે સરસ્વતી જ ઊભી કરી !

તો તળાવ સામે સાકર મહાજનના મકાનમાં રહેલી મારી માતૃસંસ્થા અસારવા વિદ્યાલયને નવા સ્વરૂપમાં નિહાળતા છક્કડ ખાઈ ગયો. બરાબર હૉલ ઉપરના ખંડો એ અમારા અભ્યાસખંડો, તેની ડાળીગમ નવા લિબાસમાં તૈયાર થયેલા વર્ગખંડો, જમણી બાજુ ક્યારીમાં ચોપાયેલ મ્હેંદી, બે લીમડાવૃક્ષો એક પર પ્રાર્થના, ટાઈમટેબલ પ્રમાણે ડંકા (શિવાજી અને કરસન - કનુભાઈથી)થી રણકતો બેલ - મધ્યમાં રહેલો દ્વિતીય લીમડો જેના નીચે લખોટી - ભમરડા રમતા ઋષિસમ સ્વ. પૂ. નારણભાઈ ઠક્કર, વિદ્યાર્થી મદન, હું તેની કોરને અડકી દીવાલ સાથે નાટ્યમંચ આ બધુ મારા સંસ્મરણ પટલ પર ઊભરાઈ ઊઠ્યું. દક્ષિણી લિબાસમાં ભાલે મોટા કુમકુમ ચાંદલાવાળા જશીબહેન વ્હાલાં બાળકોની ગુંજ આજે પણ મેં ત્યાં વિહરતા સાંભળી. મોટી હરણફાળને છલાંગ લગાવી કબ્બડીમાં કૂદતો રાયમલ પટણી, હાઈજમ્પ લગાવતો વેલેરા, અથ્લેટિક્સ ખેલતો પીટર, વાલજીભાઈ સોલંકી, વિદ્યાર્થી પરિષદ મંત્રી ગણેશ પટેલ, ગ્રંથપાલ સેવક સાહેબ, પ્રહલાદ પટેલ, સમગ્ર શાળાના વાતાવરણ ગજવતા બૅન્ડ માસ્તર મણિભાઈ, સર્વધર્મ સમભાવ રાખી કાર્ય કરતા ક્રાફ્ટ ટીચર કાઝી સાહેબ, રેંટિયો કાંતતા-કંતાવતા દવે સાહેબ, સ્કાઉટ - એન.સી.સી. ગાઈડિંગ કરાવતા શ્રી જે.સી. જીવાણી સાહેબ, શાળાની રખેવાળી કરતો જમાદાર, કોકિલકંઠી સૂરે પ્રાર્થના સૂરો છેડતી વિદ્યાર્થિની સુબુદ્ધિ - સંગત આપતા જયંતીભાઈ શાહ અને દિલીપભાઈ કોને સ્મરુ અને વિસ્મરું ? આ બધા જ પાત્રો મારી આંખ સન્મુખ ખડા થયા.

વિદ્યાર્થી આલમમાં ઓળઘોળ થયેલા પૂ. શ્રી જશીબહેન અને રઘુભાઈ દિલ્હી ગયા ત્યારે સમગ્ર વિદ્યાર્થીઆલમ આંસુથી છલકાઈ ઊઠ્યો. કણ્વ શકુંતલાને વિદાય આપતા જે લાગણી અનુભવે તે વિદ્યાર્થી આલમને છોડી જતા અમે અનુભવી, જાણે કે અમો રાંક અને પંગુવત્ બની ગયાં છતાં તેમની ખોટ અમને છોટુભાઈ, ગોપલાની સાહેબ અને વિઠ્ઠલભાઈએ પૂરી. આ અગાઉની શાળેય સ્મરણાંજલિમાં શબ્દ શૃંખલાઓ દ્વારા શિક્ષણગણને મેં આલેખી છે; શબ્દાંજલિ સમર્પિત કરી છે.

જે.એન. બાલિકાનો ઉદય થયો નહોતો તેથી તેની સ્મૃતિ નથી પણ વાચિકમ્ જેણે તૈયાર કરી સંગીતદેહ આપી ડાયસ પર પ્રસ્તુત કરી તે સર્વનો હું અંતઃકરણપૂર્વક આભાર પ્રસ્તુત કરું છું. મોર પીંછે રળિયામણો લાગે એમ શાળા ટીમ સ્પિરિટથી જ પ્રગતિ સાધે. મારી અસારવા - સરસ્વતી અને જે.એન. બાલિકા જે વિસ્તારમાં છે તે વિસ્તારની પ્રજા - બાળકોને દીક્ષિત કરી શિક્ષણ જગતમાં ચાર ચાંદ લગાવે, તેની કીર્તિ સર્વત્ર પ્રસરતી રહે અને રઘુભાઈ - જશીબહેન સ્વપ્નો પૂર્ણ થાય, પૂ. જશીબહેન શરદઃ શતં જીવમ્ સદૈવ ચિરંજીવ રહે એ અભ્યર્થના સાથે મારી કલમને વિરામ આપું છું.

હું અમદાવાદની પ્રતિષ્ઠિત શાળા વનિતા વિશ્રામ ખાડિયાનો અધ્યાપક - ઉપાચાર્ય છું. આપણી ઈત્તરપ્રવૃત્તિની સુવાસ મેં મારી શાળામાં પણ પ્રસરાવી, પણ અફસોસ કે મને આવી ટીમ સ્પિરિટવાળા શિક્ષકો સાંપડ્યા નહિ. ઈશ્વર સૌનું કલ્યાણ કરે. મારી ભાવનાને ઘરશાળામાં સ્થાન આપ્યું તે બદલ સૌનો આભારી.

# 'ક' કાવાદાવાનો 'ક'

## રમેશ કોઠારી

નિરક્ષકમાંથી સાભાર

વર્ષો જૂની 'વિકાસ માધ્યમિક શાળા'નું નવું સત્ર શરૂ થવાં વેંત પ્રધાન આચાર્ય દ્વારા અધ્યાપકોની મિટિંગનું આયોજન કરવામાં આવ્યું. બોર્ડની પરીક્ષામાં, અપેક્ષા પ્રમાણે વિદ્યાર્થીઓએ દેખાવ ન કર્યાનું દુ:ખ, પ્રત્યેક ચહેરા પર દેખાઈ આવતું હતું. સભાને સંબોધતાં આચાર્યશ્રીએ ઉપાચાર્યને કહ્યું 'આપણી શાળાનું સમાજશાસ્ત્ર વિષયમાં પરિણામ નબળું રહ્યું છે. આ વર્ષે તમે જ તે ભણાવો, એ ઠીક રહેશે.'

'હું અને સમાજશાસ્ત્ર ?' મારે નાગરિકતાના પાઠ શીખવવાનાં ?,વર્ષોથી ગણિત ભણાવતો આવ્યો છું, મારે ત્યાં ગણિત શીખવા વિદ્યાર્થીઓએ વેકેશનમાં જ બુકિંગ કરાવવું પડે છે લાઈન લાગે છે. લાઈન અને આપણા દેશમાં આદર્શ થવું એટલે દુ:ખી થવાનાં ધંધા માટે મારા વિદ્યાર્થીઓ દુ:ખી થાય એમ હું નથી ઈચ્છતો શ્રી ગાંધી ઉવાચ.

પ્રધાન આચાર્ય થોડા દિવસો બધો તમાશો જોતા રહ્યા. દીવાલો પર 'ગણિતશિક્ષક કૈસા હો, ગાંધીસર જૈસા હો' જેવા સૂત્રો લખાઈ ગયાં. અનિશ્ચિત મુદતની હડતાલનું એલાન આપવામાં આવ્યું. 'ગાંધીને અન્યાય એટલે લઘુમતી વણિકસમાજને અન્યાય સમાજ નહીં સાંખી લે ? છેવટે ગાંધીને ગણિત વિષય મળી ગયો. વિદ્યાર્થીઓ અને સમાજે ફટાકડા ફોડી ઉજવણી કરી.' પણ પ્રધાન આચાર્યની મુશ્કેલીનો એમ થોડો ઝટ અંત આવે ? એમની માગણી સંતોષાય તો અમારી કેમ નહીં ? બાંધ્યા પગારે કામ કરતા શિક્ષકે (એને બિચારાને ઉગ્ર કે ઉદ્દંડ થવાનું ક્યાંથી પોષાય ?) નમ્રતાથી રજૂઆત કરી, 'સાહેબ, ટૂંકા પગારમાં ઘર ચાલતું નથી. જો મને અંગ્રેજી વિષય અપાય તો ટ્યૂશન પણ પૂરતાં મળી રહે અને મારું ગાડું ગબડે' પ્રધાન આચાર્ય કંઈક રોષથી બોલ્યા. 'હું અહીં કોઈ ખેરાત કરવા બેઠો છું ? બધાંને મલાઈવાળા વિષયો જોઈએ છે. શુદ્ધ ગુજરાતી પણ લખતાં વાંચતાં ન આવડતું હોય એ અંગ્રેજી ભણાવવાના મનસૂબા સેવે છે.'

એ અધ્યાપક ચેમ્બરમાંથી બહાર નીકળ્યા કે એક અધ્યાપિકા દાખલ થયાં. 'સાહેબ, આખા સ્ટાફમાં અધ્યાપિકા હું એક જ. મહિલાના પ્રતિનિધિત્વનો આપ વિચાર કરશો જ. આપ મને ઈત્તરપ્રવૃત્તિની કામગીરી સોંપો તેવી અરજ છે.'

'સારું વિચાર કરીશ. હમણાં તમે જઈ શકો છો.'

પ્રધાન આચાર્યને મૂંઝવણ થઈ કે દરેક અધ્યાપકને પોતપોતાની પસંદગીના વિષય આપી દેવામાં આવે, તો તેમની પાસે પોતાના માટે વ્યાયામ સિવાય કોઈ વિષય બાકી ન રહે. પોતાના મૅનેજિંગ ટ્રસ્ટીનેય અખાડો, કુસ્તી, દાવપેચ, આટાપાટા, દોડ ગમતાં હોય તો એ જ વિષયનો મહિમા સમજી વિદ્યાર્થીઓને એમાં જ પાવરધા કરવા ઈષ્ટ ગણાશે.

---

ભાર વગરનું ભણતર

કમનસીબી છે અથવા આપણી અણઆવડત છે.

કેન્દ્ર સરકારે આ સૂચના રાજ્ય સરકારોને આપી એ મુદ્દો થોડો ચર્ચવા જેવો છે. બંધારણમાં શિક્ષણને સંયુક્ત યાદીમાં મૂકવામાં આવ્યું છે, જેથી રાજ્યો પોતાના વિશિષ્ટ સંજોગોને અનુરૂપ પોતાની શિક્ષણનીતિ ઘડી શકે અને રાજ્યોને શિક્ષણ ક્ષેત્રે પ્રયોગો કરવાનો અવકાશ રહે, પણ રાજ્યોની નિષ્ક્રિયતાને કારણે સમગ્ર દેશમાં શિક્ષણમાં એકરૂપતા આવી ગઈ છે. રાજયોએ શિક્ષણ વિશે વિચારવાનું જ બંધ કર્યું છે. અન્યથા સ્કૂલ બૅગનું વજન નિયત કરવા જેવી સાવ સામાન્ય બાબત કેન્દ્ર સરકારે સૂચવવાની ન હોય. એ રાજ્ય સરકારો પોતાની રીતે વિચારી શકી હોત. રાજ્યોએ પોતાની રીતે ભણતરને ભાર વિનાનું બનાવવાના માર્ગો અપનાવ્યા હોત તો દેશમાં શિક્ષણમાં થોડું વૈવિધ્ય આવ્યું હોત અને કદાચ શિક્ષણ થોડું સુધર્યું પણ હોત.

તા. ૩-૧૨-૧૮.

# બિહારને કેવી રીતે બદલી શકાય ?

**કમલેશભાઈ પટેલ**

મ. શિક્ષક, જે.એન. બાલિકા વિદ્યાલય, સરસપુર, અમદાવાદ.

એક એવા રાજ્યની કલ્પના કરી. જેની યુવાન પેઢીને સારું ગુણવત્તાસભર પ્રાથમિક શિક્ષણ પણ મળતું નથી. જ્યાં વર્ષ ૧૫-૧૭માં ફક્ત ૩૨.૫૭ ટકા વસ્તી શાળામાં પ્રવેશ મેળવે છે અને ફક્ત ૪૪.૦૭ ટકા વિદ્યાર્થીઓ માધ્યમિકમાંથી ઉચ્ચતર માધ્યમિકમાં જાય છે. જ્યારે પ્રાથમિકમાંથી માધ્યમિકમાં જવાની ટકાવારી ૮૪.૬૪ ટકા છે. બિહારમાં લગભગ ૧,૨૫,૦૦,૦૦૦ યુવાન ૧૮ થી ૨૩ની વયના સારી તાલીમ વગર નોકરીના બજારમાં પ્રવેશ કરે છે. બિહારના ફક્ત ૨૨ વિશ્વવિદ્યાલયો છે. જેમાં ૭૪૪ મહાવિદ્યાલયોનો સમાવેશ થાય છે. એનો અર્થ એ થયો કે દર લાખની જનસંખ્યા માટે ૭ મહાવિદ્યાલય, જેનો સરેરાશ પ્રવેશ દર ૨૧૪૨ છે. આની સામે રાષ્ટ્રીય કક્ષાએ દર લાખની જનસંખ્યા માટે ૨૨ મહાવિદ્યાલયો છે અને સરેરાશ પ્રવેશ દર ૭૨૧ છે. વર્ષ ૨૦૧૫-૧૬માં બિહારની કુલ યુવા જનસંખ્યામાંથી ફક્ત ૧,૭૮,૮૩૩ વિદ્યાર્થીઓ ઉચ્ચ શિક્ષણ માટે યોગ્ય લાયકાતવાળા થાય છે. પરિણામે ગ્રેડ-૧ થી ૧૦માં લગભગ ૭૦ ટકા ડ્રોપઆઉટ થાય છે. તેમાં કાંઈ આશ્ચર્યજનક કશું નથી. બધાં નિર્દેશો નકારાત્મક તરફ વધતા હોય. માધ્યમિક અને પ્રાથમિક તરફ વધતા હોય. માધ્યમિક અને પ્રાથમિક શિક્ષણમાં રાષ્ટ્રીય નિર્દેશોની તુલનામાં બિહારનું શિક્ષણ પડી ભાગ્યું છે. ત્યારે એમ કહેવું તે અતિશયોક્તિ નહીં હોય. એ તર્ક કહી શકાય કે જ્યારે આકાંક્ષા હોય કે કુલ જનસંખ્યા તેની ક્ષમતા પ્રમાણે વધુને વધુ લાભ-સગવડ-પ્રગતિ મેળવી શકે, તે દિશામાં બિહાર ખાડે જાય છે. ૧૧ કરોડની જનસંખ્યા અને તીવ્ર વસ્તીવૃદ્ધિ જોતા બિહારની શિક્ષણ પદ્ધતિને રાષ્ટ્રીય સમસ્યા તરીકે જોવી પડે. જ્યારે ચારે બાજુથી પરીક્ષામાં ચોરીની આલોચના થવા લાગી ત્યારે સરકારે બજેટમાં શિક્ષણ પર ખર્ચ વધારી દીધો. જે વર્ષ ૨૦૧૭-૧૮માં ૧૦.૫ ટકા હતો. તે વર્ષ ૨૦૧૮-૧૯માં ૨૫ ટકા કરાયો. બિહારનું શિક્ષણ દરેક માપદંડ ઉપર નિષ્ફળ જોવા મળે છે. જેમ કે શિક્ષક-વિદ્યાર્થીનો રેશિયો, ગુણવત્તાનું શિક્ષણ, શાળામાં ભૌતિક સગવડો, માધ્યમિક કક્ષાએ શાળા છોડ્યાનું પ્રમાણ, શાળામાં અનિયમિત વર્ગો વગેરે. આમ, રાજ્યનું શિક્ષણ છેલ્લા શ્વાસે છે અને સરકાર ફક્ત નાણાંની વધુ ફાળવણી કરીને પોતાની નિષ્ફળતા છુપાવવા માંગે છે. માધ્યમિક શિક્ષા અભિયાનમાં મળતી ગ્રાંટ જે મહિલા હોસ્ટેલ અને શિક્ષકતાલીમ માટે હોય છે તે પણ રાજ્ય સરકાર વધારી શકતી નથી.

બીજા ચેતવણીના નિર્દેશો નીચે પ્રમાણે છે.

લગભગ ૩૧ ટકા શાળાઓમાં પુસ્તકાલય નથી અને જ્યાં છે ત્યાં ૩૬.૬ ટકા વિદ્યાર્થીઓ પુસ્તકાલયનો ઉપયોગ કરતા નથી. સરવાળે ૭૦ ટકા વિદ્યાર્થીઓ પુસ્તકાલયથી દૂર રહે છે. ASER અને DISE નો અહેવાલ દર્શાવે છે કે ૯૨ ટકા શાળાઓમાં કમ્પ્યૂટર ન હતા, ફક્ત ૩૮ ટકા શાળામાં રમતના મેદાન હતા. ફક્ત ૪૦ ટકા શાળામાં વીજળી છે. ફક્ત ૫૧.૩૮ ટકા શાળામાં વરંડો છે. જે બાળકોની સુરક્ષા રાખે છે.

બિહારમાં જેટલી જરૂરિયાત છે તેનાં કરતાં ૩૭.૩ ટકા શિક્ષકોની અછત છે. લગભગ ૨,૭૮,૬૦૨ શિક્ષકોની જગ્યા ભરાઈ નથી. આ આંકડો આઈ.ટી.ઈ. પ્રમાણે છે. ફક્ત ૫૫ ટકા શિક્ષકો માધ્યમિક કક્ષાએ અને ૪૦ ટકા શિક્ષકો ઉચ્ચતર માધ્યમિક કક્ષાએ તાલીમ પામેલા છે. ઉચ્ચતર માધ્યમિક શાળાઓ શિક્ષક વગરની છે જે બાળકોને ખાનગી ટ્યૂશનના ભરોસે મૂકે છે. રાજ્ય શિક્ષણના આંકડા પ્રમાણે પટનામાં જ ૨,૪૦૦ ખાનગી કોચિંગ સેન્ટર ચાલે છે.

બિહારમાં સરકારી શિક્ષણ ખાડે ગયું છે એનું કારણ ખાનગી ટ્યૂશન સેન્ટર છે. આના કારણે ૧૯૯૦ના અંતથી ખાનગી શાળાઓનું અસ્તિત્વ વધવા માડ્યું છે. પહેલા મધ્યમ વર્ગના અધિકારીઓના સંતાનો સરકારી શાળાએ જતા હતા. ભલે, શાળાની ગુણવત્તા સારી ન હતી. પરંતુ આજે સરકારી શાળામાં કોઈ સરકારી અધિકારીનું સંતાન જતું નથી.

સરકારે ટૂંકા, મધ્યમ અને લાંબા ગાળાની યોજના બનાવવી પડે. જેથી યુવાધનની ઉર્જાનો સદ્‌ઉપયોગ થઈ શકે. અધિકારીઓને તાલીમ આપવી જોઈએ. શિક્ષકોને નિયમિત તાલીમ આપવી જોઈએ. ખાનગી ટ્યૂશન જે સરકારી ખર્ચ અપાય છે બંધ થવા જોઈએ. ૧૦૦ ટકા કમ્પ્યૂટરીકરણ બાળકોને તેમના સાહસ પાર પાડવામાં મદદરૂપ થશે. ઈત્તરપ્રવૃત્તિ અભ્યાસની પ્રવૃત્તિનો ભાગ હોવો જોઈએ. રમત અને અન્ય કૌશલ્યનું માર્ગદર્શન આપવું જોઈએ. જેથી બાળકો જુદા જુદા ક્ષેત્રમાં પોતાની કારકિર્દી અને વ્યક્તિત્વનો વિકાસ કરી શકે.

સ્વૈચ્છાએ શિક્ષણ કાર્ય કરાવનારની સેવા લેવી જોઈએ. તેઓ દ્વારા વિશેષ વર્ગો અપાવા જોઈએ. નજીકની અમૂક શાળાઓમાં વિદ્યાર્થીઓને ભેગા કરીને વધારાની તાલીમ અઠવાડિયે બે કે ત્રણ કલાકની આપી શકાય. ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને શિક્ષણ રસિક લોકોને લાગણી વડે ખેંચી ને શાળા દત્તક આપી શકાય. આ કાર્યથી સરકારી કાર્યને વેગ મળશે અને કામ પારદર્શક અને ઉચિત રીતે થશે. કોઈ આર્થિક ગોટાળો થવાની શક્યતા ઘટી જશે. આવા કદમ જાદુ લાવી શકે. સરકારી પ્રયત્નો થકી અમૂક સ્થાને સારા પરિણામ મળ્યા છે જેવા કે, હવે છોકરીઓ (કન્યાઓ) શિક્ષણના દરેક ક્ષેત્રમાં કુમારોની બરાબર છે. આ સફળતા નીતિશકુમારની સાઇકલ સ્કિમના કારણે છે. જો આજે સરકાર સારા રસ્તા, વિદ્યુત ઉત્પાદન અને વહેંચણીના કામ સારી રીતે કરી શકે તો શિક્ષણમાં કેમ નહીં ?

શિક્ષણ થકી જ આપણે આવનાર પેઢીમાં પરિવર્તન લાવી શકીશું અને લોકો તથા રાજ્યમાં પ્રગતિ થઈ શકે. પરંતુ આજની હાલતમાં સુધારો નહિ થાય તો, રાજ્યને વસ્તી અસમાનતાથી કોઈ નહિ બચાવી શકે.

---

**સદ્‌સાહિત્યના સથવારે : શિશુવિહાર**

૭ પુસ્તકોનો સંપુટ સામાજિક સંસ્થાના સૌ કર્મશીલો માટે અધ્યયનગ્રંથ સમાન છે. આ તખ્તસિંહજી પરમાર પ્રેરિત, લબ્ધ પ્રતિષ્ઠિત અને નવોદિત મંચ આપતા બુધસભાના ઉપક્રમે પ્રસ્તુત થયેલી રચનાઓમાંથી પસંદગી પામેલી કવિતાઓનો સંગ્રહ 'નીરક્ષર' અને કવયિત્રીની કૃતિઓ માટે 'જાહ્નવી' દર વર્ષે પ્રકાશિત થયા કરે છે. સંસ્થાના પચ્ચીસ, પચાસ, સાઠ અને પંચોતેર વર્ષનો કાર્યકાળ સંપન્ન થતાં આ સમય દરમિયાનના લેખા જોખાંના પારદર્શક અહેવાલો પ્રસિદ્ધ થયા છે. શહેરની નગરપાલિકા સંચાલિત પ્રાથમિક ૫૬ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ માટે શિશુવિહાર ૨૦૦૯થી બાળપુસ્તકાલયો ચલાવે છે. દર વર્ષે બાળકો માટે ચિત્ર સ્પર્ધા યોજાય છે. આ કાર્યક્રમમાં ચયન કરેલા ચિત્રોને આવરી લેતું દર વર્ષે પ્રકાશિત નયનરમ્ય કેલેન્ડર શિક્ષણ, શ્રમિક પરિવારના બાળકોને ગૌરવ આપનાર બને છે. તેમજ વર્ગખંડની શોભા બની રહે છે.


**(૭) શિશુવિહાર પત્રિકા :**

શિશુવિહારના પ્રારંભ પછી ટૂંક સમયમાં જ સંસ્થાની નિયમિત અને પ્રાસંગિક પ્રવૃત્તિઓનો પરિચય આપવા માટે, મે ૧૯૪૪ થી એક પત્રિકાનો પ્રારંભ થયો. નવેમ્બર'૧૮ સુધી ૮૮૨ પત્રિકાઓ ચાર હજાર ગ્રાહકોના ઉંબરા સુધી પહોંચી શકી છે. ડૉ. નાનકભાઈ ભટ્ટે સુકાન સંભાળ્યા પછી આ માસિક પત્રિકાએ નવલાંરૂપ ધારણ કર્યા છે. દરેક પ્રવૃત્તિના રંગીન ફોટોગ્રાફ્સ ઉપરાંત 'શુભેચ્છકો લખે છે' તેમજ 'સ્વરાજ્યની શાળા શિશુવિહાર' નામે પૂર્વેની પત્રિકામાં પ્રસિદ્ધ પ્રેરક સમાચારની કૉલમ વાંચકો માટે ઉત્તેજક-રસિક નીવડતી જાય છે.

# વિદ્યાર્થી આલમ

## પ્રખ્યાત કાર્ટૂનિસ્ટ વૉલ્ટ ડિઝની

જાદવ મિતાલી વિનોદભાઈ (૧૧-ગ)



સંઘર્ષ, નિષ્ફળતા અને સફળતા આ દરેક શબ્દ મનુષ્ય જીવનનું સત્ય છે પરંતુ નિષ્ફળતા મળતા હારી ન જતા અને પોતાના પ્રયત્નો ચાલુ રાખતા મનુષ્યને જ સફળતાની સીડીઓ ચડવા મળે છે.

અહીંયા એવા જ એક નિષ્ફળ વૉલ્ટ જેણે પોતાના પ્રયત્નોને ચાલુ રાખી સફળતા મેળવી અને જગવિખ્યાત બન્યા.

વૉલ્ટ ડિઝની નામ તો બધા એ સાંભળ્યું જ હશે, પણ તેમના જીવનની થોડી હકીકતો હું અહીં જણાવું છું :

વૉલ્ટ એ સંઘર્ષ અને સફળતાની યાત્રાની માર્ગદર્શિકા છે. આખો દિવસ વિચારોમાં ડૂબ્યા રહેતા પાતળા બાંધાના ઊંચા દેશી છોકરાની અદ્વિતીય સિદ્ધિઓની આ કથા છે. અત્યંત કલ્પનાશીલ, ઉદ્યમી એવા વૉલ્ટને સમજવો જટિલ છે. તેની સાથે કામ કરતા લેખકો, પ્રોડ્યુસર્સ કે એનિમેટર્સ આ વિચક્ષણ બુદ્ધિના સ્વામીને ક્યારેય સમજી શક્યા નહોતા. બૅન્કવાળા એમને લૉન આપતા ડરતા. નાનપણથી જ ચિત્રકામનો શોખ એમને સુંદર કાર્ટૂન દોરવા તરફ લઈ ગયો. એમની પાસે કોઈક વાર્તા કે વિચારમાં કલ્પનાશક્તિથી કશુંક વિશેષ ઉમેરવાની અસાધારણ ક્ષમતા હતી. જે લાખો લોકો તેના ટીવી શો નિહાળતા એ તમામ માટે તેમના ઘરોમાં મનોરંજન અને ખુશી લાવતા.

સૌ પ્રથમ તેઓએ પ્રાણીઓના સ્કેચ બનાવ્યા અને પડોશીના ઘોડાના રેખાચિત્રમાંથી મળેલા એ પાંચ સેન્ટ એમની પ્રથમ કમાઈ હતી.

શિકાગોમાં કાર્ટૂનિંગ શીખ્યા બાદ કેન્સાસ શહેરમાં એનિમેટેડ કાર્ટૂન કંપની સ્થાપી અને એ નિષ્ફળ ગઈ. એ પછી વૉલ્ટે માત્ર ૨૧ વર્ષની વયે હોલિવૂડમાં તેમનું નસીબ અજમાવવાનું નક્કી કર્યું. ત્યારબાદ કાકા પાસેથી ૫૦૦ ડૉલર ઉછીના લઈ 'ઍલિસ ઈન કાર્ટૂનલૅન્ડ' નામની કાર્ટૂન સીરિઝ બનાવી. આ ઍલિસ કાર્ટૂન્સે બહુ કાંઈ ધાડ ન મારી અને એ વખતે આગળ વધવું ઘણું જ કઠિન હતું. પછી 'ઑસ્વાલ્ડ ધ રેબિટ' બનાવી. જેણે ઠીક ઠીક ધંધો કર્યો પણ પછી ન્યૂ યોર્કના એક ડિસ્ટ્રિબ્યૂટરે સોદામાં એ પચાવી પાડી. એ વખતે પણ વૉલ્ટ જરા પણ હિંમત ના હાર્યા. અને ત્યારબાદ એને જે પારસમણિ હાથ લાગ્યો એ 'મિકી માઉસ' જેણે આકાશની ઊંચાઈઓ આંબી. એમણે એ વખતે ઉત્સાહભેર કહ્યું હતું કે "આપણે એક નવી સીરિઝ ચાલુ કરવાના છીએ." "એ એક ઉંદર વિશે છે, અને આ વખતે આ ઉંદરને આપણો કરી લઈશું."

તે પછી જે બન્યું એ ઇતિહાસ છે. વૉલ્ટના ઉંદર એટલે આપણો મનપસંદ 'મિકી માઉસ'. તેને ૧૯૬૮માં તેનો ૪૦ મો જન્મદિવસ મનાવ્યો અને એ ૪૦ મો જન્મ દિવસ અત્યંત આનંદપ્રદ હતો. ૧૯૬૮માં ડિઝની મૂવી ૨૫ કરોડ લોકોએ જોઈ, ૧૦ કરોડ લોકોએ ડિઝની ટીવી શો જોયો, લગભગ ૨૫ કરોડ લોકોએ ડિઝનીનું પુસ્તક કે સામયિક વાંચ્યું અને લગભગ ૧ કરોડ લોકોએ ડિઝની લૅન્ડની મુલાકાત લીધી અને વૉલ્ટ કહેતા હતા તેમ આ બધી શરૂઆત મિકીએ કરી.

વૉલ્ટ પથારીમાં સૂતા અને રાતે પસાર થતી ટ્રેનની ડરાવી દેતી સીટી સાંભળતા. વૉલ્ટનો ટ્રેઈન્સ પ્રત્યેનો પ્રેમ

ક્યારેય ઓછો થયો નહિ. વર્ષો બાદ, ડિઝનીલૅન્ડમાં એક જૂના જમાનાની ટ્રેન એનાં શરૂઆતના આકર્ષણોમાંથી એક બની.

વૉલ્ટની બેજોડ કલ્પનાશક્તિ અને ક્ષમતાથી સપનાંને વાસ્તવિકતામાં તબદીલ કરી દેનાર 'મિકી' એ એકમાત્ર તેમની પ્રથમ સફળ કૃતિ હતી. તેમણે મનોરંજનને જીવનમંત્ર બનાવ્યો હતો.

ડિઝનીલૅન્ડની વાત એ વૉલ્ટની દષ્ટિ અને દઢ મનોબળનો પુરાવો છે. 'ડિઝનીલેન્ડ કેવું લાગવું જોઈએ ?' એવા પ્રશ્નના ઉત્તરમાં વૉલ્ટ ખુમારીથી કહેતા, "સમગ્ર પૃથ્વી પર એના સમાન અન્ય કશું જ ન હોય તેવું દેખાવું જોઈએ." જુલાઈ ૧૯૫૫માં ડિઝનીલૅન્ડ શરૂ થઈને જ રહ્યું. ડિઝનીલૅન્ડ ખુલ્લું મુકાતા લોકોના ટોળેટોળા જોવા ઉમટ્યાં. અદ્વિતીય સફળતા અને સંપત્તિ પણ વૉલ્ટને ચગાવી શકી નહીં. એ એજ સાદા સરળ માનવ રહ્યા. તે જે સંપત્તિ કમાયા તે વળી પાછી તેમના સ્ટુડિયોમાં જ નાખી.

એમના અન્ય ગૌરવપૂર્ણ યોગદાન - 'મિનિરલ કાઈન્ડ', 'કેલિફોર્નિયા ઈન્સ્ટિટ્યૂટ ઑફ આર્ટ', '૧૦૦ મિલિયન ડૉલરનું ડિઝનીલૅન્ડ' અને ફ્લોરિડાનું 'સિટી ઑફ ટુમોરો' ગણી શકાય. તે જીવલેણ રોગમાં સપડાયા તે સમયે પણ તેમના શબ્દો હતા : "ભલે મને આ રોગ થયો, પણ અન્ય કોઈને આ રોગ ન થજો." આવા રોગમાં હૉસ્પિટલમાં હોવા છતાં તેમનું મગજ તો ભવિષ્યના આયોજનમાં જ ખોવાયેલું હતું. તે કહેતા કે "ડિઝનીલૅન્ડ ક્યારેય પૂરું થયું નથી અને એનો ક્યારેય અંત આવશે નહિ." તે દઢપણે માનતા હતા કે દરેક માણસમાં એક બાળક છુપાયેલું છે જે અમર છે તેને રમકડાં રમવાં, મુક્તપણે હસવું અને બાથરૂમમાં કે સપનામાં ગીત ગાવાં ગમે છે.

પોતાના સપનાંઓને હકીકતમાં બદલનાર અને કાર્ટૂન જગતના આપણા સૌને સપનાં બતાવનાર વૉલ્ટને શત શત નમન!

**આજીવન તંદુરસ્તી માટે જીવનમાં કસરતને મહત્ત્વ આપો**

છે તેના લીધે મનને શાંતિ નહી મળે. આ કારણે વ્યક્તિને તંદુરસ્તી જળવાતી નથી. માટે તનાવ દૂર કરવા માટે ભૂતકાળ સારો હોય કે ખરાબ તદ્દન ભૂલી જવા પ્રયત્ન કરો, ભવિષ્યકાળમાં શું થવાનું છે તેની કોઈને ખબર નથી માટે તેની ચિંતા કદી ના કરો. આપણી પાસે જે કંઈ છે તે શ્રેષ્ઠ છે તેમ માનો. જીવનમાં સારા કે ખરાબ બનાવ બને તેને ખેલદિલીપૂર્વક સ્વીકારી લો. તમારા મનની અપાર શાંતિ માટે તમારા ઈષ્ટદેવની પ્રાર્થના-ધ્યાન કરો. આજીવન તંદુરસ્તી માટે તમારી દિનચર્યાને નિયમિત બનાવો.

**કસરતના લાભ**

(૧) તમારા શરીરની ચરબી ઓછી થાય - શરીર સુડોળ બને છે. (૨) વારસાગત રોગો સામે રક્ષણ મળે છે, હાડકાં મજબૂત બને છે. (૩) સ્નાયુ સુદઢ-મજબૂત થાય, કાર્યક્ષમતામાં વધારો થાય, ચહેરાની સુંદરતા વધે - સાંધાનો વા દૂર થાય, પ્રોસ્ટેટ ગ્રંથિના પ્રશ્નો નહિ થાય, સ્ત્રીધર્મની મેનોપોઝ અને માસિક ધર્મ વખતની ફરિયાદો દૂર થાય, હિમોગ્લોબિન પ્રમાણ વધે, પાચનશક્તિમાં વધારો થાય, દારૂ-સિગારેટ-તમાકુનું વ્યસન નહીં થાય, જાતીયશક્તિમાં વધારો થાય, આંખોમાં તેજ અને કાનોમાં સાંભળવાની શક્તિમાં વધારો થાય, યાદશક્તિ વધે કોઈપણ જાતની તકલીફ વગર આનંદથી ખોરાક લઈ ખાઈ શકો.

બદલાતાં જમાનામાં-સમાજમાં દરેક બાબતની પ્રાયોરિટી અગત્યતા બદલાતી જાય છે. જૂજ અપવાદ બાદ કરતાં કુટુંબ ભાવના, પ્રેમ, લાગણી, માયા, દયા, અનુકંપા, પ્રેમ જગતમાંથી અદશ્ય થઈ ગયા છે. તમારી અને તમારા નાનાં કે મોટાં કુટુંબની દરેક પ્રકારની જરૂરિયાતો પૂરી કરવાની તમારી ફરજ છે કુટુંબની જવાબદારી પૂરી કરવામાં પાછા ના પડો માટે સૌથી મહત્ત્વની જરૂરિયાત તમારી આજીવન તંદુરસ્તી છે.

**સંદર્ભ આરોગ્યનું સમાજશાસ્ત્ર, ઑર્થોપેડિક ડૉક્ટર - ફિઝિયોથેરાપી સાથે ચર્ચા, આરોગ્યલક્ષી પુસ્તકો, વર્તમાન પત્રો-અંકો**

# પ્રતિભાવ

## મનસુખ સલ્લા

કેળવણીકાર, ચારિત્ર નિબંધ લેખક, વાર્તાકાર, વિવેચક
પૂર્વ આચાર્ય, લોકભારતી - સણોસરા.

સાદર જણાવવાનું કે પૂ. શ્રી જશીબહેન નાયકના ૧૦૧મા વર્ષમાં પ્રવેશના અવસરે શિક્ષણ સંકુલને પૂ.શ્રી જશીબહેન નાયકનું નામકરણનું વિચારાયું તે બધી રીતે યોગ્ય છે.

રઘુભાઈ નાયક અને જશીબહેન માત્ર પ્રથમ આચાર્ય જ નહિ સરસ્વતી વિદ્યામંડળના પાયાના પથ્થર પણ છે. એ વખતે તો આચાર્ય, શિક્ષક, પટાવાળા, રસોયા, સફાઈ કામદાર બધું જ એક જ માણસમાં હોય તેવું અનેક વખતે બન્યું હશે અને એમાંથી જ સંસ્થાનું સાચું ચણતર થયું હશે. તેમણે બંનેએ શિક્ષણ અને આ પ્રવૃત્તિઓને અખંડપણે જોઈ હતી કારણ કે તેઓ શિક્ષણને ડિગ્રી સુધી મર્યાદિત ગણતા ન હતાં.

વળી પૂ. જશીબહેન આવી જૈફ ઉંમરે પણ જે સક્રિયતા સ્મૃતિ અને સંસ્થા માટેની નિસ્બત ધરાવે છે તે અનેક રીતે અદ્વિતીય છે.

આ પ્રસંગે હું તેમને મારા પ્રણામ પાઠવું છું. રાજયપાલ શ્રીમતી આનંદીબહેન પટેલ અને ડૉ. સુધીર જૈનની ઉપસ્થિતિથી કાર્યક્રમને ગૌરવ મળશે તેમ માનું છું.

કાર્યક્રમની સર્વ પ્રકારે સફળતા ઈચ્છું છું.

પૂર્વનિયત કાર્યક્રમમાં રોકાયેલો હોવાથી પ્રત્યક્ષ રીતે ભાગીદાર થઈ શકું તેમ નથી.

## હરિત પંડ્યા

૨૧, મેઘાનગર સોસાયટી, પવનચક્કી રોડ, નડિયાદ-૩૮૭૦૦૨.

શ્રીમતી જશીબેન નાયક શિક્ષણ સંકુલ નાકરણ સમારોહમાં ઉપસ્થિત થવાનું આમંત્રણ મળ્યું. આમંત્રણ પાઠવવા બદલ આભાર !

મુ.શ્રી જશીબેન ૧૦૧ વર્ષમાં પ્રવેશ કર્યો એ પ્રસંગે એમને મારાં હાર્દિક અભિનંદન તથા તેઓ હજુ થોડાં વધુ વર્ષો સુધી સરસ્વતી વિદ્યામંડળને તથા સમગ્ર શિક્ષણ ક્ષેત્રને એમનું અમૂલ્ય માર્ગદર્શન આપતાં રહે અને એ કાજે પ્રભુ એમને નિરામય સ્વાસ્થ્ય બક્ષતા રહે એવી મારી મનોકામના.

અસારવા વિદ્યાલયનાં પ્રથમ આચાર્ય તરીકે એમણે મન મૂકીને અને માથું મૂકીને સંસ્થાને એમની બહુમૂલ્ય સેવાઓ આપી છે. એની કદર રૂપે મંડળે અસારવા શિક્ષણ સંકુલને શ્રી જશીબેનના નામ સાથે જોડવાનો નિર્ણય લીધો છે એ સર્વ રીતે સરાહનીય છે. આવા નિર્ણય બદલ મંડળ ને અભિનંદન.

શૂન્યમાંથી સર્જાઈને, વટવૃક્ષની જેમ વિકસીને શિક્ષણક્ષેત્રે પોતાની આગવી છાપ ઊભી કરનાર સરસ્વતી વિદ્યાલયનો આજે હીરક મહોત્સવ ઉજવાઈ રહ્યો છે ત્યારે સંસ્થાના જૂના વિદ્યાર્થી તથા શિક્ષક તરીકે હું અનેરા આનંદ તથા ગર્વની લાગણી અનુભવી રહ્યો છું. આવતાં અનેક વર્ષો સુધી સરસ્વતી વિદ્યાલય શિક્ષણ જગતને એનું વિશિષ્ટ યોગદાન કરતી રહેશે એવી મને શ્રદ્ધા છે.

વય મર્યાદાને કારણે સમારંભમાં ઉપસ્થિત નહીં રહી શક્યાનો રંજ મનેય ઓછો નથી સમારંભને સફળતા ઈચ્છું છું.

એ જ નવા વર્ષની શુભકામના સાથે જય સરસ્વતી.

## નૌશાદ ઉકાણી

દોઢિયા, પો. જીવાપર, તા.જિ. જામનગર.

જાન્યુઆરી ૨૦૧૯ના અંકમાં ‘એક નવોદિત શિક્ષિકાની તપસ્યા અને સહિષ્ણુતા’ લેખ ખૂબ ગમ્યો લેખિકાને ખૂબ ખૂબ અભિનંદન અને લેખ પ્રગટ કરવા બદલ સંપાદક મંડળને પણ અભિનંદન.

સાચે જ આજના શિક્ષણજગતને લેખમાંહેની ‘એરિન’ જેવી શિક્ષિકા અને શિક્ષકની જરૂર છે.

દરેક શિક્ષકે પ્રસ્તુત લેખ અને ‘હિચકી’ ફિલ્મ અવશ્ય વાંચવો-જોવી જોઈએ.

‘ઘરશાળા’માં પ્રગટ થતાં લેખ પ્રેરણાદાયી હોય છે. હરેશ ધોળકિયા, ઈશ્વર પરમાર અને મોતીદાદા (પટેલ)ના લેખો વાંચવા ગમે છે.

મોબાઇલ અને બાઈકના જમાનામાં સામયિક ચલાવવું બહું કઠિન છે, છતાં આપ જેવા તંત્રીશ્રીઓ - સંપાદકશ્રીઓ ઝઝૂમે છે તે બદલ ધન્યવાદ અને આપ સૌને શુભેચ્છાઓ...

# શિક્ષણ સમાચાર

**અશોક સોમપુરા**

૭, એપેક્ષનગર સોસાયટી, પ્રકાશ પેટ્રોલ પંપ-લક્ષ્મીનારાયણ
સોસાયટી પાછળ, બાપુનગર, અમદાવાદ-૩૮૦૦૨૪.
મો. : ૯૪૨૬૫૨૫૨૪૨

**નોંધ : "ઘરશાળા" માસિકમાં શિક્ષણ સમાચાર નિયમિત પ્રગટ થાય તેવા પ્રયત્નો કરવામાં આવે છે. આ સમાચાર સામયિકો અને વર્તમાનપત્રોને આધારે તૈયાર થાય છે એટલે એ દૃષ્ટિએ જોવા વાચકોને અમારી વિનંતી છે. તંત્રીઓ.**

● **નબળા વિદ્યાર્થીએ સાપ્તાહિક પરીક્ષા ફરીથી આપવી પડશે :** સરકાર દ્વારા દરેક શાળાઓમાં ધો. ૩ થી ૮માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે સાપ્તાહિક પરીક્ષા લેવાનું ફરજિયાત કરાયું છે. આ યુનિક ટેસ્ટના જવાબ વિદ્યાર્થીઓએ સપ્લિમેન્ટ્રીમાં નહીં, પરંતુ સર્વ શિક્ષા અભિયાન દ્વારા તૈયાર કરાયેલી ખાસ નોટબુકમાં લખવાના રહેશે. સાથે જ ટેસ્ટમાં નબળો દેખાવ કરનારા વિદ્યાર્થીએ ફરી ટેસ્ટ આપવી પડશે.

સરકાર દ્વારા શિક્ષક અને વિદ્યાર્થીઓનું મૂલ્યાંકન થાય તે માટે દર અઠવાડિયે યુનિક ટેસ્ટ લેવાનું આયોજન કરાયું છે. જેમાં વિદ્યાર્થીઓને આગળના અઠવાડિયા સુધીના કોર્સમાંથી પ્રશ્નો પૂછાશે. સાથે જ જે વિદ્યાર્થીઓનો પરીક્ષામાં નબળો દેખાવ હશે તેને શિક્ષક ફરી એ મુદ્દાઓ સમજાવશે. ત્યારબાદ ફરી તે જ બાબતની કસોટી લેવાશે જેથી વિદ્યાર્થીઓ ચાલેલા કોર્સ વિશે સ્પષ્ટ થાય.

● **ધો. ૫ થી ૮ માં વિદ્યાર્થીઓએ માત્ર ચાર વિષયના પુસ્તકો જ લઈ જવાનાં રહેશે :** બાળકોના દફતરમાં વજન ઓછું રહે તે માટે ધોરણ ૫ થી ૮ માં આઠ તાસમાં માત્ર ચાર વિષય ભણાવવાની સૂચના શિક્ષણ વિભાગે દરેક શાળાને આપી છે. જેથી વિદ્યાર્થીઓએ દરરોજ ચાર વિષયના જ પુસ્તકો શાળાએ લઈ જવાના રહેશે.

દરેક શાળામાં એક દિવસમાં આઠ પિરિયડ ચલાવવામાં આવે છે જેથી વિદ્યાર્થીઓએ સાત પુસ્તકો લઈને શાળાએ જવું પડે છે. જેમાં છેલ્લો તાસ ઈત્તર પ્રવૃત્તિનો હોય છે. જેથી સાત તાસના સાત પુસ્તકો અને સાત નોટો લઈને શાળાએ જવું પડે છે. જેનું વજન વધી જાય છે. પરંતુ હવે દરેક વિદ્યાર્થીઓએ એક દિવસમાં આઠ તાસનો અભ્યાસ કરવાનો રહેશે પરંતુ પોતાની સાથે ચાર જ વિષયના પુસ્તકો લાવવાના રહેશે. દરેક વિષય માટે બે તાસની ફાળવણી કરવામાં આવશે.

બાળકોના દફતરના વધારે વજનને કારણે કરોડરજ્જુમાં નુકસાન થાય છે. જેને લઈને રાજ્ય સરકારે બાળકોએ કેટલા વજનની બૅગ લાવવી તેને લઈને પરિપત્ર દ્વારા શાળાઓને આદેશ કર્યો હતો કે બાળકના વજનનાં ૧૦ ટકા કરતાં બૅગનું વજન વધારે ન હોવું જોઈએ. આ માટે શાળાઓએ ધ્યાન રાખવું.

● **રાજ્યમાં બાયૉટેક્નોલૉજી ક્ષેત્રે રિસર્ચ માટે શેડ લેબ તૈયાર કરાશે :** રાજ્ય સરકાર દ્વારા બાયૉટેક્નોલૉજી ક્ષેત્રે સંશોધન હાથ ધરવા શેડ લેબ સુવિધા ઊભી કરવામાં આવશે. બાયૉટેક્નોલૉજી સંશોધન કરવા માંગતા પીએચ.ડી વિદ્યાર્થીઓ, શિક્ષણવિદ્દો, સંશોધકો અને પ્રોફેસરો સ્ટાર્ટઅપ શેડ લેબનો લાભ લઈ શકશે. રાજ્ય સરકાર દ્વારા સ્થાપવામાં આવેલા બાયૉટેક્નોલૉજીના રિસર્ચ સેન્ટરમાં બાયૉટેક્નોલૉજી સંશોધન હાથ ધરવા માટે જીનોમિક્સ, મોલેક્યુલર બાયૉલૉજી, બાયૉ-પ્રોસ્પેક્ટિંગ અને બાયૉ ઈન્ફોરમેટિક જેવી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા માટે સ્ટેટ ઑફ આર્ટ શેડ લેબ ફેસિલિટી ઊભી કરાશે.

● **યુનિવર્સિટી કૉલેજોના અધ્યાપકોને સાતમા પગારપંચનો લાભ :** ઘણા સમયની રજૂઆતો બાદ સરકારે રાજ્યની યુનિ.ઓ અને કૉલેજોના અધ્યાપકોને સાતમા પગારપંચનો લાભ આપવા સરકારે મંજૂરી આપી છે. તા. ૧-૧-૨૦૧૬ થી પગારપંચનો અમલ ગણાશે અને ૧-૧-૨૦૧૯થી જ અધ્યાપકોને સાતમા પગાર પંચ પ્રમાણે પગાર ગણતરી

શરૂ થશે. જ્યારે એરિયર્સ કેન્દ્ર સરકાર દ્વારા ગ્રાન્ટ મળ્યા બાદ અપાશે.

**● BCA - બીસીએ સેમેસ્ટર-૬ નું ૨૪.૨૯ટકા પરિણામ જાહેર થયું :** ગુજરાત યુનિવર્સિટીની બીસીએ સેમેસ્ટર-૬ (રિપીટર) તેમજ એલએલબી સેમેસ્ટર-૧ રેગ્યુલર પરીક્ષાનું પરિણામ અનુક્રમે ૨૪.૨૯ટકા અને ૮૨.૪૧ ટકા જાહેર થયું છે. જે મુજબ ઑક્ટોબરમાં લેવાયેલી બીસીએ (રિપીટર) સેમેસ્ટર-૬ની પરીક્ષામાં કુલ ૭૦ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. જેમાંથી એક વિદ્યાર્થીએ ફર્સ્ટ ક્લાસ, પાંચ વિદ્યાર્થીઓએ સેકન્ડ ક્લાસ અને ૧૧ વિદ્યાર્થીઓએ પાસ ક્લાસ મેળવ્યો છે. બીજી તરફ એલએલબી સેમેસ્ટર-૧ રેગ્યુલર પરીક્ષા નવેમ્બર-૨૦૧૮માં લેવાઈ હતી. કુલ ૨૮૩૩ વિદ્યાર્થીઓએ આ પરીક્ષા આપી હતી. જે પૈકીના ૨૦૪૩ વિદ્યાર્થીઓ પાસ થયા છે. જ્યારે ૧૮૧૭ વિદ્યાર્થીઓએ સેકન્ડ ક્લાસ મેળવ્યો છે.

**● દેશની શાળાઓમાં ૧૦ લાખ ટીચર્સની ઘટ :** અત્યારે દેશની શાળાઓમાં ૧૦ લાખ શિક્ષકોની ઘટ છે. અંતરિયાળ વિસ્તારની ધો. ૧ થી ૫ ની કેટલીક શાળાઓ તો એવી છે જ્યાં આખી શાળામાં માત્ર એક જ શિક્ષક હોય. વર્ષ ૨૦૧૬-૧૭માં આવી એક લાખ સ્કૂલ હતી. શક્ય છે કે આ પહેલના સમયમાં આનાથી પણ વધારે ખરાબ સ્થિતિ રહી હોય. આ શબ્દો છે કમિટી ફૉર એજ્યુકેશન પોલીસીના ચૅરમૅન અને ઈસરોના પૂર્વહેડ પદ્મવિભૂષણ ડૉ. કે. કસ્તુરી રંગનના.

ડૉ. વિક્રમ સારાભાઈ કૉમ્યુનિટી સેન્ટર દ્વારા સીઈઈ ખાતે યોજાયેલી ત્રણ દિવસીય નૅશનલ ટીચર્સ સાયન્સ કૉંગ્રેસના પહેલા દિવસે તેમણે આ વાત કરી હતી.

ડૉ. કે. કસ્તુરીરંગને વધુમાં કહ્યું કે, "પ્રાઈમરી અને સેકન્ડરી શાળાઓને જોડવાનો પ્રસ્તાવ ૧૯૬૪માં એજ્યુકેશન કમિશનમાં મૂકવામાં આવ્યો હતો. આગામી સમયમાં આવું તાય તે શિક્ષણના હિતમાં ખૂબ જરૂરી છે.

**● શાળાના કર્મચારી સંચાલક મંડળમાં હશે તો શાળાની માન્યતા રદ થશે :** ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા જાહેર કરવામાં આવ્યું છે કે શાળાનો કોઈપણ કર્મચારી શાળાના સંચાલક મંડળમાં ન રહી શકે. જો શાળાનો કોઈપણ કર્મચારી શાળાના ટ્રસ્ટી મંડળમાં હશે તો તે શાળાની નોંધણી રદ થશે. આ પ્રકારની સૂચના બોર્ડ દ્વારા આપવામાં આવી છે.

શાળાના ટ્રસ્ટીમંડળ સાથે જોડાયેલ કોઈપણ વ્યક્તિ શાળામાંથી વેતન કે અન્ય લાભ મેળવી શકશે નહિ.

**● પરીક્ષા દરમિયાન ટ્રસ્ટી શાળામાં ન રહી શકે :**

બોર્ડ દ્વારા જાહેર કરાયેલી સૂચના મુજબ ધો.૧૦ અને ધો.૧૨ ની બોર્ડની પરીક્ષામાં કોઈ પણ ટ્રસ્ટી શાળામાં હાજર રહી શકશે નહીં. જો કોઈ શાળામાં ટ્રસ્ટી જ શાળાનો કર્મચારી હોય તો તેને શાળામાં પરીક્ષાની કોઈ કામગીરી આપવામાં આવશે નહીં.

**ટૂંકાવીને.....**

● શિક્ષણના ૬૬૬ કરોડના ૫૫૩૮ કામોનું મુખ્યમંત્રી દ્વારા લોકાર્પણ.

● ૧૫ થી ૨૫ ફેબ્રુઆરી દરમિયાન બોર્ડની પ્રાયોગિક પરીક્ષા

● ૨૧ વર્ષ બાદ એમ.બી.બી.એસ. સિલેબસ તૈયાર કરાયો.

● જીટીયુ ના બી.ઈ., એમ.ઈ., એમબીએ, એમસીએ સહિતના કોર્સમાં ફેરફાર. વિદ્યાર્થીઓમાં પ્રોબ્લેમ સોલ્વિંગ અભિગમનો વિકાસ થાય તેવી પ્રેક્ટિકલ બાબતનો ઉમેરો. ૪૦ ટકા કોર્સ પ્રેક્ટિકલ બાબતો ઉપર આધારિત.

● એન્જિનિયરિંગ સ્ટુડન્ટસે ૭૦૦ કલાક ઈન્ટર્નશિપ કરવી પડશે. સ્ટુડન્ટસને રજાઓમાં ફુલ ટાઈમ અને ઍકેડેમિક સત્રમાં પાર્ટટાઈમ ઈન્ટરર્નશિપ મળશે પરવાનગી.

● બિનઅનામત વિદ્યાર્થીઓ માટે આવક મર્યાદા રૂપિયા ત્રણ લાખથી વધારીને રૂ. ૪.૫૦ લાખ કરવામાં આવી.

# શ્રીમતી જશીબેન નાયક શિક્ષણ સંકુલ નામકરણ સમારોહ



Registered under RNI No. GUJ GUJ/1976/33936. Permitted to post at Ahmedabad PSO on the 2nd of every month under Postal Registration No. GAMC - 1550 / 2019-2021 Valid upto 31st December 2021
ઘરશાળા • ફેબ્રુઆરી - ૨૦૧૯ PUBLICATION : 2ND DATE OF MONTH છૂટક કિંમત : રૂ. ૨૦/- • વાર્ષિક લવાજમ: રૂ. ૧૫૦/-



**“આધુનિક ભૌતિકવિજ્ઞાને બતાવ્યું છે કે સર્જન તથા વિનાશનો લય માત્ર ઋતુ-ચક્ર અને જીવસૃષ્ટીના જન્મ-મરણ ચક્ર સાથે જ નથી સંકળાયેલું, એ તો પોતે અચેતન દ્રવ્યનું સારતત્ત્વ છે. તેથી જ તો આધુનિક ભૌતિકશાસ્ત્રી માટે શિવતાંડવ એ ઉપ-પરમાણુ દ્રવ્ય *(subatomic matter)*નું નૃત્ય છે.”**

સ્વિટ્ઝર્લેન્ડ સ્થિત “લાર્જ હેડ્રોન કોલાઈડર” ની બહાર સ્થાપિત નટરાજની મૂર્તિ પર લાગેલી તક્તી પર ફ્રીજોફ કારપાના પુસ્તક “તાઓ ઑફ ફિઝિક્સ”માંથી અવતરણ.

માલિક : સરસ્વતી વિદ્યામંડળ, સરસપુર, અમદાવાદ-૩૮૦૦૧૮. ફોન : ૨૨૯૨૦૫૩૭
મુદ્રક, પ્રકાશક અને તંત્રી : જ્યોતીન્દ્રભાઈ દવે એ શ્રી ભગવતી પ્રિન્ટર્સ,
૭૯૭, કડિયાવાડ, સરસપુર, અમદાવાદ-૩૮૦૦૧૮. ફોન : ૯૮૨૫૭૫૨૪૩૭માં પ્રકાશિત કર્યું.